# ઘરની લક્ષ્મી

લેખક : 'સુશીલ'



: પ્રકાશક :

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર.

અ૦ સૌ૦ બ્હેન મોંઘી ગિરધર લગ્નસ્મારક લેખમાળા, મણકો ૧૦ મો

# ઘરની લક્ષ્મી

લેખક:

શ્રીયુત ભીમજીભાઇ હરજીવન (સુશીલ)

છપાવી પ્રસિદ્ધ કરનાર:

શ્રી જૈનધર્મ પ્રસારક સભા.

ભાવનગર.

વીર સંવત ૨૪૬૧ ] : : [ વિક્રમ સંવત ૧૯૯૧

આનંદ પ્રિન્ટીંગ પ્રેસ—ભાવનગર.

# અનુક્રમણિકા.


| | | |
|---|---|---|
| ૧ | સ્ત્રી કેળવણીનો ઉદ્દેશ.... | ૧ |
| ૨ | સૌંદર્ય. | ૭ |
| ૩ | લજ્જા. | ૧૨ |
| ૪ | વિનય. | ૧૫ |
| ૫ | ગંભીરતા. | ૧૯ |
| ૬ | સરલતા. | ૨૨ |
| ૭ | આત્મસંતોષ.... | ૨૬ |
| ૮ | પરિશ્રમ. | ૩૦ |
| ૯ | સ્નેહ. | ૩૪ |
| ૧૦ | ધર્મકરણી. | ૩૭ |
| ૧૧ | સતીત્વ. | ૪૧ |
| ૧૨ | સ્ત્રી જીવનના કેટલાક દોષો. | ૪૬ |
| ૧૩ | આળસ. | ૪૭ |
| ૧૪ | વિલાસિતા. | ૫૦ |
| ૧૫ | સ્વેચ્છાચાર. | ૫૪ |
| ૧૬ | અવ્યવસ્થા. | ૫૭ |
| ૧૭ | વાંધા-વચકા.... | ૬૧ |
| ૧૮ | કુથલી-નિંદા.... | ૬૫ |
| ૧૯ | ખોટા ખરચ.... | ૬૮ |
| ૨૦ | સાસુ-સસરાની સેવા. | ૭૨ |
| ૨૧ | પતિભક્તિ. | ૭૭ |
| ૨૨ | શાસ્ત્રીય કથાનક-ચાર પ્રકારની પુત્રવધૂઓ. | ૮૦ |
| ૨૩ | ઐતિહાસિક કથા-જોધપુરની રાણી. | ૮૭ |
| ૨૪ | કોટાની રાજકુમારી. | ૮૯ |
| ૨૫ | વિલાસનું પરિણામ. | ૯૨ |
| ૨૬ | જગતશેઠના ઘરની લક્ષ્મી. | ૯૬ |
| ૨૭ | કૃપણતા નહી, પણ ઉદારતા. | ૧૧૯ |

# પ્રસ્તાવના

આજથી લગભગ બે-એક વરસ ઉપર, શાંતમૂર્ત્તિ-તપસ્વી સાન્મત્ર શ્રી કર્પૂરવિજયજી મહારાજ સાથે વાર્ત્તાલાપ થતાં એમણે એક સ્ત્રીયોપયોગી પુસ્તક લખવાની મને પ્રેરણા કરી. સ્ત્રીઓ અને પુરૂષોનાં, આજના નવા યુગમાં, જીવનરંગ કેટલાં જોરથી પલટાઈ રહ્યાં છે: પ્રાચીન અને અર્વાચીન આદર્શો વચ્ચે કેવું સંઘર્ષણ જામ્યું છે તે વિષે પણ પ્રસંગોપાત કેટલીક વિચાર-વિષયક આપ-લે થઇ. ગતયુગની નારી અને નવયુગની નારીનાં દૃષ્ટિકોણની તુલના કરતાં મને લાગ્યું કે મહારાજજી સૂચવે છે તેવું સ્ત્રીયોપયોગી પુસ્તક તૈયાર કરવું એ સામાન્ય વાત નથી.

પુસ્તક લખવાનું નક્કી થતાં, સૌ પહેલાં, મેં એ વિષય ઉપર લખાએલા હિંદી, બંગાળી, ગુજરાતી કેટલાંક પુસ્તકો વાંચવા માંડયા. “ ગૃહલક્ષ્મી ” નામનું બંગાળી પુસ્તક, એ સર્વમાં મને અધિક ઉપયોગી લાગ્યું. બંગાળમાં એ પુસ્તકનો ખૂબ ખૂબ આદર થયો છે અને થોડા જ વખતમાં એનો એટલો બધો પ્રચાર થઇ ચૂકયો છે કે પ્રકાશકે પ્રાયઃ એની ચૌદ-પંદર જેટલી આવૃત્તિઓ બહાર પાડી છે. દેશી ભાષામાં આટલો પ્રચાર અહોભાગ્યની વાત ગણાય.

મેં એ પુસ્તકને આધારભૂત માની આ પુસ્તકની રૂપરેખા તૈયાર કરી. ગૃહલક્ષ્મીને બદલે ગુજરાતીમાં એ જ જાતનું બીજું પુસ્તક હોવાથી “ ઘરની લક્ષ્મી ” એવું આ પુસ્તકનું નામ આપ્યું. પરંતુ મારે અહીં એટલી ચોખવટ કરવી જોઇએ કે આ “ ઘરની લક્ષ્મી ” એ ગૃહલક્ષ્મીનો અક્ષરશઃ અનુવાદ નથી. બંગાળના અને આપણા સમાજ વચ્ચે કુદરતી રીતે જ ઘણો ફેર છે. એમના સામાજિક પ્રશ્નો અને આપણા સામાજક પ્રશ્નો ભિન્ન ભિન્ન છે. મેં વિષયો જો કે તેના તે જ રાખ્યા છે, પણ એની નિરૂપણ શૈલીને તો સ્વતંત્ર જ રહેવા દીધી છે.

એકલાં નિબંધોના વાંચનથી કંટાળો આવે તો તે દૂર કરવા ગ્રંથના અંત ભાગમાં મેં કેટલાક કથાનકો ઉતાર્યાં છે. જૈન સમાજમાં આ પુસ્તકનો પ્રચાર થવાનો હોવાથી, જૈન કથા અને જૈન ઇતિહાસ તરફ સ્હેજ વધુ ઝુકાવ થયો હોય તો તે ક્ષંતવ્ય ગણાવું જોઇએ. એકંદરે, કોઇ એક સંપ્રદાયની ગૃહિણી માટે નહીં, પણ વસ્તુતઃ સમસ્ત નારી-સમાજને ઉદ્દેશીને જ, નારીજીવનના કેટલાક પ્રશ્નો આ પુસ્તકમાં ચર્ચ્યા છે. કોઈ પણ માતા, બ્હેન કે પુત્રીને આ ગ્રંથની સહાયથી, થોડું પણ માર્ગદર્શન મળશે તો લેખક અને પ્રકાશકનો શ્રમ સાર્થક થશે.

સુશીલ

આ બેનના લગ્ન પ્રસંગના સ્મરણાર્થે તેમના પિતાએ કાઢેલ આ લગ્ન સ્મારકમાળા છપાવવામાં આવે છે, જેનો આ ૧૦ મો મણકો છે.



જન્મ. સૌ. બેન મોંઘીબેન ગિરધરલાલ. લગ્ન.

સં. ૧૯૪૯ ના આસો વદિ ૧૧ સં. ૧૯૬૪ નાં માહ શુદિ ૫

આનંદ પ્રેસ–ભાવનગર.

# સ્ત્રીકેળવણીનો

## ઉદ્દેશ

પુત્રને પરણાવવો અને પુત્રવધૂને ઘરનો કારભાર સોંપવો એ દરેક માત-પિતાને મન એક પ્રકારનો સંસારનો લ્હાવો ગણાય છે. પુત્ર કમાતો થાય યા ન થાય, પણ વહુ સાસુ-સસરાનો અને સગાં-સંબંધીઓનો કારભાર ઉપાડી લે તો એમને ઘણો સંતોષ થાય અને નિશ્ચિંતપણે ધર્મકરણી કરી શકે એ દેખીતી વાત છે. ઘરમાં વહુ આવે એટલે માતા-પિતા પોતાને કૃતકૃત્ય માને છે. એની ખાતર પોતાની વ્હાલામાં વ્હાલી સંપત્તિનો પણ ભારે ભોગ આપે છે. પુત્રને પરણાવવા ખાતર જ મા-બાપ જીવે છે એમ કહીએ તો પણ કંઈ ખોટું નથી. એ જો કે એક સાંસારિક વાસના છે તો પણ માતા-પિતાના અંતરમાં ઊંડા ઉતરીને તપાસીએ તો ધર્મીમાં ધર્મી ગણાતા મા-બાપના દિલમાં પણ એ પ્રકારનો આશાદીપક જરૂર પ્રકાશતો હશે.

પુત્ર-વધૂનું આગમન, પુત્રનાં લગ્ન એ આપણા સંસાર-ગ્રંથમાં એક નવું જ પ્રકરણ ઉઘાડે છે. એ પ્રકરણ પણ કેટલા ઉલ્લાસ અને આનંદ સાથે શરૂ થાય છે ? મા-બાપ પોતાની પાસેની છેલ્લી પાઇ ખરચી નાખે છે; શક્તિનું છેલ્લું રહ્યુંસહ્યું ટીપું પણ નીચોવે છે. લગ્નનાં ગીતો અને વાજીંત્રોના મંગલસૂરમાં સંસારનાં આજ સુધીનાં સંતાપ જાણે કે સમાઇ જતાં હોય એમ એમને લાગે છે.

મા-બાપનાં મનોરથ એ વખતે સફળ બને છે. વૃદ્ધ અવસ્થામાં પુત્ર અને પુત્રવધૂ સો સો પ્રકારની સેવા-શુશ્રૂષા કરશે અને પાછલી જીંદગી સુધરી જશે એવી આશાથી એમનાં હૃદય પ્રફુલ્લ બને છે. સાસુ, સસરાની જેમ નણંદ, દીયર, જેઠ, જેઠાણીનાં અંતરમાં પણ એ વખતે આનંદની લ્હેરો છૂટે છે.

થોડા દિવસમાં જ એ સ્વપ્નસૃષ્ટિ ઉડી જાય છે. કોઇ મોટી મહેલાત તૂટી પડી હોય અને ખંડિયેરમાં જીવતા માણસો દબાઇ ગયા હોય એવું કરૂણ દૃશ્ય ખડું થાય છે. અનેક સ્થળે લગ્નની પછી જે કંકાસ-કલેશની હોળી સળગે છે તેની જવાળા નિકટનાં સગાં-સંબંધીઓને પણ સ્પર્શે છે.

આશાનો પ્રકાશ આથમે છે અને એને સ્થાને અંધકાર છવાય છે. વીજળીના ક્ષણિક ચમકારની જેમ લગ્નના લ્હાવાનો બધો આનંદ ઉડી જાય છે. કલ્પનાએ સર્જાવેલું સુંદર ચિત્ર એકાએક માટીમાં મળી જાય છે. આર્ય-સંસારના માનવીએ એવા તે શાં પાપ કર્યાં હશે કે આવા શ્રાપ ઉતરતા હશે ?

પુત્રના માતા-પિતાએ, પુત્રના લગ્ન વખતે રાખેલી આશા ઉડી જાય છે. " હવે ઘરનો બધો કારભાર પુત્ર અને પુત્રવધૂ ઉપાડી લેશે અને આપણો વખત દેવ-ગુરૂની ભક્તિમાં વીતશે; હવે સુખેથી સામાયિક, પ્રતિક્રમણ, તીર્થયાત્રા કરશું, " એ પ્રકારના એમના મનોરથ બળીને રાખ થઈ જાય છે. એને બદલે સાસુ અને વહુ, માતા અને પુત્ર, પિતા અને પુત્ર વચ્ચે એક અણધાર્યો અને જેનો અંત જ ન આવે એવો ઝગડો ઉભો થાય છે. એ ઝગડો એમનાં લોહી ને માંસ ચૂસે છે એટલું જ નહીં પણ કહેવતમાં કહ્યું છે તેમ ગોળાનાં પાણી પણ સૂકાય છે.

આ દુર્દશાના મૂળ કારણની તપાસ કરીએ તો કેવળ કેળવણીનો જ અભાવ, એ સિવાય બીજું કોઇ કારણ નહીં કળાય. કન્યાને એના માતા-પિતાને ત્યાં ગૃહ-વ્યવહાર સંબંધી પૂરતી કેળવણી મળતી હોય અથવા તો પતિના ઘેર આવ્યા પછી એવા પ્રકારના સંસ્કારો મળતાં હોય તો આજના જેવી દુઃખમય-કલેશમય સ્થિતિ ઉભી થવા ન પામે.

કોઇ પૂછશે કે હવે તો કન્યાઓને કેળવવાના ખૂબખૂબ પ્રયત્નો થાય છે, છતાં એવી દુર્દશા કેમ જોવામાં આવે છે? કેળવાયેલી કન્યાઓ પણ પોતાના સાસરે સૌથી જૂદી પડી ગયેલી હોય એમ કાં દેખાય છે?

આ પ્રશ્નનો સંતોષકારક નીકાલ આણવો હોય તો સ્ત્રીઓની કેળવણી એટલે શું? એ આપણે વિચારવું પડશે. લખતાં-વાંચતા આવડયું એટલે કેળવણી પૂરી થઇ એમ

આપણામાંના કેટલાકો માની લે છે. કાગળ–પત્ર લખવામાં, બે–ચાર પુસ્તકો ગોખવામાં કે એક–બે પરીક્ષાઓ પસાર કરવામાં જ બધી કેળવણી સમાઈ જતી નથી. સ્ત્રી–કેળવણીનો અર્થ તો એ છે કે જેથી સ્ત્રીઓને પોતાના કર્તવ્યનું ભાન થાય. પોતાનો ધર્મ સમજાય અને એને અનુસરીને પોતાનાં આચરણમાં પણ એ સંસ્કારનો પ્રકાશ સૌને બતાવી શકાય.

પરીક્ષાઓ પાસ કરવાથી કે થોડાં ગ્રંથોના પઠન–પાઠનથી એક કન્યા ભલે પોતાને સુશિક્ષિતા કહેવડાવી શકે, પણ આર્ય–સન્નારીને જે ગૃહલક્ષ્મીના નામથી ઓળખાવવામાં આવે છે એ પદ તો ભાગ્યે જ મેળવી શકે. કેટલીક વાર એ પ્રકારની કેળવણી જ ગૃહ–સંસારના માર્ગમાં કંટક પાથરે છે. પોતાને કેળવાયેલી માનતી કન્યા જ્યારે અભિમાની બને છે ત્યારે તે આપ્તસમાજમાં કણાની જેમ ખૂંચે છે. આપણો સમાજ આદર્શ સ્ત્રી વાંછે છે એને બદલે જ્યારે તે પશ્ચિમના કારખાનામાં તૈયાર થયેલી, પશ્ચિમના જ રીત–રિવાજનું આંધળું અનુકરણ કરનારી નારી જુએ છે ત્યારે તેમને અનહદ દુઃખ થાય છે. કેળવણીના અભિમાનવાળી, પોતાના સિવાય બીજા બધાંને મૂર્ખ માનનારી તે કન્યા સાસરામાં જેવો જોઈએ તેવો સત્કાર મેળવી શકતી નથી. સગાં–સંબંધીઓની વચમાં સારૂં સ્થાન મેળવી શકતી નથી. ઘરના માણસોને મન એ એક મોટી–ન સમજાય તેવી–ઉપાધિરૂપ બની રહે છે.

કેળવણી પોતે ખરાબ નથી પણ એનો દુરૂપયોગ બહુ માઠાં

પરિણામ નીપજાવે છે. કેળવણી જ્યારે સ્વચ્છંદને પોષે, નીતિના નિયમોને પણ તિલાંજલી આપે ત્યારે એ કેળવણી સખત નિંદાને પાત્ર બને. આપણામાં કહેવત છે કે જ્યારે આમ્રવૃક્ષ ફળ ધારણ કરે છે ત્યારે તે ઉંચે જવાને બદલે ઉલટો નીચે નમે છે. સાચી કેળવણી માણુસને નમ્ર બનાવે છે. વિનય, નમ્રતા, સંયમ, સેવાભાવ એ સાચી કેળવણીના સૂચક ચિહ્નો છે. અભિમાન, મદ, નિર્લજ્જતા એ બધાં અપૂર્ણતાનાં લક્ષણો છે. માણુસને સંપૂર્ણ બનાવે તો જ કેળવણીની સાર્થકતા થઇ ગણાય.

કેટલીકવાર જેને સારી કેળવાયેલી કન્યા કહી શકીએ, જેણે માતા-પિતા પાસેથી ધર્મના ને નીતિના સારા સંસ્કાર પ્રાપ્ત કર્યા હોય એવી કન્યાને પણ સાસરે આવ્યા પછી આકરી કસોટીમાંથી પસાર થવું પડે છે. એ ગમે તેવી વિનયશીલ, નમ્ર અને સહનશીલ હોય તો પણ તે વગોવાય છે. એવી વેળાએ સંસ્કારી બાળા બીજા કોઇનો દોષ કાઢવાને બદલે પોતાના પ્રારબ્ધનો દોષ નિહાળે છે અને કર્મનાં ફળ તો ભોગવવાં જ પડે એમ માની પોતે નવાં કર્મ બાંધતી નથી.

દરેક વધૂને દરેક સ્થળે સાસુ, સસરા કે જેઠ વિગેરેનો પૂરો સંતોષ જ મળે એમ નથી બનતું. મનુષ્યસ્વભાવ બહુ વિચિત્ર વસ્તુ છે. નવવધૂને જુદા જુદા સગાં-સંબંધીઓના જુદા જુદા પ્રકારના સ્વભાવને લીધે ઘણું સહન કરવું પડે છે, પરંતુ એવા પ્રસંગે સંસ્કારી-કેળવાયેલી બાળા પોતાની શાંતિ અને ધીરજને કસોટીએ ચડાવે છે અને એ કસોટીમાં પોતાને શુદ્ધ કંચન રૂપે પૂરવાર કરે છે.

પુસ્તકોનાં વાંચન કે અધ્યયનથી બધી ઉપયોગી ને સાચી કેળવણી મળી જાય એ અસંભવિત છે. ગૃહવ્યવસ્થા, કોમળતા, મધુરતા, સેવાભાવ એ નારી–સહજ ગુણો છે. એ ગુણો ઉપર જ કુટુંબ–પરિવાર નભે છે. સ્ત્રી–જાતિ બુદ્ધિનો વિકાસ બીજી રીતે ભલે ગમે એટલો સાધે, પણ જો તેનામાં ઘરની વ્યવસ્થા જાળવવાનો ગુણ ન હોય, મધુર સ્વભાવવડે આપ્તજનોને આનંદ તથા શાંતિ પમાડવાની આવડત ન હોય તો બુદ્ધિમતી સ્ત્રી ઘરને પણ સ્મશાન જેવું બનાવી દે છે.

આ ન્હાના પુસ્તકમાં સ્ત્રીઓએ ખાસ કરીને કયા કયા ગુણો કેળવવા જોઇએ અને કયા કયા ન્હાના ન્હાના દુર્ગુણોનો પણ ત્યાગ કરવો જોઇએ તે સંક્ષેપમાં બતાવવાનો આશય રાખ્યો છે. સ્ત્રીશિક્ષાનો એમાં સંપૂર્ણ સમાવેશ થતો હોવાનો અમે દાવો નથી કરતાં, છતાં આછું દિગ્દર્શન તો આમાંથી જરૂર મળી રહેશે એવી આશા રાખીએ છીએ.

# સૌન્દર્ય

સૌંદર્ય સ્ત્રીજાતિને સ્વભાવતઃ વર્યું છે. સ્ત્રીના સૌંદર્યનું વર્ણન કરવામાં કવિઓએ ઉપમા અને અલંકારોનો ખર્ચ કરતાં પાછું વાળીને જોયું નથી. મહાન્ યુદ્ધો અને ભયંકર રાજક્રાંતિઓમાં પણ મ્હોટે ભાગે સૌંદર્યવતી સ્ત્રીઓ જ નિમિત્ત-રૂપ બની છે.

પ્રાણી માત્ર સૌંદર્ય તરફ ખેંચાય છે. એનો અર્થ એ છે કે સૌને સારૂં જ ગમે છે.

પણ સૌંદર્ય માત્ર શરીરની ચામડીમાં, ઉજળા વસ્ત્રોમાં કે ઝગઝગાટ મારતાં આભૂષણોમાં જ સમાયું છે એમ માનનાર મોટી ભૂલ કરે છે. એ સૌંદર્ય ક્ષણિક છે, ખીલતાની સાથે જ એ કરમાવા લાગે છે. એ કૃત્રિમ છે. એનું અભિમાન અધઃપાત તરફ લઇ જાય છે.

સાચું અને સ્થાયી સૌંદર્ય આત્માની અંદર છે. આત્મા

પોતે જ અનંત સૌંદર્યનું ધામ છે. એ પોતે સુદંર છે એટલે જ જ્યાં જ્યાં સુંદરતા જણાય છે ત્યાં ત્યાં તે આકર્ષાય છે.

કેટલીકવાર વિલાસિતા તેમજ બ્હારની ટાપટીપને સૌંદર્ય માની લેવામાં આવે છે. મુલાયમ વસ્ત્રો પહેરવાથી, મ્હોં ઉપર વિલાયતી પાઉડર છાંટવાથી કે હીરા–મોતીના ઘરેણાં પહેરવાથી પોતે બહુ સુંદર દેખાશે એમ કેટલીક સ્ત્રીઓ માને છે. આ માન્યતા સાવ ખોટી છે. એ ટાપટીપ એક પ્રકારનો વિલાસ છે. સાદાઈમાં જે શોભા અને ભવ્યતા છે તે વિલાસથી હણાય છે. ઉછીના માગી લીધેલાં નાણાં એ જેમ આપણી પોતાની મિલકત નથી તેમ ટાપટીપ કે વિલાસિતા એ સ્વાભાવિક સૌંદર્ય નથી. ઉછીનાં નાણાં કરજના નામથી જ ઓળખાય છે. કરજનો બોજો માણસને કચરી મારે છે. તે જ પ્રમાણે ટાપટીપ કે કૃત્રિમ શૃંગાર, સ્ત્રીના સમય અને દ્રવ્યને પણ વ્યર્થ બનાવી દે છે.

જેનો આત્મા નિર્મળ હોય, જેનું હૃદય સંસ્કારી હોય, જેનું મન અરીસા જેવું ઉજ્જ્વળ હોય તે અતિ સામાન્ય વસ્ત્રમાં, વગર અલંકારે પણ દીપી નીકળે છે.

પરન્તુ આ પ્રકારનું સૌંદર્ય જોવાની દ્રષ્ટિ સૌની પાસે નથી હોતી. કન્યા કેવી સુંદર છે ? એમ કન્યાની પસંદગી કરતી વખતે જ પૂછાય છે. કન્યા પરણીને સાસરે આવે છે ત્યારે પણ તે કેટલી સુંદર છે એ જોવા આસપાસની સ્ત્રીઓ એકઠી થાય છે. એ બધાં આત્માનું સૌંદય જોઇ શકતા નથી, તેઓ

તો દેહના રંગ અને બોલવા-ચાલવાની ઢબ જોઇને જ પોતાનો અભિપ્રાય બાંધે છે. ગુણની પરીક્ષા થાય તે પહેલાં જ નવવધૂને પોતાના સૌંદર્યની પરીક્ષામાંથી પાસ થવું પડે છે.

એટલા માટે વિવાહિતા કે અવિવાહિતા કન્યાએ પણ વસ્ત્રની પસંદગી અને પહેરવાની ઢબ વિગેરેમાં પૂરું લક્ષ આપવું જોઇએ. એમાં કળા ભલે હોય, પણ કૃત્રિમતા ન હોવી જોઇએ. કૃત્રિમતા માણુસને છેતરે છે અને એ છેતરપીંડી આખરે ઉઘાડી પડી જાય છે. સાદાઇ સાથે વસ્ત્ર પહેરવાની અને નમ્રતાપૂર્વક બોલવા-ચાલવાની જો તમે કળા કેળવી હશે તો એથી તમારી આસપાસના સગાં-સંબંધીઓનું પણ સારૂં મનોરંજન કરી શકશો.

સુંદર દેખાવું તે કરતાં સુંદર બનવું એ વધુ શ્રેષ્ઠ છે.

પોતાના શરીરના રંગ કે પોતાના દેહના બાંધાને કોઇ બદલાવી શકતું નથી. એ વિષે અભિમાન કે અફસોસ કરવો એ કેવળ નકામું છે.

કલ્પના કરો કે એક સ્ત્રી ઘણી સુંદર છે. એના શરીરનો રંગ ગૌર છે. એના વિશાળ નયન અને નમણું નાક ચિત્રકાર જુએ તો એક સરસ ચિત્ર તૈયાર કરવા ભાગ્યશાળી બને. બ્હારની બધી સૌંદય-સામગ્રી હોવા છતાં એ સ્ત્રી જો અવિનયી, ઉદ્ધત અને સ્વભાવે કર્કશા જેવી હોય તો એ શરીરની સુંદરતા શું કામની ? એ પોતાના સગાં-સંબંધીઓમાં

અળખામણી જ લાગવાની. એટલે જ અમે કહીએ છીએ કે શરીરનું સૌંદર્ય એ કંઇ સર્વસ્વ નથી.

એ જ પ્રમાણે બીજી પણ એક કલ્પના કરો કે એક સ્ત્રી રંગે શ્યામ છે, શરીરનો બાંધો પણ જેવો જોઇએ તેવો નથી; છતાં એ વિનયી છે, ઉલ્લાસવતી છે, સેવાભાવી છે અને દુઃખ માત્રને ઘોળીને પી જવાની શકિત ધરાવે છે. આવી સ્ત્રી રૂપવતી ન હોવા છતાં સૌ કોઈના આદરને પાત્ર બને છે. તેના તરફ બધા સન્માનથી નજરે નિહાળે છે.

તમારા અંતઃકરણમાં જો પવિત્રતાનો, સદાચારનો વાસ હશે તો તમે તમારા શરીરના અણુએ અણુમાં એ પવિત્રતા, પ્રકાશના કિરણની જેમ પ્રકટી નીકળશે; પણ તમારૂં અંતઃકરણ જો મલીન હશે તો તમારા સુંદર દેહને એ મલીન બનાવી મૂકશે.

હંમેશા સારા વિચારો કરવા, ધર્મ અને નીતિના સૂત્રો સંભારવા અને સેવાભાવને ખીલવવો એ પરમ સૌંદર્યને પોતાને વિષે આમંત્રણ આપવા બરાબર છે.

શીલ જેવું બીજું સૌંદર્ય નથી એ સિદ્ધાંતમાં એક અક્ષર પણ ખોટો નથી. સુંદર સ્વભાવ, નિર્મલ ચારિત્ર પાસે દુનિયાનાં કીમતીમાં કીમતી આભૂષણો પણ સાવ નિસ્તેજ લાગે છે. શીલના પ્રકાશ પાસે હીરા–મોતી–સુવર્ણનો ઝગઝગાટ સૂર્ય આગળ નાચતા આગીયા જેવો ફીકકો દેખાય છે.

તમે જો ખરેખર જ સુંદર બનવા માગતા હો તો તમારે

અંતઃકરણને ખૂબ કેળવવું જોઇએ. સ્વચ્છ મન, દેહની મારફતે પોતાનો પ્રભાવ બતાવે છે. ભલે તમે સ્નાન આદિથી શરીરને સાફ રાખો, વસ્ત્રો વિગેરેનું ધ્યાન રાખો, પણ સદ્‌ગુણમાંથી સાચું સૌંદર્ય પ્રકટે છે એ વાત ન ભૂલશો.

અંતઃકરણના સૌંદર્ય સાથે જો તમે બાહ્ય સૌંદર્યનો સંબંધ જોડી શકશો તો એ સંયુકત સૌંદર્ય એક દેવદુર્લભ વસ્તુ બનશે. કેટલીક સ્ત્રીઓ બાહ્ય અલંકારો અર્થે ગાંડી-ઘેલી બને છે તો વળી કેટલીક સ્ત્રીઓ આરોગ્ય, સ્વચ્છતા, વ્યવસ્થા તરફ બેદરકાર રહે છે. આ બન્ને દોષો ટાળવાનો પ્રયત્ન કરજો.

એટલે કે અંતઃકરણને હંમેશા સારા વિચારોથી ભરજો અને બીજી તરફ તમારા આચાર, વહેવાર અને રહેણીમાં પણ સ્વચ્છતા અને પવિત્રતા તેમજ વિવેક પગલે પગલે દેખાય એવો ઉદ્યમ કરજો. આટલું કરી શકશો તો એક નવવધૂ તરિકે તમે સૌનો સારો ચાહ મેળવી શકશો.

# લજ્જા

લજ્જાથી નમ્ર બનેલી નારી, કાવ્યને યોગ્ય મનાઇ છે. એ ઉપરથી લજ્જા એ સ્ત્રી-જાતિને માટે કેટલી સહજ અને આકર્ષક છે તેની કલ્પના થઇ શકશે. નવવધૂના બીજા ગુણો બ્હાર આવે તે પહેલાં તે કેટલી લજ્જાળુ-શરમાળ છે એ આપોઆપ દેખાઇ આવે છે. સવારના સૂર્યકિરણ જેમ શાંત અને સુકુમાર જણાય છે તેમ લજ્જાશીલા રમણી પણ પોતાની ગંભીરતા અને સુકુમારતાને અંગે બહુ પ્રીતિપાત્ર બને છે.

શરમાળપણું અસુંદરને પણ સુંદર બનાવે છે અને નિર્લજ્જતા સુંદરતાને પણ ભરખી જાય છે-નષ્ટ કરે છે.

લજ્જા એ એક પ્રકારનું આછું-પાતળું વસ્ત્ર છે. એ અદૃશ્ય વસ્ત્ર સ્ત્રીનાં વચન અને વહેવારમાં અપૂર્વ લાવણ્ય ભરે છે. રૂપવતી સુંદરી પણ લજ્જા વગરની હોય તો તે મલીન અને શોભાહીન બને છે.

કેટલીક સ્ત્રીઓ આ લજ્જાગુણની મહત્તા-ઉપયોગિતા બરાબર સમજી શકતી નથી. લજ્જા સ્ત્રી-જાતિનું ગૌરવ છે

એ વાત ભૂલી જાય છે. ગમે એની સાથે, ગમે ત્યાં, ગમે તેવો વિનોદ કરવો એને કેટલીક સ્ત્રીઓ સ્વતંત્રતા સમજી લે છે. તે એમ માને છે કે પુરૂષોની જેમ છૂટથી બોલવા–ચાલવાથી લોકો પોતાને હુશિયાર અથવા ડહાપણદાર સમજશે, પણ એ માન્યતા અમારા માનવા મુજબ બરાબર નથી. લજ્જાને લીધે જ સ્ત્રીની વાણી મૃદુ બને છે અને એને લીધે જ પોતાના આપ્તમંડળમાં તે અધિક આદરણીય ગણાય છે.

શરમાળ સ્ત્રીની મર્યાદા સૌ કોઇ પાળે છે, એથી ઉલટું જે સ્ત્રી પોતાને સ્વતંત્ર મનાવવા ચપળતા દાખવે છે તે પોતાનું માન હાથે કરીને ગુમાવી દે છે. ગામડાની કન્યા ભલે એક અક્ષર પણ ન ભણી હોય, પરંતુ જો તે લજ્જાગુણવાળી હશે તો પોતાની મેળે જ ભક્તિ અને સદ્ભાવ મેળવશે. ભણેલી–ચપળ કન્યા લજ્જાનો અનાદર કરી–તેનો ભોગ આપ્યા પછી, એ સદ્ભાગ્ય ભાગ્યે જ મેળવી શકે છે.

પરન્તુ અહીં એક વાત યાદ રાખવી. વધારા પડતી (ખોટી) શરમ એ પણ એક ભયંકર વસ્તુ છે. શરમને લીધે તમે યથાર્થ વાત પણ ન કહી શકો, શરમને લીધે તમે તમારાં કર્તવ્ય ચૂકો અથવા તો શરમને લીધે તમે પુણ્યપ્રકોપ પણ ન બતાવી શકો તો જે લજ્જા તમારૂં ગૌરવ છે તે જ લજ્જા તમને પતન તરફ તાણી જાય.

કોઇ વાર નવવધુ અતિશય શરમાળપણાને લીધે પોતાના પતિની પૂરી સેવા પણ કરી શકતી નથી, તેમજ પોતાના મનોભાવ પણ પૂરેપૂરા રજુ કરી શકતી નથી. આવી શરમ

અમંગળરૂપ છે. શરમને લીધે તમારા કર્તવ્યમાં કોઈ પણ પ્રકારની ક્ષતિ ન આવવી જોઈએ.

અજાણ્યાં માણસો સાથે વધુ પડતી છૂટ ન લેવી. કેટલીક સ્ત્રીઓ પોતાના સાસુ-સસરા સાથેના વહેવારમાં તો બહુ જ શરમાળપણુ બતાવે છે, પણ બ્હારનાં માણસો સાથે ઘણી છૂટ લે છે. આ ઠીક ન ગણાય. ઘરનાં આપ્તજનો સાથે તમે થોડીઘણી છૂટ લઈ શકો પરન્તુ બ્હારનાં માણસો જોડે જ્યારે વહેવાર કરો ત્યારે તમારે તમારી લજ્જા, મર્યાદા બરાબર પાળવી જોઈએ.

પતિ પાસે અતિશય લજ્જાશીલતા બતાવવામાં કેટલીક સ્ત્રીઓ પોતાનું મહત્ત્વ માને છે પણ એ એક પ્રકારની અજ્ઞાનતા છે. પતિ અને પત્ની બન્ને જુદા જુદા હોવા છતાં વસ્તુતઃ એક જ ગણાય છે. પરસ્પરમાં સ્નેહ, શ્રદ્ધા અને સરલતા હોય તો જ એ ગૃહ-સંસાર સુખમય નીવડે.

સાસુ-સસરા તથા જેઠ-જેઠાણી વિગેરે સાથે જે સ્ત્રી નિર્લજ્જપણે કજીયા-કંકાસ કરે છે અને સ્વામી પાસે પોતાના હૃદયના ભાવ છૂપાવે છે તેને શરમાળ સ્ત્રી કહી શકાય નહીં. એ શરમાળપણું એક ઢોંગ ગણાય છે. ઢોંગ અથવા ખોટો દેખાવ આખરે તો દુઃખદાયક જ બની રહે છે.

લજ્જાશીલતાને બરાબર જાળવો પણ એનો દુરૂપયોગ ન કરો એ જ નવવધૂઓને અમારો ઉપદેશ છે.

# વિનય

લજ્જાની જેમ વિનય પણ સ્ત્રીજાતિનું એક આભૂષણ છે. સ્વાભાવિક લજ્જા અને વિનયની તુલનામાં, સંસારનાં કીમતીમાં કીમતી હીરા અને રત્નજડિત અલંકાર પણ ફીક્કાં-નિસ્તેજ પડી જાય છે.

સ્ત્રીજાતિને કોમળતા વરી છે. પુરૂષ સ્વભાવતઃ કઠોર હોય છે. લજ્જા, વિનય, પ્રેમ, મમતા, સ્નેહ એ બધી લાગણીઓ કોમળતામાંથી જ જન્મે છે. પુરૂષ ભારે બહાદૂરી સાથે મ્હોટાં યુદ્ધો લડી શકશે, દુશ્મનને પોતાના બાહુબળથી વશીભૂત કરી શકશે, પ્રખર બુદ્ધિબળથી તે મ્હોટી સભાઓમાં પોતાનો કીર્ત્તિધ્વજ ફરકાવી શકશે, સ્ત્રી ભાગ્યે જ એવો પ્રબળ પ્રતાપ બતાવી શકે છે. એ તો પોતાની લજ્જા, વિનય, સેવા અને સુશ્રૂષા જેવા કોમળ ગુણવડે જન્મવેરીનું-ક્રૂર કસાઈનું પણ કાળજું પીગળાવી શકે છે. પુરૂષમાં જો તેજ, બળ, પરાક્રમ, સાહસ ન હોય તો એની બહુ કીંમત નથી અંકાતી, એ જ

પ્રમાણે જો સ્ત્રીમાં વિનય, લજ્જા, સ્નેહ, મમતા વિગેરે ન હોય તો એ પોતાના જીવનને ઉજાળી શકતી નથી. કોમળતાનો ગુણ સ્ત્રીઓને કોઇની પાસે શીખવા જવાની જરૂર નથી. એના સ્વભાવમાં જ એ વણાઇ ગયો હોય છે. માત્ર એને ખીલવવો જોઇએ. કેટલીકવાર માટીમાં વાવેલું બીજ પૂરતું પોષણ નહીં મળવાથી અંદર ને અંદર જ સડી જાય છે તેમ એ કોમળતાનું બીજ તમારી તરફના પોષણના અભાવે અંદર ને અંદર કરમાઇ ન જાય એ પ્રત્યેક કુમારિકાએ તેમજ સ્ત્રીએ જોવું જોઇએ.

ખરેખર જ જો તમે ઘરની લક્ષ્મી બનવા માગતા હો તો ભૂલેચૂકે પણ તમે કોઇની સાથે કઠોરતાથી ન વર્ત્તશો. સ્ત્રીજાતિની વાણી અને વહેવાર હમેશાં કોમળ જ હોય છે. એમાં કઠોરતાની કાંકરી આવી જાય તો એ કોઇને પણ ખૂંચ્યા વિના ન રહે.

પરન્તુ એ ઉપરથી તમારામાં પુણ્યપ્રકોપ જ ન હોય એમ માની લેવાનું નથી. જ્યારે કોઈ દુષ્ટ કે દગાખોરની સામે સ્ત્રીજાતિને ઝૂઝવાનો પ્રસંગ આવે છે ત્યારે અબળા પણ વીરાંગના બને છે. એવે ટાણે ક્રોધ પુણ્યપ્રકોપનું રૂપ ધારણ કરે છે. આર્ય રમણીઓએ કેવા કઠિન સંયોગોમાં પોતાના શિયલની રક્ષા કરી છે અને પોતાના પતિ કે પુત્ર ઉપર આપત્તિ આવતાં કેવી રણુવીરતા બતાવી છે તેનાં અસંખ્ય ઉદાહરણો આપણા ઇતિહાસમાં છે. જે સ્ત્રી સામાન્ય સ્થિતિમાં વિનય, લજ્જા આદિ ગુણોને કેળવી જાણે છે તેજ સ્ત્રી આફતના અવસરે સાહસિકતા અને નિર્ભયતા પણ બતાવી શકે છે. સંયમથી શક્તિ વધે છે. વિનય પણ એક પ્રકારનો સંયમ

છે. વાતવાતમાં કઠોરતા અને ઉદ્ધતતા બતાવવાથી સંયમની સાથે સ્વાભાવિક શક્તિ પણ ખરચાઈ જાય છે.

કેટલીક સ્ત્રીઓ મ્હોટે અવાજે લડવું-ઝગડવું એમાં પોતાની મોટાઈ માને છે, પણ એ ખોટી સમજણ છે. સ્ત્રી ગમે એટલી બનાવટ કરે પણ એ પુરૂષ બની શકે નહીં. પુરૂષની જેમ વર્તવાથી એનું સ્ત્રીત્વ પણ નષ્ટ થાય છે.

લાકડામાં-બળતણ માત્રમાં અગ્નિ છુપાયેલો હોય છે, પણ જ્યાં સુધી સીધી રીતે અગ્નિનો સ્પર્શ નથી થતો ત્યાં સુધી એ લાકડું સળગતું નથી. પુણ્યપ્રકોપનો અગ્નિ પ્રાણી માત્રમાં હોવો જોઇએ અને હોય છે પણ ખરો, પરંતુ વિનય અને લજ્જાથી એ ઢંકાયેલો રહેવો જોઇએ. જુલમ કે અત્યાચાર જેવા કોઈ નિમિત્તે જ એમાંથી ભડકો ઉઠવો જોઇએ.

જે સ્ત્રી વગર કારણે લીલાં લાકડાં કે છાણાંની જેમ હંમેશા ધુંધવાયેલી જ રહે છે તે પોતાની આસપાસ ઉજળું વાતાવરણ પેદા કરી શકતી નથી. એના પ્રત્યે કોઇને સ્નેહ કે આદરભાવ ઉપજતો નથી.

તમારામાં બુદ્ધિબળ હોય, મનોબળ હોય એટલું જ નહીં પણ ન્હાના નોકર-ચાકર પાસે તમારે જરા સખતપણે કામ લેવું પડે એ સમજી શકાય; પરંતુ એ વખતે પણ સંયમ અને વિનયની મર્યાદા ન ભૂલાવી જોઇએ. પુરૂષ કદાચ કઠોર બને તો તે ક્ષંતવ્ય ગણાય, કારણ કે એ વસ્તુ એના સ્વભાવમાં

હોય છે. સ્ત્રીને એવી કઠોરતા શોભા દેતી નથી. તમારી સલાહમાં અને તમારા આદેશમાં પણ કોમળભાવની જ મધુરતા રહેવી જોઈએ.

ઘરના જયેષ્ઠ અને વડિલો પ્રત્યે તમે વિનયથી વર્તજો. આશ્રિત કે સ્વજનો તરફ પણ અમીની નજરે જ જોશો. ધાકધમકીથી કે કડવાં વચનોથી જે કાર્ય નથી સધાતું તે તમે સ્નેહ અને મમતાથી સરસ રીતે સાધી શકશો. સ્ત્રીના એક માત્ર આંસુએ સંસારમાં કેટલી ઉથલપાથલો કરી છે ! તમારા સંયમમાં, તમારા સ્નેહમાં જે બળ છે તેની પાસે મોટા લશ્કરો પણ કંઇ બીસાતમાં નથી.

# ગંભીરતા

નારી જાતિ બહુ ચંચળ સ્વભાવની હોય છે એવો એમની ઉપર કેટલાકો આક્ષેપ મૂકે છે, પણ એ વાત બરાબર નથી. ઘણી ગૃહલક્ષ્મીઓ ગંભીરપણે એવો વહેવાર કરે છે કે એમને માટે આપણને માન ઉપજ્યા વિના ન રહે. કેટલીકવાર ગંભીરતાના ગુણ બરાબર ન સમજાયા હોય અને એને લીધે ગંભીરતા કેળવાઈ ન હોય એમ પણ બને.

ચંચળતા અને ગંભીરતા એક–બીજાથી વિરૂદ્ધ ગુણ છે. મન ચંચળ હોય છે ત્યારે તે શાંતપણે–સ્થિરપણે કોઈ વાતનો પૂરતો વિચાર કરી શકતું નથી. પવનમાં જેમ ધજાનો છેડો ફરકયા કરે છે તેમ સ્ત્રી કે પુરૂષનું મન પણ જો ચંચળ જ રહે તો તેઓ કોઈ પ્રકારનો નિશ્ચય ન કરી શકે અને એથી કરીને એમનાં મન પણ ચિંતાતુર તથા વ્યગ્ર રહે. તેઓ પોતાને કે બીજા કોઈને સંતોષ આપી શકે નહીં. ચોમાસામાં ન્હાની ન્હાની નદીઓ જ્યારે પાણીથી ઉભરાય છે ત્યારે તે ચંચળ બને છે. જાણે કે પોતાનો આ વૈભવ કાયમને માટે રહેવાનો હોય એમ ધારી ઉદ્ધતાઈ ધારણ કરે છે, પરંતુ એ

વૈભવ વધુ વખત નથી ટકતો. એથી ઉલટું સાગરમાં ગમે એટલો પાણીનો પ્રવાહ ઠલવાય તો પણ તે ગંભીર જ રહે છે. એ ગંભીર છે એટલે જ એની સ્તુતિ થાય છે, અને એ પોતાની મર્યાદા નથી છોડતો એટલે જ એ સંસારની અનેક પ્રકારની સેવાઓ કરી શકે છે.

છીછરી નદીના જેવો નહીં, પણ સાગર જેવો ગંભીર સ્વભાવ કેળવજો. સાગર પોતે સઘળાં કષ્ટ સહન કરીને સંસારને તો કીમતી મોતીઓ જ અર્પે છે. ઘરની લક્ષ્મી પણ ઘરનાં સઘળાં સંતાપ મુંગે મ્હોઢે વેઠી લઇને શાંતિ અને આનંદનો છંટકાવ કરે છે.

તમે એવી રીતે વર્ત્તતા હો કે જેથી કોઇને માઠું લાગવાનો પ્રસંગ સરખો પણ ન મળે, તમે એવી મર્યાદાથી રહેતા હો કે કોઇને પણ તમારી નિંદા કરવાનું ન સૂઝે અને છતાં એમ બને કે તમારી ઉપર ક્વચિત્ કડવાં વચનોની વર્ષા થાય અથવા તો તમારે વિષે ગેરસમજ પણ ફેલાય. આવા પ્રસંગે તમારી ગંભીરતાની ખરી કસોટી થાય છે. શાંતિથી એ બધું સહન કરશો તો આજે નહીં તો બે દિવસ પછી પણ એ આફતનું વાદળ વીખરાશે અને તમને પોતાને કોઈ પ્રકારની ઝાંખપ નહીં લાગે.

ગંભીરતા એ સંસ્કારનું ફળ છે. તમે ભલે ગમે એટલા સારા સંસ્કાર મેળવ્યા હોય, તમે ભલે સારા કેળવાયેલાં હો તો પણ જો તમારામાં ગંભીરતાનો ગુણ નહીં આવ્યો હોય તો સંસ્કાર અને કેળવણીની કંઇ જ કીમત નહીં રહે. અક્ષરજ્ઞાન જેને નથી એવી સ્ત્રીઓ ગંભીરતાને લીધે પોતાની

સારી છાપ પાડે છે. એમનાં માન–મર્યાદા બરાબર સચવાય છે. તમે જો તમારું સ્થાન ટકાવી રાખવા માગતા હો તો તમારે જેમ બને તેમ ગંભીર બનવું જોઈએ.

સ્વભાવે જે ગંભીર છે તે સ્ત્રી એકદમ અકળાઈ કે ઉશ્કેરાઈ જતી નથી. ગંભીરતા બુદ્ધિને સ્થિર કરે છે. દુઃખના સમયમાં પણ એ પોતાની સહિસલામતીનો માર્ગ શોધી કાઢે છે. ચંચળ સ્વભાવવાળી સ્ત્રી પોતે મુંઝાય છે અને સાથે બીજાઓને પણ મુંઝવે છે.

ફાવે એમ બોલી નાંખવું અથવા કોઈને બૂરું લગાડવું એ ગૃહલક્ષ્મીને ન શોભે. તમે તો ઘરની શોભારૂપ છો. બીજાઓએ કરેલી ભૂલો સુધારવી અને સંસાર–રથને સીધી રીતે ચલાવવો એ તમારું કર્તવ્ય છે. કંઈ પણ કહેવાનો અવસર આવે ત્યારે ગંભીરપણે, તમારે શું કહેવાનું છે તેનો વિચાર કરજો. કહેવાનું હોય તે થોડા પણ મધુર શબ્દોમાં પ્રકટ કરજો. જે સ્ત્રી પોતાની વાણી ઉપર કાબૂ રાખે છે તેના થોડા શબ્દો પણ ઘણા અસરકારક નીવડે છે. બહુ બોલ બોલ કરનારી સ્ત્રીનું વજન ઘટી જાય છે. તે કદાચ કેળવાયેલી હોય તો પણ ગંભીરતાના અભાવે એ અણઘડ જ મનાય છે.

ગંભીરતાનો ગુણ કેળવશો તો તમારું મન પણ શાંત રહેશે. સ્વચ્છ પાણીમાં ચંદ્રનું પ્રતિબિંબ ઝળહળી ઉઠે તેમ તમારા શાંત મનમાં શુદ્ધ વિચારના પ્રતિબિંબ ઝળકશે. તમારા પ્રત્યે સૌ કોઇ સન્માનની લાગણી બતાવશે. ખરેખર જ તમે ઘરની લક્ષ્મીરૂપ છો એમ તમારા વડીલો અને મુરબ્બીઓ પણ મુક્તકંઠે કહેશે.

# સરળતા

સ્ત્રી એટલે જ નરી સરળતા. એને ભાગ્યે જ કંઇ છુપાવવા જેવું હોય છે. એને કોઇ દિવસ બનાવટી વાત કરવાની જરૂર નથી હોતી. સ્ત્રીની નરી સરળતા એ એના આત્માનો શુદ્ધ પ્રકાશ છે.

ધારો કે તમારે બે બ્હેનપણી હોય. એકને વાતવાતમાં અતિશયોક્તિ કરવાની ટેવ હોય અને બીજી સરળતાની મૂર્તિ જેવી હોય તો તમે તમારાં સુખ-દુઃખના ઉભરા કોની પાસે ઠલવશો ? જે સરળ બ્હેનપણી છે તે તમને શાંતિથી સાંભળશે અને સાચો રાહ બતાવશે, તમારા દુઃખમાં ભાગ લેશે; પરંતુ જે બ્હેનપણી વક્ર છે, પેટમાં જુદું ને જીભમાં જુદું રાખે છે તે તો તમારી પાસેથી સાંભળેલી વાતમાં ખૂબ મીઠું-મરચું ભેળવી લોકોમાં તેનો પ્રચાર કરશે અને તમારા દુઃખમાં ભાગ લેવાને બદલે ઉલટું નવું દુઃખ ઉભું કરશે.

એ જ પ્રમાણે ધારો કે તમને તમારા પતિ કે સાસુ કંઇ વાત કહે અને તમે એનો ખોટો અર્થ કરો અથવા તો એ વાતમાં બીજી બે વાતો ભેળવી એનો પ્રચાર કરો તો પતિ, સાસુ કે બીજાં સગાં-સંબંધીઓને કેવું માઠું લાગે ? એમને કેટલું શરમાવું પડે ?

તમે પોતે સરળ હશો તો તમે સીધી સારી વાતનો ખોટો અર્થ નહીં કરો, અને એથી કરીને ઘણી નકામી ઉપાધિઓમાંથી બચી જશો. કેટલીક સ્ત્રીઓ વગર જાણ્યે–વગર સમજ્યે વક્રતા રાખે છે. એમાં પોતાની મ્હોટાઈ માને છે. એમને સલાહ કે સૂચનારૂપે સીધી સાદી વાત કહેવામાં આવે તો પણ પોતાના સ્વભાવદોષને લીધે એનો અવળો અર્થ કરે છે. એથી ઘરમાં એક નવો જ કંકાસ ઉભો થાય છે.

તમને કોઇ વાત ઠીક ન લાગતી હોય તો ખુશીથી તમે તમારા પતિને વિવેકથી કહી શકો છો. તમારી અનુકૂળતા કે પ્રતિકૂળતાનો પ્રશ્ન પણ એ જ રીતે સરળતાથી ચર્ચી શકો છો, પરન્તુ એ સીધો સરળ માર્ગ ગ્રહણ કરવાને બદલે જો અંતરથી જુદું બતાવવાનો પ્રયાસ કરો તો સમજજો કે તમે જાણી જોઈને કંકાસની આગમાં ઘી હોમી રહ્યા છો. મનમાં પ્રસન્નતા હોય, છતાં વાત કરતી વખતે અપ્રસન્નતાનો દેખાવ કરવો એ વક્રતા છે. દિલમાં અસંતોષ હોય અને છતાં ખુલાસો કરતી વેળાએ ભાવોને છુપાવવા એ પણ એક પ્રકારની છેતરપીંડી છે. ગૃહલક્ષ્મીને સારૂ એ ઠીક ન કહેવાય.

વક્ર સ્વભાવવાળી સ્ત્રીને વાતવાતમાં જુઠું બોલવું પડે છે અને પછી તો એના સ્વભાવમાં જ એ દોષ વણાઇ જાય છે. બીજાને છેતરવાને સારૂ અથવા તો પોતાનો વાંક છુપાવવાને સારૂ જુઠું બોલવું એ ભયંકર મહાપાપ છે. શરમને લીધે જુઠું બોલો એ પણ એવું જ પાપ છે. ગમે ત્યારે પણ સરલભાવે સાચી વાત જ કહી દેવી જોઈએ. તમારાથી કંઇ ભૂલ થવા પામી હોય તો તે પણ તમારે

સરલપણે કહી દેવી જોઇએ એથી બીજી ભૂલ કરવાનો તમારો માર્ગ બંધ થશે અને તમારો આત્મા અધિક શુદ્ધ બનશે.

સત્યનો મહિમા અને સત્યનો આનંદ પણ કંઇ અનેરો જ છે. તમે જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે ત્યારે સરળપણે સત્ય વાત કહી દો. કોઈથી પણ શરમાયા કે ભરમાયા વિના મધુરભાવે સાચેસાચું કહેવાની ટેવ કેળવો તો તમે એક દેવીની જેમ જ આદર–સત્કાર પામો. તમારી નિંદા કરવાની કોઈની હિંમત ન ચાલે. સત્ય બોલનારને કોઇથી કયારેય પણ બ્હીવાપણું નથી હોતું. અસત્ય બોલનારને હંમેશા ભયભીત રહેવું પડે છે–રખેને પાપનો ઘડો ભરાય ને ફૂટી જાય એવી એને બીક રહ્યા કરે છે. જ્યાં બીક, ભય હોય ત્યાં આનંદ, સંતોષ શી રીતે રહી શકે ? તમે નિર્ભય રહેવા માગતા હો તો સરળતા સેવજો. સરળતાને બદલે જો થોડી પણ વક્રતા સેવતા થયા કે તરત જ તમે અસત્યના જડબામાં જઇ પડવાના એ વાત ધ્યાનમાં રાખજો. વક્રતા, આડાઇ અને અસત્ય એ બન્ને બહુ નજીકના સંબંધી છે. સરલતા અને સત્ય બન્ને સરખા સરખી સહીયરની જેમ હાથમાં હાથ મીલાવીને કલ્લોલ કરતી આગળ વધે છે. જે સ્ત્રી આ સરળતા અને સત્યનો આનંદ ભોગવવાને ભાગ્યશાળી નથી તે જ કુટિલતા, કૃત્રિમતા અને જુઠાણાના કંટકમય માર્ગે પળે છે. એ માર્ગમાં પાપ અને પાયમાલી સિવાય બીજું કંઇ નથી હોતું. તમે સરળ બનો અને સરળતાની મૂર્તિ રૂપે બીજાને પણ એ માર્ગે આવવાને લલચાવો.

સ્ત્રી–જાતિ સ્વભાવે સરલ છે, પણ એ જ્યારે વક્ર બનવા

લાગે છે ત્યારે પુષ્પોની શય્યા નીચે સાપ છુપાયો હોય એમ ભયંકર બને છે. આપણામાં એવી સ્ત્રીને અવળચંડી કહેવામાં આવે છે. કોઇ કંઇ કહે એનાથી ઉંધું જ કરવું એ અવળચંડી નારીનું મુખ્ય લક્ષણ હોય છે.

તમે કેટલે અંશે સરળ છો તે જાણવું હોય તો તમને પોતાને કોઇ વખતે પણ કોઇ વાત છુપાવવાનું મન થાય છે કે નહીં? તે તમે તમારા પોતાના ન્યાયાધીશ બનીને તપાસજો. આત્મ–પરીક્ષા કરવી હોય ત્યારે દરેકે પોતાની જાતે પોતાના ન્યાયાધીશ બનવું જોઇએ, કારણ કે એવી બાબતમાં બીજાનો ઈન્સાફ કામ નથી આવતો. આત્મશુદ્ધિના કાર્યમાં આપણે પોતે જેટલી કાળજી લેવા ધારીએ તેટલી લઇ શકીએ. હવે જો તમને કોઈ વખતે કોઇ વાત છુપાવવાનું દિલ થઈ આવે, વાતને દાબી દેવા સારૂ અસત્યનો અથવા અર્ધસત્યનો આશરો લેવો પડે તો સમજજો કે એટલે અંશે તમે તમારી સ્વાભાવિક સરળતા ગુમાવી દીધી છે, પણ એનો અર્થ એવો ન કરવો કે સરળ સ્ત્રી કે સરળ પુરૂષ ગાંડાની જેમ જે મનમાં આવે તે વગર વિચાર્યે બોલી નાખે. વાણીમાં સરળતા હોય તેમ સંયમ અને મીઠાશ પણ હોવી જોઇએ.

પતિ–પત્નીનો સંબંધ બીજા બધા સંબંધ કરતાં જુદી કોટીનો છે. પતિ સંબંધી વાતોમાં તમારી સરળતાનો કોઈ ખોટો ઉપયોગ ન કરે એ પણ તમારે ધ્યાનમાં રાખવું જોઇએ. પતિનો પ્રેમ, પતિનો વહેવાર એ દરેકે દરેક પાસે પ્રકટ કરવાની કંઈ જરૂર નથી.

# આત્મસંતોષ

માણસ: માત્રને પોતાની સ્થિતિમાં પૂરતો સંતોષ રહેવો જોઇએ. જે સમયે જે સ્થિતિ હોય તે સમયે તે સ્થિતિમાં સંતોષ માનવો તે સ્ત્રી અથવા પુરૂષનું મુખ્ય કર્તવ્ય છે. અસંતોષ, આસપાસના આનંદને, શાંતિને અને સુખને પણ સૂકાવી દે છે.

જેમણે આત્મસંતોષ નથી કેળવ્યો તે તો દેવતાઓની સમૃદ્ધિ મળવા છતાં પોતાને પરમ દુઃખી જ માનવાના. વસ્તુની પ્રાપ્તિમાં જો સાચું સુખ કે શાંતિ હોત તો સંતોષ સર્વ સુખનું મૂળ છે એમ શાસ્ત્રકારો શા સારૂ કહેત ? શાસ્ત્રો તેમ અનુભવી જ્ઞાનીઓ સંતોષનું મહાત્મ્ય ગાઇ રહ્યા છે તે નિરર્થક નથી. લોભ અને તૃષ્ણાને સ્વચ્છંદપણે વધવા દેવાથી સુખ–શાંતિ હંમેશાં દૂર દૂર જ રહેવાના.

સામાન્ય વિચાર કરો. જેને પૂરતું ખાવાનું નથી મળતું તે માત્ર અન્નની પ્રાપ્તિ માટે ટળવળે છે. એ માણસને પૂરતું અન્ન મળે તો તે વધુ સંગ્રહ કરવાની વૃતિ દાખવશે. ધારો કે એને સારી નોકરી મળે, ખાવાપીવાની ચિંતા ન રહે તો સ્વાભાવિક

રીતે જ તેને પૈસાદાર બનવાનો લોભ લાગશે. પૈસાદાર બનવા છતાં એને સંતોષ નહીં થાય. દુનિયા આખીની સંપત્તિ પોતાને ત્યાં એકઠી થાય તો કેવું સારૂં ? એવા સ્વપ્ન સેવશે અને તે માટે અનેકવિધ પ્રપંચો પણ કરશે. આવી સ્થિતિમાં એના દુઃખ ને અશાંતિમાં સરવાળા અને ગુણાકાર જ થતાં રહેવાના.

ચક્રવર્ત્તી પણ સુખી નથી, કારણ કે એને આત્મસંતોષ નથી. એક નિઃસ્પૃહી ભિક્ષુ, ચક્રવર્તી કરતા વધારે સુખી છે-વધુ સ્વતંત્ર છે, કારણ કે તે આત્મસંતુષ્ટ છે. વસ્તુમાં કંઈ જ સુખ નથી, વૃત્તિ ઉપર જ સુખ-દુઃખનો આધાર છે. તમે જો આત્મસંતોષની વૃત્તિ કેળવશો તો સાચા સુખની, સાચી શાંતિની વધુ ને વધુ નજીક પહોંચી શકશો.

તૃષ્ણા અથવા લોભ આકાશ જેટલા અનંત છે. :વૃત્તિઓને જેમ પંપાળીએ તેમ તેમ તે નિરંકુશ બને છે. આત્મસંતોષ જેવું બીજું એકે સુખ નથી. કુબેર સરખા શ્રીમંતો અને રાજસમૃદ્ધિ-વાળા પણ આખરે જ્યારે સંતોષ તરફ વળ્યા છે ત્યારે જ સુખ અથવા આનંદને વર્યા છે

"મારા કરતાં....બ્હેન વધુ સુખી છે. મારા કરતાં....બ્હેન વધુ માનીતા છે". એવી કલ્પનાઓ કરી કેટલીક બ્હેનો નકામી દુઃખી થાય છે. પોતાના કરતાં બીજાં વધારે સુખી છે, પોતે જ એકલાં દુઃખી છે, એ માન્યતામાંથી ધીમે ધીમે ઈર્ષા, દ્વેષ, અસંતોષ વિગેરે ઉત્પન્ન થાય છે, અને જો પૂરેપૂરી સાવચેતી રા-ખવામાં ન આવે તો એ વૃત્તિઓ આપણને ખબર ન પડે એવી રીતે અવનતિ તરફ તાણી જાય છે.

સ્ત્રીજાતિનાં સુખ–દુઃખ ઘણે ભાગે એમના પતિ, સાસરા કે પિતા–માતાના ભાગ્ય સાથે સંકળાયેલાં હોય છે. પતિના સંયોગો સારા ન હોય તો સ્ત્રીને એ સંયોગો ધૈર્ય અને સંતોષથી સહી લેવાં જ રહ્યાં. એવે વખતે એ મુંઝાયા કરે, મનમાં બળ્યા કરે તો તે અજ્ઞાનતા જ ગણાય. તે જ પ્રમાણે માતાપિતાની સ્થિતિ સારી ન હોય, છતાં એમની તરફથી મ્હોટી આશા રાખવી અને એ ન ફળે એટલે ખેદ ધરવો એ નરી મૂર્ખતા છે. એવે સમયે આત્મસંતોષનો જ એક એવો મંત્ર છે કે જે સર્વ માનસિક સંતાપને દૂર કરે છે. ખાસ કરીને જે સ્ત્રીજાતિ હંમેશા આશ્રિત છે, એટલે કે જે પતિ તેમ જ માતપિતાને આશ્રયીને જ રહે છે તેને સારૂ આત્મસંતોષ જેવો સુખદાયક મંત્ર બીજો નથી.

ભલભલી રાજકુમારીઓએ, પતિના ગૃહે ગયા પછી અનેક પ્રકારનાં દુઃખો અને કષ્ટો સહ્યાં છે. એવી સહનશીલ, સંતોષી, ધૈર્યશાલી રમણીઓનાં પવિત્ર જીવનચરિત્રો આજે પણ આપણે સંભારીએ છીએ. અતિ દુઃખના, અતિ કસોટીના સમયમાં જે સ્ત્રીઓએ પોતાના પતિનો સાથ નથી છોડ્યો, દુઃખમાત્રને પુલના હારની જેમ કંઠે ધારી લીધા છે તે સ્ત્રીઓ આર્યરમણીઓમાં દેવીઓની જેમ પૂજાય છે. એમનામાં પૂરેપૂરો આત્મસંતોષ ન હોત, દુઃખને પણ પોતાના સંતોષને પ્રતાપે પીગળાવવાની શક્તિ ન હોત તો તેઓ આવાં કષ્ટો કઈ રીતે ખમી શકત?

પતિએ પોતાની સતી સ્ત્રીને, અમુક સંયોગોમાં તજી દીધી હોવાનાં વૃતાંત આપણે પ્રાચીન ગ્રંથોમાં વાંચીએ છીએ.

વનમાં એકાકી રઝળતી અને મહાકષ્ટે દિવસો વીતાવતી વીરાંગનાઓની વાતો પણ આપણે વ્યાખ્યાનોમાં સાંભળી છે. એવાં એવાં કષ્ટોની પાસે આપણાં સામાન્ય દુઃખ કઈ વીસાતમાં છે ?

આત્મસંતોષ કેળવવો એ તમને બહુ મ્હોટી વાત લાગે છે ? આટલું યાદ રાખજો કે સુખ–દુઃખનો આધાર કોઈ પણ પ્રકારની અવસ્થા ઉપર નથી; વૃત્તિ ઉપર છે. સત્તાધારીઓ પણ પોતાની અવસ્થામાં સુખી નથી. શ્રીમંતો પણ શ્રીમં-તાઇ માત્રથી પોતાને સુખી નથી માનતા. સુખનો સાચો આધાર વૃત્તિ છે. વૃત્તિમાં સંતોષ હોય તો આખો સંસાર સુખમય બની જાય. દુનિયાને ચામડાથી મઢી ન શકાય, પરંતુ માણુસ પગરખા પહેરી લે એટલે એને સારૂ સારી દુનિયા ચામડાથી જ મઢેલી બની જાય.

રાજા–મહારાજાઓએ પણ પોતાના વૈભવવાળા વિલાસ-ભવનોમાં જે સુખ ન્હોતું માણ્યું તે સુખ તેઓ, આત્મસંતોષના પ્રતાપે ત્યાગદશામાં મેળવી શકયા હતા. એનો અર્થ એ જ કે અમુક પ્રકારની સ્થિતિ કે અમુક પ્રકારના સંયોગોમાં સુખ–દુઃખ સમાયેલાં છે, એ કલ્પના ઠગારી છે. સંતોષી વૃત્તિ ગમે ત્યાંથી સુખ, આનંદ, તૃપ્તિ મેળવી શકે છે; અસંતોષી વૃત્તિ, એક માત્ર અસંતોષને અંગે આસપાસનાં સુખ–આનં-દને પણ સળગાવી દે છે.

સ્રીના આત્મસંતોષ ઉપર આખાયે કુટુંબના સુખનો આધાર છે, એ વાત ન ભૂલતા.

---

# પરિશ્રમ

"સ્ત્રીઓને મ્હેનત કરવાની જરૂર જ ક્યાં છે ?" કેટલાકો આવી મતલબની શંકાઓ ઉઠાવે છે. સ્ત્રી-જાતિ કોમળાંગી ગણાય છે, પણ એનો અર્થ એવો નથી થતો કે એમણે કોઈ પ્રકારનું મ્હેનતનું કંઈ કામકાજ ન જ કરવું જોઈએ. આજે ઘણાખરા કુટુંબોમાં દાસ-દાસીઓ અથવા નોકર-ચાકરો હોય છે. ઘરનું ઘણું કામ તેઓ કરે છે. સ્ત્રીઓના હીસ્સામાં થોડું જ કામ આવે છે. એનું પરિણામ કેટલું અનિષ્ટ આવ્યું છે, તેનો જરા વિચાર કરો. મૃત્યુની સંખ્યામાં મ્હોટે ભાગે સ્ત્રીઓ અને બાળકોનાં જ નામ આપણે સાંભળીએ છીએ. એક તો એમને ઘરના ખૂણામાં ભરાઈ રહેવું પડે છે અને કેટલેક સ્થળે પડદાના વધારે પડતા રિવાજને અંગે, શુદ્ધ હવા-પ્રકાશ પણ મળી શકતાં નથી. બીજું સ્ત્રીઓને મ્હેનત-પરિશ્રમનું કામકાજ કરવું પડતું નથી એટલે એમનાં શરીર નિર્બળ અને નિસ્તેજ બની જાય છે. સ્વાભાવિક રીતે જ રોગ એવે સ્થળે પોતાનો હુમલો લઈ

જાય છે. ક્ષય જેવા દર્દો મોટે ભાગે સ્ત્રીઓમાં વધુ જોવાય છે અને અકાળ મૃત્યુની ભયંકરતા પણ ત્યાં જ અનુભવાય છે. અજ્ઞાનતા એમાં મોટો ભાગ ભજવે છે. સ્ત્રીઓ જો મહેનતનો મહિમા સમજતી થાય, આરોગ્યની કીંમત આંકતી થાય, તો બાળકો અને સ્ત્રીઓ પોતે પણ રોગની સામે પોતાનો સરસ બચાવ કરી શકે.

એક જમાનો એવો હતો કે જે વખતે સારા સારા કુટુંબની સ્ત્રીઓ પણ રોજ સવારે વ્હેલી ઉઠી, દેવદર્શન, ગુરુવંદન વિગેરે ધર્મક્રિયાઓથી પરવારી ઘરનાં બધાં મહેનતનાં કામકાજ આટોપી લેતી. મહેનત કરવાથી એમનું સ્વાસ્થ્ય પણ ઘણું સારૂં રહેતું. વૈદ્ય કે દાકતરનાં પગલાં એમને ત્યાં ભાગ્યે જ થતા. એમના કસાએલાં શરીરને દવા-દારૂની પણ ક્વચિત્ જ જરૂર પડતી.

આજે તો સામાન્ય કુટુંબોમાં પણ શારીરિક પરિશ્રમની અવગણના કરવામાં આવે છે. મહેનતનાં કામ બીજાની પાસે કરાવવામાં આવે છે. એક તો એથી શરીર દુર્બળ બને છે અને બીજું વૈદ્ય અને દવા પાછળ સારી જેવી રકમો ખરચાઇ જાય છે.

શારીરિક મહેનત ગરીબો જ કરે એ માન્યતા, તમારા મનમાંથી કાઢી નાખજો. શરીર એ યંત્ર છે. યંત્ર જો નકામું પડ્યું રહે તો તે કટાયા વિના ન રહે. શરીરનું પણ એમ જ સમજજો. તમારે શરીરની પાસેથી, એના ગજાના પ્રમાણમાં કામ લેવું જ જોઇએ. નોકરને બહુ મ્હોઢે ચડાવવાથી

એ જેમ ઉદ્ધત બને તેમ શરીરને જો વધારે પડતું કોમળ બનાવીએ તો પછી એ છેક બળવાખોર બની જાય. શરીર ઉપર જૂલ્મ કરવો એમ કહેવાનો અહીં આશય નથી, પણ યથાશક્તિ મહેનત અથવા મજુરી કરવામાં કોઇ પ્રકારનો સંકોચ ન રાખવો જોઇએ, એ જ અમારો કહેવાનો મુખ્ય આશય છે.

આરોગ્ય વૈદ્યની દવાથી જ મળી શકે, એના જેવી બીજી એકે ખોટી ભ્રમણા નથી. તમે પોતે આરોગ્યના ભંડારરૂપ છો. જેમ જેમ તમે મહેનતનાં કામ કરશો તેમ તેમ તમારાં શરીર અને મન વધુ પ્રફુલ્લિત રહેશે. દવાથી નહીં, પણ પરિશ્રમથી તમે આરોગ્યના ભંડાર ઉઘાડી શકશો.

જેઓ શરીરની શક્તિના પ્રમાણમાં દેહને કસે છે તેમના મુખ ઉપર આરોગ્યનું તેજ છવાયેલું રહે છે. એમનાં મન પણ ઉલ્લાસથી ભરેલાં હોય છે. એથી ઉલટું જેઓ આળસુની જેમ પગ ઉપર પગ ચઢાવીને બેસી રહે છે, માત્ર જીભ જ હલાવે છે તેઓ આરોગ્યના આનંદનો પૂરેપૂરો ઉપભોગ કરી શકતા નથી. શરીર અને મનને ઘણો નિકટનો સંબંધ છે. શરીર નબળું બને એટલે મન પણ નબળાઇની અસરથી મુક્ત ન રહી શકે, નબળું મન નકામા કલેશ–કંકાસ ઊભા કરે છે, મનની નબળાઇ બીજા અનેક વ્હેમોને–મિથ્યાભાવને ઉત્તેજન આપવા વળે છે, એ રીતે વધારે પડતી કોમળતા શરીર અને મનને બગાડે છે, એટલું જ નહીં પણ આખા કુટુંબમાં ઝેરી વાતાવરણ પેદા કરે છે.

સાચી સેવાભાવી સ્ત્રી, મહેનત કરવી પડે તો તે વખતે પોતાના ભાગ્યને નિંદતી નથી, પણ ઉલટી પ્રમોદ અનુભવે છે. પોતાના શરીરથી પોતાના કુટુંબની, વડીલોની સેવા કરી શકે છે, એમ સમજી પોતાની મહેનતને સફળ થયેલી માને છે. શરીરને આળસુ રાખવાની આદત પડે છે ત્યાં નજીવી વાતમાં કલેશ થાય છે.

અલંકાર કે કિમતી વસ્ત્રો કરતાં પણ તમારા આરોગ્યનો પ્રભાવ અનેકગણો વધારે છે, અને આરોગ્ય મહેનતથી જ મળે છે, એ વાત યાદ રાખજો.

ઘરમાં નોકર–ચાકર હોય તો ભલે, પણ એમની ઉપર જ તમારો બધો આધાર ન રહેવો જોઇએ. ઘરના કામકાજમાં જેમ જેમ તમે વધુ મન પરોવશો તેમ તેમ બીજી ઘણી નકામી કુથલીઓ, નિંદાઓ, કજીઆઓમાંથી બચી જશો. જે કુટુંબમાં શારીરિક મહેનતનું કામકાજ સ્ત્રીઓને કરવાનું નથી હોતું ત્યાં તેમને પુષ્કળ નવરાશ મળે છે. એ નવરાશ નખોદ વાળે છે. પરિશ્રમમાં રોકાયેલું મન એવી બૂરાઇઓ–માંથી બચી જાય છે. નવરાશ મળે ત્યારે પણ તમારા મનને ઉદ્યોગમાં રોકી રાખે એવું કામ શોધી કાઢજો. મહેનત કરવાથી તમે નિંદાશો, તમે ગરીબ ગણાશો એવી શંકા મનમાંથી કાઢી નાખજો. શરીર અને મનને સુખી રાખવાને સારૂ મહેનત—મજુરી—પરિશ્રમ એક રામબાણ ઉપાય છે.

# સ્નેહ

પુરૂષની શોભા એના પુરૂષાર્થમાં છે. બળ, પરાક્રમ, વીરતા વિગેરે ગુણો પુરૂષને વર્યા છે, જ્યારે સ્નેહ, મમતા, સેવા, સુશ્રૂષા એ સ્ત્રીના સદ્ગુણો છે. એ સદ્ગુણોથી જ સ્ત્રીનું સ્ત્રીત્વ દીપે છે. સ્નેહ, પ્રીતિ, ભક્તિ વિનાની સ્ત્રી કલ્પી શકાતી નથી. એક સ્ત્રીનો સ્નેહ, સમસ્ત કુટુંબમાં વેગવાળી નદીની જેમ બધે ફરી વળે છે, આખાયે કુટુંબને સોહામણું બનાવે છે. સ્ત્રીમાંથી સ્નેહને બાદ કરો તો બાકી શું રહે ? સ્ત્રીના સ્નેહાદિ ગુણ સૂકાયા પછી કુટુંબ જાણે કે સૂકા રણ જેવું સંતાપમય અને શુષ્ક બની જાય છે.

સ્વભાવથી જ સ્ત્રીમાં સ્નેહનો ગુણ ઘર કરીને રહે છે. એ સ્નેહની સરિતામાંથી સર્વ કુટુંબીજનો સ્નેહપાન કરે છે. સંસારના ઘણાખરા સંતાપ એ સ્નેહ-સરિતા આગળ પહોંચતા જ અદૃશ્ય થઈ જાય છે.

કુટુંબમાં કોઈ બીમાર થાય છે ત્યારે કુળલક્ષ્મીનો સ્નેહ એ બીમાર તરફ આપોઆપ વહે છે. પુરૂષો બહારના કામકાજમાં ગુંથાયેલા હોય છે ત્યારે સ્ત્રી જ એ બીમારની પથારી પાસે બેસી, યથાશક્તિ સેવા-સુશ્રૂષા કરતી હોય છે. કુટુંબના દુઃખી રોગી માણસોને માટે સ્ત્રીનો સ્નેહ એક અમૃતવેલી

જેટલો સુખદાયક બને છે. દુઃખીઓનાં અર્ધાં દુઃખ તો સ્ત્રી પોતાની સ્નેહશક્તિવડે જ દૂર કરી શકે છે. સ્નેહ વિનાની સ્ત્રી વસ્તુતઃ સ્ત્રીના નામને પણ યોગ્ય નથી.

પતિ કે પુત્રની સગવડતા સાચવવામાં સ્ત્રીઓ જે ધૈર્ય અને સહનશક્તિ બતાવે છે, તે બધાનું મૂળ આ સ્નેહ જ છે. જો એને પોતાના પતિ કે પુત્ર માટે અગાધ સ્નેહ ન હોય તો આટલું ધૈર્ય બતાવી શકે નહીં. સ્ત્રી સ્નેહના અણુથી જ ઘડાએલી છે, એ સ્નેહમૂર્તિ છે એટલે જ તે પોતાના સુખના ભોગે બીજાને સુખી કરે છે, પોતાની સગવડતાના ભોગે અન્યને આનંદમાં રાખી શકે છે. જે સ્ત્રી પોતાના સ્વાભાવિક સ્નેહને કેળવે છે તે સ્ત્રી આખાયે કુટુંબને શાંતિથી ઉભરાવી દે છે.

જ્યાં સ્નેહ વસે છે ત્યાં ક્રૂરતા, નિષ્ઠુરતા, અભિમાન અને ક્રોધ રહી શક્તા નથી. એક જણે તમારૂં કદાચ થોડું નુકસાન કર્યું હોય તો પણ જો તમારા વિશુદ્ધ હૃદયમાં સ્નેહ હશે તો તમે એને સ્હેલાઇથી માફ કરી શકશો. સ્નેહ વિનાનાં હૈયાં વેર, બદલો અને ક્રોધથી હમેશાં ધમધમતાં જ રહે છે. કેટલીકવાર ક્રોધના પ્રસંગો બને, પણ જો અંતઃકરણમાં સ્નેહ હોય, સ્નેહની આંખે એનું અવલોકન કરવામાં આવે તો ક્રોધ પણ શાંત બની જાય. સ્નેહ જ વેરીને પોતાનો મિત્ર બનાવે છે. ક્રોધ કે ક્રૂરતા જે કાંઈ કરી શકતા નથી તે સ્નેહ કરી શકે છે. સ્નેહ જંગલી જનાવરને પણ વશીભૂત કરે છે. આવો અલૌકિક સદ્ગુણ સ્ત્રી–જાતિને વર્યો છે, એ શું એક પરમ સૌભાગ્ય નથી ?

કેટલીક સ્ત્રીઓ દમામ, ક્રોધ અને અભિમાનને પોતાની મહત્તાના સાક્ષીરૂપ માને છે, પણ એ ખોટા સાક્ષીઓ છે. એનાથી સ્ત્રીની મહત્તા કે ગૌરવ વધવાને બદલે ઉલટા ઘટે છે. એ સાક્ષીઓ જ જાહેર કરી દે છે કે ક્રોધ, અભિમાન કે મીજાજમાં સાચું સ્ત્રીત્વ હોતું નથી.

સ્ત્રીનો સ્નેહ પૂર્ણિમાના શીતળ પ્રકાશની જેમ બધે ફરી વળે છે, એ સ્નેહ દુશ્મનને પણ તરબોળ કરે છે, દુષ્ટમાં દુષ્ટ ગણાતા મનુષ્યોને પણ એ પોતાના પવિત્ર સ્નેહના રસાયણથી સજ્જ બનાવી શકે છે.

આધિ, વ્યાધિ અને ઉપાધિથી ભરેલા સંસારમાં સ્ત્રી જ સાચી સેવિકા છે. પુત્રીરૂપે, પત્નીરૂપે, માતારૂપે એ સ્ત્રી સંસારના દુઃખીઓ–દર્દીઓને આશ્વાસન આપી એમના દુઃખભાર હલકા કરે છે. સંગ્રામ સમયે કે મહામારીની ભયંકર આફત બધે ત્રાસ વર્તાવતી હોય છે તે વખતે સ્ત્રી જ દયાની દેવી રૂપે બહાર પડે છે, ઘવાયેલાઓની તેમજ બીમારોની વિવિધ પ્રકારે સેવા કરે છે.

સ્નેહની શક્તિ કુરૂપને પણ સુરૂપ બનાવે છે. સ્નેહની દૃષ્ટિને સર્વત્ર નિર્દોષ આનંદ ઉભરાતો દેખાય છે. સ્નેહથી ભરેલા આત્માને કટુતા, ધ કે અભિમાન સ્પર્શી શકતાં નથી. તમે તમારા કુટુંબમાં સૌને આવી સ્નેહની નજરે નીહાળશો અને સ્નેહથી સૌની યથાશકિત સેવા કરશો તો તમારી આસપાસનું વિશ્વ સ્વર્ગીય ઉદ્યાન જેવું રમણીય બનશે. સ્નેહનું આંજણ આંજશો તો નરી સ્વચ્છતા, નિર્મળતા જ કલ્લોલ કરતી દેખાશે.

# ધર્મકરણી

સૌ કોઈ પોતાનું સુખ વાંછે છે. પોતાના કુટુંબ-પરિવારનું થાય એવી વૃત્તિ પણ સૌ રાખે છે. પોતાના સુખ અને કુટુંબનાં કલ્યાણ અર્થે માણસ જાત રાતદિવસ તનતોડ પ્રયત્નો કરે છે. સ્વભાવે સ્વતંત્ર એવા માણસો પણ સમાજના, આરોગ્યના, રાજ્યના ઘણાં ઘણાં કાયદા—બંધનો રાજીખુશીથી સ્વીકારે છે. સુખ, સહિસલામતી અને શાંતિ માટે મનુષ્ય માત્ર ઉત્કંઠ રહે છે.

પરન્તુ સુખ એ જ માનવ જીવનનું એક માત્ર સાધ્ય નથી. દેવ, ગુરૂ, ધર્મમાં નહિં માનનાર નાસ્તિક પણ વહેવારના કેટલાક નિયમો સારી રીતે પાળવાથી દેખીતી રીતે સુખી બની શકે છે. સ્થૂલ દૃષ્ટિએ એ વૈભવનો ઉપભોગ કરતો દેખાય છે. આપણે એને સુખી માણસોની સંખ્યામાં મૂકીએ છીએ, પણ જરા ઊંડા ઉતરીને જોઈશું તો બહારથી સુખી દેખાતો માણસ પણ જો ધર્મકરણીથી વિમુખ હશે તો તે પૂરતી શાંતિ મેળવી શકશે નહિ.

એથી ઉલટું, બહારથી જેઓ ગરીબ જેવા દેખાય છે, જેઓ રોજનું રોજ કમાય છે અને એ રીતે માંડમાંડ પોતાની આજીવિકા ચલાવે છે તેઓ જો અંતરમાં ધર્મવૃત્તિ

રાખતા હશે તો તેમના સુખ પાસે બીજાં બધાં સુખ તુચ્છવત્ બની રહે છે. એમના અંતરનો આનંદ, એમની આત્મ-શાંતિ સંસારના સુખ–પ્રમોદ કરતાં અસંખ્યગણા વધારે કિંમતી હોય છે.

સંસારમાં ઘણીવાર અચાનક દુઃખના દાવાનળ સળગી ઉઠે છે. અણધારી આપૂતના ભયંકર તોફાન જાગે છે. કદિ પણ કલ્પ્યું ન હોય એવી દિશામાંથી દુઃખના વાદળ ચડી આવે છે. એવે વખતે ભલભલા કાર્યકુશળ ગણાતા બુદ્ધિવાનોની બુદ્ધિશકિત પણ બુંઠી બની જાય છે, એમની ગભરામણનો પાર રહેતો નથી. તેઓ પોતે મુંઝાય છે અને પોતાની આસપાસના માણસોને પણ મુંઝવે છે.

સંસારની અનિત્યતા, રાગ–દ્વેષની અકળ લીલા અને મોહ-મહારાજાનો પ્રબળ પ્રતાપ સમજી શકનારા સ્ત્રી–પુરૂષોને સંસારના દાવાનળ બેચેન બનાવી શકતા નથી. જેઓ નિરંતર દેવદર્શન, પ્રભુસ્તવન, વ્યાખ્યાનશ્રવણ અને વિવિધ વ્રત-નિયમમાં ઉમંગથી રસ લેતા હોય છે, વિધિ અને ક્રિયાના અર્થ તેમજ રહસ્ય સમજવાનો પ્રયત્ન કરતા રહી ધર્મક્રિયા-ઓનું યથાશકિત પાલન કરતા હોય છે. તેમની અંતરની શાંતિ, દ્રઢતા કોઈ અજબ પ્રકારની હોય છે. જિનેંદ્ર ભગવાનના દર્શન–સ્તવન વિગેરેના રોજે–રોજના અભ્યાસને લીધે એમના આત્મા રોજ–રોજ અધિકાધિક નિર્મળ બનવા પામે છે. ગુરૂવંદન અને વ્યાખ્યાનશ્રવણના પ્રતાપે તેઓ સ્વપરનો તેમજ યથાર્થ સુખ–દુઃખનો વિવેક કરી શકે છે. વ્રત-નિયમથી એમનાં સહનશીલતા અને ધૈર્ય કેળવાય છે.

ધર્મકરણી એટલે આંખ વીંચીને વગરવિચારે કરાતાં કેટલાક કૃત્યો એવી સમજણ ખોટી છે. એકે-એક ધર્મ-કરણીમાં ઉંડું રહસ્ય ભર્યું છે. એ રહસ્ય સમજવાનો પ્રયત્ન કરશો તો તમને પોતાને આનંદ થશે, એટલું જ નહીં પણ સંસારના બધા તોફાનોમાંથી તમે તમારી નૌકાને બચાવી શકશો. ધર્મમાં જે એક પ્રકારનું બળ છે તેનો તમને પોતાને પણ અનુભવ થશે.

તીર્થંકર ભગવાનનાં અને પ્રાતઃસ્મરણીય સતીઓનાં જીવન-ચરિત્ર લક્ષપૂર્વક વાંચશો તો એમણે દુઃખ કે ઉપસર્ગ માત્રને સહન કરતાં. એ દુઃખ-ઉપસર્ગ ઉપર પોતાનો વિજયસ્તંભ કેવી રીતે રોપ્યો તે તમને સમજાશે. એ ચરિત્રોમાંથી દુઃખ માત્રને ઓગળાવવાનો કીમીઓ તમને મળી આવશે. જિન-દેવદર્શન અને સ્તવનમાં એ ચરિત્ર ચિંતવશો. એમ સમજણ-પૂર્વક ધર્મક્રિયા કરવાથી તમારા આત્મામાં કોઇ એક પ્રકારનો અપૂર્વ આહ્લાદ અનુભવશો.

ધર્મક્રિયાનો હેતુ, સંસારની અનેકવિધ વાસનાઓ ઉપર વિજય મેળવવાનો, આત્માનું શુદ્ધ-વાસ્તવિક સ્વરૂપ પામવાનો છે. તપશ્ચર્યા વખતે પણ એ હેતુ વિસરશો નહીં. ધર્મકરણીથી તમારી વૃત્તિઓ કેળવાશે અને સ્નાનથી જેમ દેહ શુદ્ધ થાય તેમ ધર્મકરણીથી તમારૂં અંતઃકરણ નિર્મળ બનશે.

કેટલીકવાર ધર્મકરણી કરનારી બ્હેનોને પણ રાગ-દ્વેષ-ક્લેશ-કંકાસના કીચડથી લેપાયેલી જોઇ લોકોને આશ્ચર્ય થાય છે. એનું કારણ એટલું જ હોય છે કે ધર્મકરણી કરવા છતાં એમના અંતરમાં જે એક પ્રકારની શુદ્ધિ આવવી જોઇએ તે

આવેલી હોતી નથી. દેરાસરમાં જવાથી દેવદર્શનનો આપણો નિયમ ભલે જળવાય, એ નિયમ નિરૂપયોગી નથી, પણ જો અંતર રોજ–રોજ નિર્મળ થતું ન લાગે તો ધર્મકરણીનો આશય હજુ સિદ્ધ નથી થયો એમ સમજી વધુ જાગૃત રહેતાં શિખજો. ધર્મક્રિયા જો કે દિવસમાં થોડો વખત જ ચાલે છે, પણ એની અસર આપણા આખા દિવસના જીવનમાં વ્યાપી રહેવી જોઇએ.

સંસારમાં એવા ઘણા પ્રસંગો બને છે કે જે વખતે ચિત્તની શાંતિ જાળવવી મુશ્કેલ થઇ પડે, પરન્તુ જેઓ ધર્મકરણી કરે છે તેમને સારૂ તો એ પરીક્ષાની ઘડીઓ છે. ક્લેશ તેમજ અશાંતિની પળોમાં જે બ્હેન પોતાની શાંતિ, સમતા, ધીરજને ખોઇ ન બેસે, ક્રોધના પ્રસંગોમાં પણ જે સમજીને શાંત રહે તે ખરેખર ધન્યવાદને પાત્ર છે. એવી બ્હેનની ધર્મકરણી સાર્થક બની છે એમ જ કહેવાય. ધર્મ આત્માના ઉદ્ધાર માટે છે. ધર્મને નામે વ્હેમ, મિથ્યાત્વ કે એવી પ્રપંચ-જાળમાં ન ફસાઇ જવાય તે પણ તમારે લક્ષમાં રાખવાનું છે. ધર્મને નામે કેટલીક બ્હેનો ઘણા આડા માર્ગે વળી જાય છે, સ્વાર્થીઓ એ પ્રકારની શ્રદ્ધાનો દુરૂપયોગ કરે છે અને એથી ધર્મ નિંદાને પાત્ર બને છે.

ધર્મને અને આત્મકલ્યાણને સીધો સંબંધ છે. જ્યાં એ પ્રકારનો સંબંધ ન જણાય ત્યાં વસ્તુતઃ ધર્મ નથી; ધર્મનો આડંબર માત્ર છે એમ સમજજો. સ્રીનાં હૃદયમાં ભક્તિ, શ્રદ્ધા સ્વભાવથી જ રહે છે. એ ભક્તિ અને શ્રદ્ધાવડે ક્રમે ક્રમે તમારે તમારી આત્મશક્તિ ખીલવવાની છે એ ન ભૂલશો. ચમત્કારો કે આશ્ચર્યોથી ભોળવાઇ જશો મા.

# સતીત્વ

સતીત્વ અથવા શીલરક્ષા એ સ્ત્રી જાતિનો મુખ્ય અને સર્વશ્રેષ્ઠ ગુણ છે. શાસ્ત્રોમાં તે સંબંધે ઘણું ઘણું વિવેચન કરવામાં આવ્યું છે. સ્ત્રીના બીજા ગુણો ભલે તેજસ્વી નક્ષત્રોની જેમ ચમકયા કરે પણ સૂર્ય વિના જેમ અંધારી રાત્રિનો અંધકાર ઓગળતો નથી તેમ એક સતીત્વ વગર બીજા ગુણો કંઈ પ્રકાશમાં આવી શકતા નથી. શીલ જ સ્ત્રી–જાતિને ગૌરવશાળી તેમજ આદરણીય બનાવી મૂકે છે. મતલબ કે શીલ ન હોય તો બીજા બધા ગુણો આગીયાની જેમ ચમકી પાછા ઉડી જાય છે.

જે જે સ્ત્રીઓએ કસોટીના સમયે પોતાના શીલનું રક્ષણ કર્યું છે, તેમના સ્તુતિગાન આજે હજારો વરસ વીતવા છતાં આપણે ગાઈએ છીએ. જે જે સતી સ્ત્રીઓએ ભયંકર આફતના વખતમાં પણ પોતાના પતિનો સંગાત નથી છોડ્યો, ક્ષણિક વૈભવથી નથી લોભાઈ એને ઉદ્દેશી નાસ્તિક મનુષ્ય પણ પ્રણામ કરે છે. જે જે સતી સ્ત્રીઓએ

એક માત્ર શીલરક્ષાની ખાતર પોતાના પ્રાણુની આહૂતિઓ આપી છે, તેમનાં જીવનચરિત્રોથી ઇતિહાસ પણ પોતાને ભાગ્યશાળી માને છે. સતીત્વ એક એવું રત્ન છે કે જેની કિંમત કોઇ આંકી શકયું નથી. એ રત્નના પ્રકાશ પાસે બીજા પ્રકાશ નિસ્તેજ બની જાય છે. શીલરક્ષાના એક જ સદ્ગુણથી સ્ત્રી–જાતિ અમર નામના મેળવે છે.

સતીત્વ એ નારીજીવનનો મૂળ પાયો છે. એ પાયા ઉપર જ બીજા સદ્ગુણો મહેલની જેમ ખડા રહે છે. સતીઓનાં પવિત્ર નામોનું સ્મરણ કરતાં આજે પણ આપણે કહીએ છીએ કે:—

इच्चाइ महासइओ, जयंति अकलंकसीलकलिआओ।
अज्ज वि वजइ जासिं, जसपडहो तिहुअणे सयले॥

એટલે કે સુલસા, ચંદનબાળા આદિ સતીઓ જેમણે પોતાના શિયલ નિર્મળ રાખ્યા તેમનો યશરૂપી પડહ આજે પણ ત્રણે ભુવનને વિષે વાગી રહ્યો છે. સુલસાની પરીક્ષા કરવા હરિણૈગમેષી દેવે સાધુનું રૂપ લીધું અને સુલસાની ધીરજ ખૂટી જાય તેવું કર્યું, છતાં સુલસાએ પોતાની દ્રઢતા ન મૂકી. તેનાં બત્રીશ બત્રીશ પુત્રો શ્રેણિક રાજાને બચાવવા જતા મરી ખૂટ્યા એટલું છતાં સુલસા નિર્વિકાર રહી. ભગવાન મહાવીરે એને પરમ શ્રાવિકા માની, ધર્મલાભ કહેવડાવ્યા હતા. સતી નારીનું આ સૌભાગ્ય કાંઇ જેવું તેવું ન ગણાય. ચંદનબાળા રાજકુંવરી હતી, કૌશાંબીની બજારમાં એ વેચાઈ, એનાં પગમાં બેડીઓ પડી, એના મસ્તકે મુંડન થયું છતાં એ પોતાના શીલથી ના

ઠગી. મદનરેખાને એના પોતાના જેઠે ઘણી ઘણી રીતે હેરાન કરી, મદનરેખાના પતિનું ખૂન કરવામાં આવ્યું, એ વિકટ અરણ્યમાં એકલી રઝળી, છતાં પોતાનું શિયલ ન છોડયું. નર્મદાસુંદરી વેશ્યાના આવાસમાં આવી ચડવા છતાં પોતાના શિયલને અખંડિત રાખી શકી. સુભદ્રા, પોતાના પતિની શંકાનો ભોગ બની, પણ જ્યારે સુભદ્રાએ પોતાના શીલના પ્રભાવે નગરીના દરવાજા ઉઘડાવ્યા ત્યારે સૌની ખાત્રી થઈ કે સુભદ્રા સતી–શિરોમણિ હતી.

સતીધર્મની વ્યાખ્યાન કરતાં, ઉપદેશરત્નાકરમાં એક સ્થળે કહ્યું છે કેઃ—

**या शीलभंगसामग्रीसंभवे निश्चला मतिः ।**
**सा सती स्वपतौ रक्तेतराः संति गृहे गृहे ॥**

શીલનો ભંગ થવાની સામગ્રીનો સંભવ છતાં પણ જેની બુદ્ધિ નિશ્ચળ રહે, પોતાના પતિને વિષે જ અનુરકત રહે તે સ્ત્રી સતી કહેવાય, બાકી તો બીજી સ્ત્રીઓ ઘેર ઘેર છે. એ પછી એના અનુસંધાનમાં સતી શીલવતીની કથા આપવામાં આવી છે. સતી શીલવતીને લોભાવવા, સતીધર્મની પરીક્ષા કરવા મહારાજાએ પોતે ઘણી ઘણી યુકિતઓ કરી પણ એ યુકિતની જાળમાં મહારાજા, મંત્રી, સેનાપતિ ને કોટવાળ ફસાઇ પડયા. મહારાજા અને તેમના મંત્રીઓ વિગેરે હાસ્યાસ્પદ બન્યા. સતી શીલવતીએ મહારાજાની લાલચોને લાત મારી પોતાની પવિત્રતા જગજાહેર કરી. લલચાવનારા સંયોગોમાં કોઇ પણ સ્ત્રી ફસાયા વિના ન રહે, એમ જે મનાતું હતું તે માન્યતા શીલવતીએ ખોટી પાડી. સ્ત્રી–જાતિમાં

પણ પર્વત જેવી અચળતા હોય છે, અને તે પોતાનાં સતીત્વના તેજથી અશકયને શકય બનાવી શકે છે, એ વાત શીલવતીએ પૂરવાર કરી આપી. સ્ત્રી–જાતિ ઘણી નિર્બળ હોય છે, સ્ત્રી–જાતિને ફસાવવા સારૂં અમુક પ્રકારના અનુકૂળ સંયોગો બસ છે, એમ જે કહેવામાં આવે છે તે કેટલું બધું નિર્મૂળ અને ભ્રામક છે તે આ સતીઓએ પોતાના જીવનચરિત્રોથી સિદ્ધ કર્યું છે.

સ્ત્રી ભલે બીજી રીતે પુરૂષથી નબળી હોય પણ જો તે દ્રઢ નિશ્ચયવાળી હોય, પતિને વિષે આસ્થાવાળી હોય તો મનુષ્ય તો શું પણ દેવો પણ એમને ચલિત કરી શકે નહીં. ગમે એવા કપરા સંજોગોમાં પણ અબળા પોતાની વિશુદ્ધિને ઝાંખપ લાગવા ન દે. પ્રાચીન તેમજ અર્વાચીન સતીઓના જીવનનો એ એક અમૂલ્ય બોધપાઠ છે.

શીલરક્ષાને અંગે સ્ત્રીઓએ જે સાહસ ખેડ્યાં છે, જે રીતે પોતાના દેહને અગ્નિને અર્પી દીધાં છે તે જોતાં સ્ત્રી એક મહાશકિત જ છે, એમ કહેવું પડે. સ્વભાવે મૃદુ–કોમળ છતાં પણ શીલરક્ષાને વખતે સ્ત્રી કરાળ સ્વરૂપ ધરી શકે છે.

સતીત્વ એ જ ગૃહસ્થધર્મનો આધારસ્તંભ છે. જે પોતાના પતિને વિષે સંપૂર્ણ શ્રદ્ધા ધરાવે છે, દુઃખ કે શોકના અવસરોમાં પતિની પડખે ઉભી રહે છે, દુષ્ટ પુરૂષોનાં છળપ્રપંચને પોતાની શકિતના બળે ભેદી નાખે છે, તે જીવનમાં મોટી કમાણી કરી જાય છે. શીલનાં રક્ષણમાં બીજાં અનેક સદ્‌ગુણોનું પાલન આવી જાય છે. પ્રાણના

સર્વસ્વના ભોગે પણ સતીત્વની રક્ષા કરજો. નિષ્કલંક સતીત્વ, છેદાયેલા અંગોને પણ પાછા પોતાને સ્થાને સ્થાપે છે. સતી કલાવતીના સંબંધમાં કહેવામાં આવે છે કેઃ—

छेदात् पुनः प्ररोहंति, ये साधारणशाखीनां ।
तद्वच्छीन्नानि चांगानि, प्रादुर्यांति सुशीलतः ॥

જેમ અનંતકાય વનસ્પતિને છેદવાથી પાછી ફરીને ઉગે છે, તેમ ઉત્તમ શીલથી છેદાયલા અંગો પણ પાછા ઉત્પન્ન થાય છે.

કલાવતીના વિષયમાં એના પતિને જ શંકા ઉપજી હતી, તેથી તેણે કલાવતીના બન્ને કાંડા કપાવી નાખ્યા હતા. આખરે તે શંકા ખોટી હતી તેમ સમજાયું. કલાવતીએ પોતાની પવિત્રતાના પ્રભાવે પૂરી હાથના કાંડા મેળવ્યા. શંકાશીલ પતિએ અંતે ઘણો પશ્ચાત્તાપ કર્યો.

શિયલનો એ પ્રભાવ છે. શૂળીમાંથી સિંહાસન ઉપજાવવાની શકિત શિયલમાં જ છે. શીલવતી નારી કુટુંબ અને સમાજને સારૂ નહીં પણ, સમસ્ત સંસારને સારૂ એક આદર્શ દૃષ્ટાંત મૂકી જાય છે.

# સ્ત્રી-જીવનના કેટલાક દોષો

ઘરની લક્ષ્મી જેવી ગણાતી સ્ત્રીઓએ કયા કયા ગુણો મેળવવા જોઇએ, એ ટૂંકામાં ઉપર કહેવાયું છે. હવે ખાસ કરીને કયા કયા દોષોથી સાવચેત રહેવું જોઇએ, કયા કયા દોષો ધોઇ નાખવા જોઇએ, તે ટૂંકામાં કહેવાનો પ્રયત્ન કરશું.

ગુણોનો અભાવ એ પણ એક દોષ જ છે. જે જે ગુણો અમે વર્ણવી ગયા તેનો અભાવ હોય તો તેને પૂરવાનો પ્રયત્ન કરજો. સત્ય બોલવું એ એક સદ્‌ગુણ છે, અસત્ય બોલવાની ટેવ એ એક દુર્ગુણ છે. તમે સત્ય બોલવાની ટેવ પાડશો તો બીજા દોષ આપોઆપ વિદાય માગશે, પણ એ સિવાય કેટલાક એવા દોષો છે કે જે એકદમ નજરે ન આવે. દાખલા તરીકે વાતવાતમાં કજીયા-કંકાસ કરવાની વૃત્તિ થઈ આવે, કોઇની નિંદા કરવાનું મન થાય, કોઇની અદેખાઇ ઉપજે, એ બધા દોષો એવા છે કે શરૂઆતમાં અંકુરરૂપે જ દેખાય, પણ જો પૂરતી સાવચેતી રાખવામાં ન આવે તો વખત જતાં એ વિષવૃક્ષરૂપ બની જાય. દોષોનું નિકંદન કાઢવું હોય તો એ દોષની સામે એવા જ સદ્‌ગુણોનું સૈન્ય તૈયાર રાખવું જોઇએ. સદ્‌ગુણોની સેના સામે દુર્ગુણથી માથું ઉચકી શકાતું નથી, છતાં એ દુશ્મનો કયા કયા છે, તે અહીં ટૂંકામાં જ વર્ણવીશું.

# આળસ

આળસ અથવા પ્રમાદ એ મનુષ્યજાતિનો મોટામાં મોટો દુશ્મન છે. એ હરદમ આપણા દેહમાં છુપી રીતે ભરાઇ બેસે છે. સ્ત્રીઓ તથા પુરૂષોને પણ એ પ્રકારનું આળસ પાયમાલ કરી દે છે.

આળસુ સ્ત્રી ઘરનું કામકાજ બરાબર કરી શકતી નથી, તેથી તે પોતાના પરિવારને, સગાં-સંબંધીઓને સંપૂર્ણ સંતોષ આપી શકતી નથી. જેના અંગમાં આળસ નથી તે આગળ પડીને ઘરનું કામકાજ કરે છે, તેથી પોતાના વેરીઓમાં પણ તે માનવંતુ સ્થાન પ્રાપ્ત કરે છે.

આળસુ સ્ત્રી પોતાના એદીપણાને લીધે મોટાભાગે પોતાની સાસુ, જેઠાણી, નણંદ વિગેરેની સાથે અહોનિશ લડતી-ઝગડતી રહે છે. સાસુ-સસરો બહુ આકળા સ્વભાવના હોય એ સંભવિત છે, પણ જો કુળની લક્ષ્મી પોતે મહેનતુ હોય તો વખત જતાં એમના મન ઉપર પોતાની સારી છાપ પડ્યા વિના ન રહે. વિનય અને ઉદ્યોગ તો ગમે તેવા વિરોધીને પણ જીતી લે છે.

કેળવાયેલી કન્યાઓ ઉપર ઘણેભાગે આળસનો આક્ષેપ મૂકવામાં આવે છે, ઘરનાં કામકાજ કરવામાં જો કોઈ પોતાની

ન્હાનપ સમજતું હોય તો તે અજ્ઞાનતા છે. રાંધવા માત્રથી જ ગૃહિણીનું કામ પૂરૂં થઈ જતું નથી. ઘરનાં બની શકે તેટલાં બધાં નાનાં-મોટાં કામકાજ તેણે કરવાં જોઈએ.

આળસમાં આનંદ માનનારી સ્ત્રી એકદમ વિલાસ તરફ ઢળી પડે છે. અને વિલાસનો પ્રવાહ એટલો તો વેગવાળો હોય છે કે સામાન્ય સ્ત્રી કે સામાન્ય પુરૂષ પણ અધઃપતન-માંથી પોતાનો બચાવ કરી શકતો નથી. આળસુ મન, આળસુ શરીર અનેક પ્રકારના ઘોડા દોડાવે છે, એથી શરીર અને મનની શકિત બરબાદ થાય છે.

આળસુ સ્ત્રી ઘરની વ્યવસ્થા બરાબર જાળવી શકતી નથી. આળસુ સ્ત્રીના નોકર-ચાકર પણ વખત જોઈને સ્વચ્છંદી તથા ઉચ્છૃંખલ બને છે. નોકરો ઉપર જ આધાર રાખનારી સ્ત્રી પરવશ બને છે. તે પોતાના ખોટા ખર્ચ ઉપર અંકુશ રાખી શકતી નથી. પરાશ્રયી માણસ ઘરની, વડીલોની અને મહેમાનોની પણ જેવી જોઈએ તેવી સેવા શી રીતે કરે ?

આળસ દેખાવમાં બહુ નજીવો દુર્ગુણ લાગે છે, પણ પરિણામે એ બહુ ભયંકર નીવડે છે. આળસથી મન બગડે છે, શરીરનું આરોગ્ય પણ જળવાતું નથી. આળસુ સ્ત્રીઓ મ્હોટે ભાગે જીવલેણ દર્દનો ભોગ બનેલી જોવામાં આવે છે. મહેનતુ સ્ત્રીઓ, જેઓ શરીર અને મનને સ્ફુર્ત્તિમાં રાખે છે તેઓ એવા દર્દોથી બચી જાય છે. જુના જમાનામાં સ્ત્રીઓ ઉલ્લાસથી ઘરનાં બધાં કામકાજને પહોંચી વળતી તેથી આજના નવા જમાનાના દર્દો પણ એમનાથી અજાણ્યાં જ રહ્યાં હતાં. જ્યાં આળસ્ય નથી ત્યાં કલેશ-કંકાસને ફાલવા-ફુલ-

વાની અનુકૂળતા નથી મળતી. તમારે જો નાનાં–નાનાં કજીયા-કંકાસથી બચવું હોય, તમારૂં આરોગ્ય જાળવી રાખવું હોય, ઘરના વડીલો વિગેરેની પ્રીતિ મેળવવી હોય તો તમારા અંગમાં રહેલા આળસને ઉડાડી દેજો. આળસ દૂર કરતાંની સાથે જ જાણે કે તમે કોઈ જુદી જ સૃષ્ટિમાં આવી ચડયા હો એમ તમને લાગશે. આળસને અલગ કરશો તે જ ક્ષણે તમારા દેહમાં નવું બળ આવતું જણાશે. તમારા મનમાં પણ નવા જ ઉલ્લાસની જ્યોતિ ઝળહુળી ઉઠશે. આળસથી શરીરને સાચવી રાખવાની વૃત્તિવાળા એટલે કે કોસરીયા માણસ પોતે જ પોતાને છેતરે છે. પડયું પડયું લોઢું કટાઈ જાય તેમ આળસુ સ્ત્રી–પુરૂષો પણ પોતાનાં મનુષ્યદેહને મલિન બનાવે છે.

જે સ્ત્રીઓ આખો દિવસ કામકાજમાં કાઢે છે, મહેનત-મજુરી કરી પોતાનો પરસેવો રેડે છે, તેમની તરફ એક વાર નજર કરો. એ કેટલા સંતોષી, સુખી અને નીરોગી દેખાય છે ? મહેનતનો જ એ પ્રતાપ છે. તમે પણ જો ઉત્સાહથી ઘરના કામકાજ કરવા માંડો, આળસને દેશવટો આપો તો તમે પણ એવા જ સુખ અને આરોગ્યને જરૂર મેળવી શકો. દવાથી જે આરોગ્ય નહીં મળે તે તમે આળસને દૂર કરવા માત્રથી જ મેળવી શકશો. આલસ દૂર થશે એટલે તમારા મનમાં પણ પ્રસન્નતા વ્યાપશે. નવરાશ નખોદ વાળે છે એમ જે કહેવામાં આવે છે તે વસ્તુતઃ આળસુ માણસોને માટે જ લાગુ પડે છે. ઘરના કામકાજમાંથી નિવૃત્ત થયા પછીની નવરાશ કેટલી મધુર હોય છે તેનો એક વાર આસ્વાદ તો લઈ જુઓ.

# વિલાસિતા

આ જમાનામાં વિલાસ–મોજશોખનો એક નવો ચેપી રોગ ફાટી નીકળ્યો છે. એ રોગના પંજામાં સ્ત્રીઓ જ મોટેભાગે ભોગ બની છે. અણુછાજતા વિલાસથી દરેકે દરેક બ્હેને સાવચેત રહેતાં શીખવું જોઇએ.

ધારો કે તમે વિલાસના ખોટા ખર્ચને પહોંચી વળવાની શકિત ધરાવો છો. તમને વિલાસમાં તણાતા બચાવે એવો કોઈ અંકુશ તમારી ઉપર નથી. એટલે તમે એમ માની લો છો કે વિલાસ માણવાનો તમને બીજી બ્હેનો કરતાં વધુ હક્ક છે; પણ એ માન્યતા ખોટી છે. તમારી વિલાસિતા જોવાથી તમારી બીજી ગરિબ બ્હેનો એ જ માર્ગે વળે તો તેમના પરિવારમાં કેટલી અશાંતિ ઉપજે? સ્ત્રીઓ અનુકરણ કરવામાં બહુ શૂરીપૂરી હોય છે. એકને વિલાસી બનતી જુવે, એક બ્હેન-પણીને ઝીણાં–પાતળાં રંગબેરંગી વસ્ત્રો સજતી જુવે તો એનું જોઇને બીજી બ્હેનો પણ એનું અનુકરણ કર્યા વિના ન રહે. જેઓ એવા વિલાસ પાછળનાં ખર્ચ અને અવકાશને પહોંચી વળે તેમ હોય તેમને કદાચ તત્કાળ બહુ વાંધા જેવું ન લાગે પણ આપણા વર્ત્તનની આપણા સગાં–સંબંધીઓ, આપણા પાડોશીઓ ઉપર કઈ જાતની અસર પડે છે તે આપણે જોવું જોઇએ. આપણે એકલા પોતાના શોખથી બીજાને

ખોટે માર્ગે દોરી જઈએ તો આપણે આપણી જવાબદારી નથી સમજતા એમજ કહેવું પડે.

એક વ્હાણમાં મુસાફરો બેઠા હોય, વ્હાણ ધીમે ધીમે મધ્ય દરીયામાંથી પસાર થતું હોય તે વખતે એક મુસાફર વ્હાણના તળીયે ન્હાનું કાણું પાડવા માંડે તો આપણે તેને શું કહીએ ? એ મુસાફર ઉદ્ધતાઈથી જવાબ આપે કે " હું વ્હાણના તળીયે કાણું પાડું કે ગમે તે કરૂં; મને રોકવાનો તમને શું અધિકાર છે ? " તો આપણે તેની શી વલે કરીએ ? એ મૂર્ખ નથી સમજતો કે વ્હાણના તળીયે કાણું પાડવાથી તે પોતાના એકલાના જાન જોખમમાં નથી મૂકતો, પણ વ્હાણના બધા મુસાફરોના મ્હોત ઉભા કરે છે.

આપણો સમાજ એ આપણું વ્હાણ છે. એકનાં પુણ્ય કે એકનાં પાપ આસપાસનાને થોડીઘણી અસર કર્યા વિના નથી રહેતાં. આપણો પાડોશી નિરંતર ગંદકી રાખતો હોય તો એ ગંદકીને લીધે જે રોગચાળો પેદા થાય તે આખા ગામ કે આખા મહોલ્લાને વેઠવો પડે. આપણે બધા સામાજિક પ્રાણીઓ છીએ. આપણાં વર્ત્તન કે વહેવારની સાથે આપણને એકલાને જ નહીં પણ સૌને વધતા–ઓછા પ્રમાણમાં સંબંધ હોય છે.

એક બ્હેન વિલાયતી ફેશનમાં ખૂંચાય, એક બ્હેન વસ્ત્ર અને આભૂષણનો અનુચિત ઠઠારો કરે તો બીજી બ્હેનો તેની હરિફાઈ કરે એ સ્વાભાવિક છે. પછી ધીમે ધીમે એ વિલાસ એક રોગચાળા જેવો બને છે. ગરીબ સગા–સંબંધીઓ અને પાડોશીઓના પરિવારમાં કલેશ–કંકાશ–અશાંતિની આગ સળગી ઉઠે છે. આપણી વિલાસિતા એને માટે જવાબદાર ઠરે છે.

સ્ત્રી એ વિલાસમૂર્ત્તિ તરિકે જેટલી નથી શોભતી તેટલી તે સંયમ, સાદાઇની પ્રતિમારૂપે પ્રતિષ્ઠાપાત્ર ગણાય છે. વિલાસમાં શોભા કે ગૌરવ છે એમ રખે માનતા. વિલાસ, સભ્ય સ્ત્રી–પુરૂષોની આંખમાં ખુંચ્યા વિના નથી રહેતો. સાદાઈમાં જે શોભા અને ભવ્યતા છે તે વિલાસમાં કોઇ કાળે નથી ઉતરતી.

એક વાર પણ ભૂલેચૂકે જો તમે વિલાસના માર્ગે વળ્યા તો પછી તમે ક્યાં જઈને અટકશો તેની કલ્પના થઇ શકતી નથી. વિલાસિતા એક એવો અગ્નિ છે કે જેમ જેમ તમે એની જોગવાઈ કરતા જાઓ તેમ તેમ એ આગ વધુ ને વધુ ઉગ્ર રૂપ પકડતી જાય. વિલાસરૂપી આગમાં ઇંધન ન નાખવું એ સૌથી વધારે સહિસલામત માર્ગ છે.

સાચી કુળની લક્ષ્મી વિલાસથી નથી મોહાતી. જે પોતાના વિલાસવડે બીજાને આંજી નાખવા માગતી હોય તે ભલે વિલાસનો આશ્રય લે. જેમને પોતાના કુળ કે વંશની પ્રતિષ્ઠાનો કશો ખ્યાલ સરખો પણ ન હોય, તે ભલે વિલાસરૂપી મૃગજળની પાછળ દોડે. વિલાસથી તમને સાચું સુખ–શાંતિ મળે એ આશા મનમાંથી કાઢી નાખજો. વિલાસના ઝેરથી રીબાતા–તરફડતા કેટલાય જીવો આખરે પાયમાલ થઈ ગયા છે. એ એક પ્રકારનું એવું છુપું અને કાતિલ ઝેર છે કે ધીમે ધીમે રગે–રગમાં ફેલાઇ જાય છે. વિલાસ ! વિલાસ ! વિલાસ–મોજશોખ, બનાવટ સિવાય એને બીજો કોઈ વિચાર નથી આવતો. દારૂ–અફીણના વ્યસની જેવી જ વિલાસિની સ્ત્રીઓની દુર્દશા થાય છે.

મોજશોખ અને વિલાસમાં જેનું ચિત્ત ચોંટ્યું છે તેને ઘરનાં કામકાજ, વડિલોની સેવા એ બધું અકારૂં થઇ પડે છે. ટાપટીપ કરવા સિવાય એમને બીજું કંઈ સુઝતું જ નથી. એથી ઘરમાં અવ્યવસ્થા વર્તે છે, બેચેની ફેલાય છે અને ઘરનું સુખ આકાશકુસુમ જેવું બને છે.

વિલાસિની સ્ત્રી પોતાને, બીજી સ્ત્રીઓ કરતાં શ્રેષ્ઠ માનવા લલચાય છે. વિલાસ પોતાની સાથે અભિમાન–હુંપદને પણ લેતો આવે છે. અભિમાન તો રાજામહારાજાઓને પણ ઘડીના છઠ્ઠા ભાગમાં ધૂળ ચાટતા બનાવે છે, એ વાત કોનાથી અજાણી છે ? વિલાસથી મોટાઈ નથી આવતી, સાદાઈ જોઈને લોકો તમારી મોટાઇની કીંમત આંકશે.

કેટલીક બ્હેનો મોજશોખ, શૃંગારની પૂરતી સામગ્રીઓ નહી મળવાથી મનમાં નિરંતર સળગ્યા કરે છે. આવી બ્હેનો હાથે કરીને દુઃખને પોતાની પાસે નોતરે છે. ગજા–સંપત પ્રમાણે વસ્ત્રાલંકાર મળે તો પહેરવા-ઓઢવામાં જે આનંદ છે, જે સંતોષ છે તે એક માત્ર સુશીલ–સુજ્ઞ બ્હેનો જ જાણે છે. એ આનંદ અને સંતોષની તુલના થઇ શકતી નથી.

તમે બને એટલી સાદાઇ ધારણ કરજો. ઝીણા મુલાયમ વસ્ત્રો તમારી દેહશોભા વધારવાને બદલે ઉલટાં તમને બેડોળ બનાવે છે તેનો ખ્યાલ રાખજો. અલંકારો પણ સદ્‌ગુણી સ્ત્રીને કશી શોભા આપતા નથી. આપણા સદ્‌ગુણો જ અલંકારને શોભાવે છે, અને સાદાઇ જેવો નરી આંખે દેખી શકાય એવો બીજો કયો સદ્‌ગુણ છે ?

# સ્વેચ્છાચાર

કોઈનો અંકુશ ન માનવો, પોતાની જ ઇચ્છા પ્રમાણે વર્તવું એ એક સ્વેચ્છાચાર છે. છેક પરવશતા જેમ ખરાબ છે, એકલી ગુલામી જેમ સ્વાભાવિક વિકાસને રૂંધે છે તેમ સ્વેચ્છાચાર પણ એટલો જ ભયંકર નિવડે છે. નરી પરવશતા અને નર્યો સ્વેચ્છાચાર એક વસ્તુની સામસામી દિશાઓ છે. સ્વેચ્છાચાર તરફ ઘસડાઈ જતાં મનુષ્યોને બચાવવા આપણા શાસ્ત્રકારોએ કેટલાક યોગ્ય અંકુશો મૂકયા છે.

બાળિકારૂપે સ્ત્રીજાતિ પિતાની આજ્ઞામાં રહે છે, યૌવનમાં પતિની આજ્ઞા પાળે છે, વૃદ્ધાવસ્થામાં પતિનાં સગાં-સંબંધીઓની આજ્ઞામાં રહે છે. મતલબ કે સ્ત્રીજાતિ કોઇ દિવસ સ્વતંત્ર બની શકતી નથી, એ સ્થિતિમાં એને સ્વચ્છંદપણે વર્તવાની કોઇ તક જ નથી મળતી.

આજે ઠેકઠેકાણે સ્વતંત્રતાનો વાયુ જોરથી ફુંકાઇ રહ્યો છે, એ વાત ખરી છે. જુના જમાનાનાં કેટલાક રિવાજો અને ધોરણો નવેસરથી યોજાવા જોઇએ એટલે કે એમાં સમયોચિત સુધારણા થવી જોઇએ એ વાતની કોઈથી ના પાડી શકાય તેમ નથી; પરંતુ સ્વતંત્રતા અને સ્વેચ્છાચાર એ બે એક જ વસ્તુ નથી. એ બન્ને વચ્ચે સુવર્ણ અને

પિત્તળ જેટલો તફાવત રહેલો છે. બાળક પિત્તળને કે અગ્નિની શિખાને સુવર્ણ સમજે તેથી કરીને પિત્તળ સોનું બની જતું નથી, તેમ અગ્નિ તેને દઝાડ્યા વિના રહેતો નથી.

સ્વેચ્છાચાર એ અગ્નિશિખા છે. અગ્નિની ઉજળી ચીણગારી હાથમાં લેવાનું બાળકને મન થાય તો વડીલોએ બાળકને એમ કરતાં રોકવું જોઇએ જેથી તે દાઝતો બચી જાય તેમ પુત્ર, માતાપિતા, પાત અને સગાં-સંબંધીઓએ આંકેલી મર્યાદાઓ સ્ત્રીજાતિને અનાચાર તરફ ઘસડાતી બચાવી લે છે.

વેલી વૃક્ષનો જ આશ્રય કરીને રહે છે. વૃક્ષના આધારે તે ખૂબ ફાલે-ફુલે છે. એને સ્વતંત્રતા નથી એમ કોઇ નથી માનતું. વેલી જો નિરાધાર હોય, સ્વચ્છંદપણે વૃક્ષનો આશ્રય છોડી દે તો એની કેવી દુર્દશા થાય ?

ઘર એ સ્ત્રીજાતિનું સ્વતંત્ર સ્થાન છે. ઘર અથવા કુટુંબના આશ્રયે જ સ્ત્રી પોતાનો વિકાસ સાધે છે. એક ગૃહલક્ષ્મી જ્યારે પોતાના પતિ-પુત્ર આદિના પરિવાર વચ્ચે બેઠી હોય છે, એમની ખાતર પળે-પળે આત્મસમર્પણ કરી રહી હોય છે તે વખતે એ એક દેવીની જેમ કેટલી ગૌરવ-વાળી દેખાય છે ? સ્થૂળ નજરે જોનારને એમ લાગે છે કે આ સ્ત્રી બિચારી પરવશ છે, પરન્તુ ઝીણી નજરે જોવામાં આવે તો જે સુખની સ્વેચ્છાચારીઓને કલ્પના સરખી પણ ન આવે તે સુખ આ મર્યાદાશીલ બ્હેનો ભોગવતી હોય છે.

સ્વેચ્છા પ્રમાણે હરતી-ફરતી, પોતાની સખીઓ સાથે કે પતિના મિત્રો વિગેરેની સાથે રમત-ગમતમાં આગળ પડતો

ભાગ ભજવતી એક બ્હેન કલ્પો અને બીજી બાજુ પોતાના વડીલો, પુત્રો, સાસુ–સસરાની સેવામાં તલ્લીન બનેલી બ્હેન કલ્પો. એ બન્નેની સરખામણીમાં સાચો અને સ્થાયી આનંદ કયાં દેખાય છે? સ્વેચ્છાચારનો આનંદ ક્ષણિક છે. એ આનંદની પળો વીતતાંની સાથે જ ગમગીની આવે છે. સેવા, સંયમનો આનંદ અખૂટ હોય છે. એક ગૃહલક્ષ્મીને પોતાના પુત્ર--પરિવારના મુખ ઉપર તૃપ્તિની રેખાઓ અંકાતી જોઇને જે આનંદ થાય છે તેનું વર્ણન શબ્દોથી થઈ શકતું નથી. આત્મીય સ્વજનોનાં અંતરમાં સંતોષ ઉપજાવવાથી, સાચી ગૃહલક્ષ્મી પોતાના જીવનની સાર્થકતા થઈ એમ જ માને છે. આપણા આર્ય સંસારની એ જ મહત્તા છે.

સ્ત્રીજાતિના આત્મત્યાગ ઉપર આપણો આખો સંસાર-વહેવાર ખડો છે. એક સ્ત્રી જ્યારે પોતાના પુત્ર, કન્યા, પતિ, સાસુ, જ્યેષ્ઠ, દિયર વિગેરેને પોતાના સુખના ભોગે રીઝવતી હોય છે ત્યારે તે પોતે કોઇ પણ પ્રકારનો ભોગ આપે છે એમ નથી માનતી. આત્મત્યાગનો અપૂર્વ આહ્‌લાદ જ તે અનુભવતી હોય છે. એ અભિમાન પણ નથી લેતી, કારણ કે આત્મત્યાગ એના આત્માની એક ઉર્મિ બની રહે છે. સ્વેચ્છાચારમાં એ ઉર્મિઓ સાર્થકતા નથી અનુભવતી.

તમે જો એ સુખ અનુભવવા માગતા હો, તમારી આસપાસ સ્નેહ, મમતા, નિર્દોષતાનું વાતાવરણ જમાવવા માગતા હો તો તમે પણ સ્વેચ્છાચારના તરંગનું સંયમન કરતા શીખજો. એથી તમે પોતે અપૂર્વ આનંદ અનુભવશો અને તમારૂં કુટુંબ પણ આનંદની શીતળ લહેરો ઝીલશે.

# અવ્યવસ્થા

વ્યવસ્થા અથવા નિયમિતતા એ એક ગુણ છે, અવ્યવસ્થા, અનિયમિતતા એક અવગુણ છે.

ગૃહ એ ગૃહિણીનું રાજ્ય છે. ગૃહિણી ઘરની મંત્રી છે. રાજ્યનો મંત્રી બેદરકાર રહે તો સારાયે રાજ્યમાં અંધાધુંધી, અશાંતિ અને અવ્યવસ્થા ફેલાઈ જાય, રાજ્યના બધા માણસોને દુઃખ ભોગવવું પડે, મંત્રીની પોતાની આબરૂ પણ જાય.

એ જ પ્રમાણે ઘરની લક્ષ્મી–ગૃહિણી જો ઘરની વ્યવસ્થા બરાબર ન જાળવે તો ઘરનાં બધાં માણસોને દુઃખ ભોગવવું પડે. ગૃહિણીની પોતાની આબરૂના સંબંધમાં પણ ટીકા થાય.

પુરૂષ ગમે એટલી કમાણી કરતો હોય, પણ જો ઘરમાં સારી વ્યવસ્થા ન હોય તો એ કમાણી દીપી નીકળે નહીં. ઘરમાં આવનારાં માણસો ઘરની અવ્યવસ્થા જોઇ નિરાશ બની જાય. વ્યવસ્થાવડે ઘરને દીપાવવું, ઘરની શોભા વધારવી એ સ્ત્રીનું કામ છે.

લોકોમાં અવ્યવસ્થાને લીધે ટીકા થાય એટલું જ બસ નથી. ધારો કે તમારે એક વસ્તુ જોઇએ છે. એ વસ્તુ ઘરમાં છે એ વાતની તમને ખાત્રી છે, પણ જરૂરને વખતે શોધવા છતાં એ વસ્તુ હાથમાં ન આવે તો તમને કેટલો ક્રોધ થાય ? એને અવ્યવસ્થા સિવાય બીજું શું કહેવાય ?

કેટલીક બ્હેનો એક ચીજનો ઉપયોગ થઇ રહ્યા પછી એને ગમે ત્યાં ફેંકી દે છે—જાણે કે હવે પછી એનો કશો ઉપયોગ જ નથી એમ માની રઝળવા દે છે. પછી જ્યારે એ ચીજ ખરી અણીના વખતે જ્યારે નથી મળતી ત્યારે પોતે વ્યગ્ર બને છે, બીજાઓનાં ઉપર વાંક ઢોળે છે અને એ રીતે એક નજીવી વાતમાંથી મોટો કલેશ ઉભો કરે છે.

કેટલીકવાર વારંવાર ઉપયોગમાં આવે એવી વસ્તુને પણ બ્હેનો એવે ઠેકાણે મૂકી દે છે કે એને ગોતી કાઢવા સારૂ ઘણી મહેનત કરવી પડે, પરંતુ જો તમે વ્યવસ્થાશક્તિની મહત્તા સમજી શકયા હો, દરેકે દરેક વસ્તુને એના પોતાના નિયમિત સ્થાને મૂકવાની ટેવ કેળવી શકયા હો તો ઘણી ઘણી નકામી જંજાળથી બચી જવા પામો. વાત બહુ નજીવી લાગશે, પણ ઘરના કારભારમાં વ્યવસ્થા એક અતિ આવશ્યક અંગ છે એ વાત તમારા લક્ષબહાર ન રહેવી જોઇએ.

એક જ દાખલો લ્યો. ધારો કે તમારે કોઈ આનંદ–ઉત્સવના અવસરે બ્હાર જવું પડે. એ વખતે તમે અરીસો કે કંકાવટી જેવી એકાદ વસ્તુ ગોતવા માંડો, છતાં એવી રીતે મૂકાઇ ગઇ હોય કે તમને હાથ ન આવે. ઘર આખું ગાંડુ

ફરી વાળો. આખરે તમે કંટાળીને નાનાં બાળક ઉપર દાઝ ઠલવો, એને મારો-ઢીબો, ઘરમાં બાળકોનો રોવાનો કકળાટ થાય, પછી તો તમારો ઉત્સવમાં જવાનો આનંદ પણ ઉડી જાય. ન છૂટકે તમારે કટાણું મ્હોં કરીને બહાર નીકળવું પડે. એક સામાન્ય અવ્યવસ્થા પણ કેટલી દુ:ખદાયક બને છે?

જે વસ્તુ ખરે વખતે કામ ન આવે, આપણા ચિત્તને ક્લેશથી કલુષિત કરે તે શા કામની? પણ એ વસ્તુનો દોષ ન કાઢતાં આપણી અવ્યવસ્થાનો જ આપણે વાંક જોવો જોઇએ.

કેટલેક સ્થળે બહારથી ઘર ઘણું સારૂં દેખાય, પણ અંદર જઇને ઉભા રહીએ તો એઠવાડ, ગંદવાડ અને દુર્ગંધનો પાર ન હોય. આ પણ કંઈ સામાન્ય અવ્યવસ્થા ન ગણાય. નિયમિતપણે જો વાળવાનું, એઠા વાસણો માંજવાનું કામ થતું હોય તો અવ્યવસ્થા જેવું કંઇ ન દેખાય. "પછી જોઇ લેવાશે-ઘડીક રહીને કરી નાખશું," એમ મનમાં થાય છે ત્યારે જ ન્હાની-મ્હોટી અવ્યવસ્થા-ગડબડ ઉભી થવા પામે છે.

તમારા ઘર, ઘરનાં આંગણાં અને ઘરની શોભાસામગ્રી એ બધું સ્વચ્છ હોય, વ્યવસ્થિત હોય તો કોઇપણ આવનારના મનમાં તમારા માટે સન્માનની લાગણી ઉપજ્યા વિના ન રહે. નિયમિતપણે ઘરનું કામકાજ થાય તો કોઇને ટીકા કરવાનો પ્રસંગ ન મળે. તમારી વ્યવસ્થાશક્તિના મુક્તકંઠે વખાણ થાય.

ઘરની દરેક વસ્તુને એના નિયત કરેલા સ્થાને જ મૂકો. કોઈ વસ્તુને રઝળવા ન દો. એવી રીતે વસ્તુઓ ગોઠવો કે જયારે તમને જોઇએ ત્યારે તે મળી જાય. અંધારામાં લેવા

માગો તો પણ લઈ શકો. વ્યવસ્થા નહીં હોય તો ધોળે દિવસે, દીવો લઈને ગોતશો તો પણ તમને નહીં મળે.

વ્યવસ્થાની જેમ જ ઘરના પ્રસંગમાં નિયમિતતા જાળવજો. ઘરનાં બધાં માણસોને નિયમિત ભોજન વિગેરે મળ્યા કરે તો તેઓ બીજી ન્હાની ન્હાની કેટલીક અગવડોમાંથી બચી જશે અને કુશળ મંત્રીવાળો રાજા જેટલો નિશ્ચિંત રહે તેટલી જ નિશ્ચિંતતાથી ઘરના વડીલો વિગેરે વ્યવહારના કાર્યો નિશ્ચિંતતાથી કરી શકશે.

ઘરને શોભાવવું એ ગૃહિણીના હાથમાં છે. સારી વ્યવસ્થાથી ન્હાનું-ગરીબ ઘર પણ દીપી નીકળે છે. અવ્યવસ્થાથી રાજમહેલ પણ અળખામણો લાગે છે.

ઘરના કામકાજમાં જેમ વ્યવસ્થા-નિયમિતતા જાળવવી જોઇએ તેમ તમારા બોલવા-ચાલવાના વ્યવહારમાં પણ વ્યવસ્થા તરી આવવી જોઇએ. તમારી વાત એવી તો વ્યવસ્થિત હોવી જોઇએ કે તે સંબંધમાં જરા જેટલી પણ ગેરસમજ ન થવા પામે. જે કહો તે સીધી રીતે, આડંબર વિના કહી નાખો. એક વાતને બીજી વાત સાથે ભેળવી નાખશો મા. તમારો કહેવાનો આશય બરાબર સ્પષ્ટ કરી દ્યો. વિવેકપૂર્વક નમ્રતાથી તમારૂં વક્તવ્ય કહી નાખો. એ પણ એક પ્રકારની વ્યવસ્થા જ છે. વાણીમાં, વિચારમાં અને ઘરના કારભારમાં-- બધામાં તમારી વ્યવસ્થાશક્તિ ઝળકી ઉઠે એમ કરો.

# વાંધા-વચકા

તદ્દન નમાલી વાતોમાં પણ વાંધા-વચકા પાડવા અને ન્હાની ન્હાની વાતોમાં કજીયા-કંકાસ કરવા એ અણઘડ સ્ત્રીઓનો જાણે કે સ્વભાવ જ હોય એમ મનાય છે. કજીયા-કંકાસ પેદા કરવાના સર્વ હક્ક સ્ત્રીઓએ જ સ્વાધીન રાખ્યા છે. સંસ્કારી કુટુંબોમાં એવી સ્થિતિ બહુ જવલ્લે જ જોવામાં આવે છે. જે પુરૂષ ઘડીએ ઘડીએ વાંધા-વચકા પાડે છે તેને માટે પણ લોકોમાં એમ કહેવાય છે કે-“ બૈરાની જેમ એનો સ્વભાવ જ વાંધા પાડવાનો છે; એની સાથે બહુ કામ ન પાડશો.” અજ્ઞાન સ્ત્રીઓ મોટે ભાગે આવી આદતનો ભોગ થઈ પડે છે.

મનને માઠું લાગવાના પ્રસંગો બને એ સમજાય એવી વાત છે. ઘરમાં બે વાસણ હોય છે તે પણ અથડાય છે. એક જ કુટુંબમાં રહેતા માણસોનાં સ્વભાવ જૂદા જૂદા હોય અને તેને લીધે કંકાસ થાય એમ બને, પણ જો તમે એ કંકાસની દરકાર ન કરવાનો નિશ્ચય કર્યો હોય, કંકાસને રજ

જેટલું પણ મહત્વ ન આપવાનો નિરધાર કર્યો હોય તો એ કલહ તરત જ ઓલવાઇ જશે. જેમ કોરી જમીન ઉપર પડેલો અગ્નિ આપોઆપ ઓલવાઇ જાય છે–બહુ નુકશાન નથી કરતો તેમ આપણે મોટું મન રાખીએ તો નાના નજીવા કજીયા-કંકાસ પણ પોતાની મેળે શમી જાય. કેટલીક બ્હેનો ધુંધવાતા છાણાની જેમ મનમાં ને મનમાં બળ્યા કરે છે. એમને સારૂ નમાલો વાંધો આગના તણખા જેવો ભયંકર નીવડે છે. પ્રસંગ બનતાં જ ભડકો થાય છે. એ ભડકાની ઉન્હી આંચ સર્વ કુટુંબીઓને સ્પર્શે છે.

આપણે જેમને શાંત સ્વભાવના કહીએ છીએ તેઓ કદિ ઉશ્કેરાઇ જતા નથી એમ નથી. એમને પણ ઘણી વાર મનદુઃખ થાય છે, પરંતુ તેઓ ખૂબીથી એ ઝેર પી જાય છે; આસપાસના માણસોને કળાવા દેતા નથી. સંસારમાં આવા ઝેર પી જવા, પોતે ઝેર પી જઇને પણ કુટુંબના માણસોને સેવાનાં અમૃત પીરસવાં એ કાંઇ જેવો તેવો લ્હાવો નથી.

જે સ્ત્રી પોતાની ઉપર વીતતા અન્યાયો, વીતકો વિગેરેનાં ઝેર ચૂપચાપ ગળા નીચે ઉતારી જાય છે અને વાંધા–વચકા માત્રને ઉંડા ખાડામાં ભંડારી દે છે તે સ્ત્રી ખરેખર ધન્યવાદને પાત્ર છે. ધરતીની જેમ સદા સહન કરનારી એવી સ્ત્રીઓ, મનુષ્યલોકમાં પણ દેવીરૂપે જ પૂજાય છે.

ન્હાની વાતોને બહુ વળગી રહેવાથી, વાંધા–વચકાને ગાંઠે બાંધી રાખવાથી આપણું કે અન્ય કોઇનું હિત નથી સધાતું. યાદ રાખવાની શક્તિ કેળવવાની જેટલી જરૂર છે તેટલી જ

ભૂલી જવાની શક્તિ ખીલવવાની પણ જરૂર પડે છે. વાંધા–વચકાને તરતમાં જ વિસ્મૃતિના દરીયામાં દફનાવી દઈએ તો આપણા કુટુંબમાં સદાને માટે શાંતિ સચવાઈ રહે.

સ્ત્રીઓને સંકુચિત ક્ષેત્રમાં રહેવું પડે છે, તેથી તેમની દૃષ્ટિ પણ સંકુચિત અને સ્વાર્થી બની જાય છે. સારાં ઘરની સ્ત્રીઓ પણ કેટલીકવાર છાણા કે લાકડાના એક હીસ્સા માટે, જાણે કે રાજ્ય મેળવવાને માટે લડતી હોય તેમ ઝગડશે. નજીવી વાતમાંથી વિરોધ, કલેશ ઉપજાવશે. આ પ્રકારની સંકુચિતતા ટાળવાનો અભ્યાસ કરશો તો તમને પરિણામે લાભ જ થશે. જળોની જેમ વાંધા–વચકાને વળગી રહેવાથી તમે કંઇ જ ફાયદો નહીં મેળવી શકો. થોડું જતું કરવાથી પણ શાંતિ જળવાતી હોય તો તે વધારે ઇષ્ટ છે. વસ્તુ તો આજે છે અને કાલે નહીં હોય, પણ જો તમે નકામો કલેશ કરશો તો તમારો સ્વભાવ બગડશે; એ ચીડીયો સ્વભાવ જ તમને હેરાન કરશે.

ભલી બ્હેનને માટે લોકો કહે છે કે–" ભાઇ, એમનું પેટ તો દરીઓ છે. એમની શી વાત કરવી ? " જે બ્હેન, પોતાના કુટુંબ–પરિવારના બધા જ વાંધા–વચકા ગળી જાય છે તે આવા માનવંતા વિશેષણને યોગ્ય બને છે. દરીઓ દુનિયાની ગંદી વસ્તુઓ પોતાના પેટમાં સંઘરે છે, છતાંએ કોઈ દિવસ ગંધાતો નથી–દુર્ગંધ–સડા માત્રને પોતે એકલો સહન કરે છે. કદિ પણ પોતાની માજા મૂકતો નથી. દુનિયાના માણસો એની ઉપર ગમે એટલો જૂલમ કરે તો પણ બદલામાં તે કીંમતી–અણમૂલાં રત્નો–મોતીઓ જ આપે છે.

પુલ ખીલે છે: પોતાની સુગંધ અને સુંદરતાથી એ કેટલું પ્રિય લાગે છે? કાદવમાં જ એ જન્મે છે, કાદવમાંથી જ પોષણ મેળવે છે; છતાં રસને એવી રીતે પરિણમાવે છે કે પોતે અનુપમ સુંદર બને છે. મનુષ્યની મહત્તા પણ સંસારના કડવા રસને પરિણમાવવાની શકિતમાં જ રહેલી છે. એ મનુષ્ય મહાન્ છે–પછી ભલે એ સ્ત્રી હો યા પુરૂષ હો; પણ જે કટુ રસ પી જઈને બદલામાં સુગંધ અને સૌંદર્ય પ્રકટાવે છે તે ખરેખર મહાન છે. સંસારમાં કટુતા કયાં નથી? વાંધા–વચકા, વિરોધ, કલેશ વિનાનું કયું ઘર, કયું કુટુંબ ખાલી છે? પણ જે ગૃહલક્ષ્મી એવા વાતાવરણમાં રહીને, પોતાની શક્તિથી શાંતિ અને સુસંપ જાળવી રાખે છે તે ખરે જ સ્તુતિને યોગ્ય છે.

"ખમવા–ખમાવવાનો" મહિમા તો તમે જાણો છો. પ્રતિક્રમણ જેવી ધર્મક્રિયાઓમાં આપણે સર્વ પ્રાણીમાત્રને ખમાવીએ છીએ, સૌને ખમીએ પણ છીએ; પરંતુ એની કસોટી તો વહેવારના ક્ષેત્રમાં જ થાય છે. ઘરના માણસોમાંથી કદાચ કોઈ અન્યાય કરે, ન કહેવાનાં વેણ કહે તો પણ તે ખમી લેવામાં જ આપણા કુટુંબનું અને આપણું પોતાનું હિત છે એમ સમજજો. એવી મનોભાવના કેળવશો તો સંસાર સુખમય બનશે એટલું જ નહીં પણ તમારો પરલોક પણ સુધરશે, પુણ્યની સારી જેવી કમાણી કરી જશો.

# કુથલી-નિંદા

પુરૂષો માને છે કે જ્યાં બે-ચાર બૈરાંઓ એકઠાં થાય ત્યાં બીજાની નિંદા-કુથલી સિવાય બીજી કોઇ વાત ન હોય એટલે કે સ્ત્રીઓ કુથલી કર્યા વિના રહી શકતી જ નથી. એમનો કીમતીમાં કીમતી સમય, એક-બીજાની કુથલી કરવામાં જ વીતી જાય છે.

કોઇની નિંદા કરવાથી, આપણને પોતાને કશો જ લાભ નથી થતો, તેમ જેની નિંદા કરીએ છીએ તેને પણ કંઇ લાભ નથી પહોંચતો. નિંદા કરવી એ પોતાની જીભથી બીજાનો મેલ ધોવા બરાબર મનાય છે. એનો અર્થ એ થાય છે કે આપણે જીભને મેલી કરીને બીજાને સ્વચ્છ કરીએ છીએ. ધોબીઓ આખા ગામનાં મેલાં કપડાં ધુએ છે, પણ તેઓ પોતે એ મેલને સંઘરી રાખતા નથી. કુથલી કરનાર, બીજાના દોષ ધોવા છતાં પાછા પોતાને જ દૂષિત બનાવે છે.

નિંદા યા કુથલીમાં એવો કયો રસ છે? પુરસદવાળી બ્હેનો શા સારૂ એવી કુથલીમાં વખત બરબાદ કરતી હશે? એનું કારણ એટલું જ લાગે છે કે બીજા કોઈ સારા વિષયના

અભાવે તેઓ એક બીજાની નિંદા કરી સંતોષ માને છે, પણ જો પોતાના અવકાશનો સદુપયોગ કરવાને સારૂ સરસ વાંચન રાખે, ધર્મ તેમજ નીતિની બુકોનો અભ્યાસ કરવા લાગે તો પછી તેમને નકામી નિંદા કરવાનું મન ન થાય, કુથલીનું પુરાણ ઉઘાડવાની એમને ઇચ્છા જ ન થાય; કારણ કે એ કુથલીપુરાણ પોતે જ નિરસ છે. શ્વાન જેવી રીતે પોતાના જીભના રસથી, સૂકા હાડકાને પોતાના લોહીવાળું બનાવી એમાંથી સ્વાદ લે છે તેમ જ આ કુથલી કરનારાઓ, સાવ નકામી વાતોમાં રસ લે છે. વસ્તુતઃ કુથલીમાં કંઇ જ સ્વાદ નથી. કુથલી એ સૂકું હાડકું છે. માત્ર અજ્ઞાનતા અને ઈર્ષા જ એમાં રસ મૂકે છે.

કુથલીમાં મોટે ભાગે અદેખાઇ જ ભરી હોય છે. એક સ્ત્રી જ્યારે બીજી બ્હેનનું સારૂં જોઇ શકતી નથી ત્યારે તે કુથલીનો આશ્રય લે છે, પોતાની બ્હેનપણીઓ વચ્ચે બેસી પેલી બ્હેનની નિંદા કરવા માંડે છે. પછી તો જેમ ગરબો ઝીલાય તેમ કુથલીના કર્કશ ગાનને બીજી બ્હેનો ઝીલે છે. કુથલી–પુરાણનો કોઇ દિવસ આરો જ નથી આવતો.

કુથલીમાં વખત કાઢવો તેના કરતાં બીજા ઘરના ઉપયોગી કામકાજમાં વખતનો સદુપયોગ કરવો એ વધારે ઠીક છે. દારૂના વ્યસનીને જેમ દારૂ વિના નથી ચાલતું–સમજવા છતાં વ્યસનને મૂકી શકતો નથી તેમ કેટલીક અણઘડ બ્હેનો, કુથલીને એક વ્યસન જેવું બનાવી દે છે. કયારે લાગ મળે અને કુથલી કરવા બેસું એમ એને મનમાં થયા કરે છે. એ બ્હેન એમ નથી સમજતી કે તમે જો કોઇની કુથલી કરશો તો તમારી

કુથલી બીજી કેમ નહીં કરે ? તમે સમજીને એ અવગુણથી દૂર રહેશો તો તમારા વિષયમાં પણ કોઈને નિંદા કરવાનું નહિ સૂઝે.

બેશક, તમે કોઈનો દોષ જુઓ અને તમારા સમજાવવાથી એ દોષ સુધરે એમ તમને લાગતું હોય તો તમે શાંતિ અને મીઠાશથી બે વચન કહી શકો છો; પણ કોઈની પીઠ પાછળ, કુથલી કરવી એ તો પોતાની જીભે અન્યના મેલ ધોવા જેવું છે.

અધ્યાત્મશાસ્ત્રનો એક નિયમ છે કે જે માણસ જે વસ્તુનું સતત ચિંતન કરે છે તેના જેવો જ પોતે બને છે. હવે જો તમે બીજાના દોષો જ ચિંતવો, બીજાના દોષોની કુથલી જ કર્યા કરો તો એ દુર્ગુણ તમારામાં દાખલ થયા વિના ન જ રહે; કારણ કે એનો જ તમે અભ્યાસ કરો છો–દોષોનું જ ચિંતવન કરો છો.

એટલા સારૂ જ શાસ્ત્રકારોએ ઉત્તમ ગુણોનું નિરંતર ધ્યાન કરવાનું ઉપદેશ્યું છે. ગુણશીલ સતી સ્ત્રીઓના ગુણનું ચિંતવન કરવાથી ગુણાનુરાગ પ્રકટે છે અને એ ગુણાનુરાગથી આપણે પોતે ઉન્નતિ પામીએ છીએ.

ગુણચિંતન જેવું ચિંતામણિ રત્ન મૂકીને આપણે કુથલી જેવા કાચના કડકાને શા સારૂ સંઘરી રાખવો જોઈએ ? તમારી પાસે કોઈ બ્હેનપણી કુથલી કરવા આવે તો તેને પણ તમારે સમજાવી દેવું જોઈએ કે તમને એમાં રસ નથી. એનું પરિણામ એ આવશે કે તમે પોતે કુથલીની જંજાળમાંથી બચશો અને બીજી બ્હેનોને પણ બચાવી શકશો. તમારી આસપાસનું વાતાવરણ નિર્મળ બની જશે.

# ખોટા ખરચ

કુટુંબમાં કમાણી કરનાર—રોટલો રળનાર પુરૂષ જ હોય છે. સ્ત્રી એ કમાણીની જેટલી સુવ્યવસ્થા કરે, કમાણીનો સદ્-વ્યય કરે, ભવિષ્યને સારૂ બચાવે એમાં સ્ત્રીનું—ઘરનું ગૌરવ છે. કેટલીકવાર સ્ત્રીઓ પોતાના કુટુંબની પૈસા સંબંધી સ્થિતિથી પૂરેપૂરી માહેતગાર નથી હોતી. તે તો ઉજળું એટલું દૂધ જ હોય એમ માને છે અને ખોટા ખરચ તરફ દોરાય છે. એથી કુટુંબની પૈસા સંબંધી સ્થિતિ બગડે છે.

સ્ત્રીને અલબત્ત કમાણી કરવા ઘરબ્હાર જવું પડતું નથી, પણ કરકસર એ જો સગો ભાઈ હોય તો કરકસરની મદદથી પતિની કમાણીને દીપાવી શકે છે. પૈસો પ્રાપ્ત કરવામાં પુરૂષને જે કાળજી અને ઉદ્યમ કરવાં પડે છે તેની કદર સ્ત્રીને નથી હોતી તેથી સ્ત્રી ઉડાઉ બને છે, નકામી ચીજો પાછળ દ્રવ્ય ખરચે છે અને જ્યારે બારીક સ્થિતિ આવીને ઉભી રહે છે ત્યારે પછી પસ્તાવા સિવાય બીજા બધા માર્ગ બંધ થઇ ગયા હોય છે.

પુરૂષ માત્ર કમાઇ જાણે. કરકસરથી ઘરના ખરચ ચલા-વવા, ભવિષ્યને માટે કંઈ સંગ્રહ કરી રાખવો એ બધું ઘરની અધિષ્ઠાત્રી ઉપર આધાર રાખે છે. કોઇ કોઇ સ્થળે તો ગૃહિણી પતિના ખોટા ખરચ ઉપર અંકુશ રાખી રહેલી

હોય છે. પોતે કરકસરથી ઘર ચલાવે છે અને પોતાના પતિ વિગેરેને પણ સાદાઇના માર્ગે જવાની પ્રેરણા કરે છે. આવા કુટુંબો ભવિષ્યમાં સુખી નીવડે એ વિષે જરા યે શંકા નથી.

તમે જો ઘરના આવક–ખર્ચનો બરાબર હિસાબ રાખશો તો ક્યારે કેટલું નકામું ખર્ચ થયું, ક્યારે આપણાં આળસ અને અજ્ઞાનનો લોકોએ લાભ લીધો તેનો આંક કાઢી શકશો; પણ જો તમે ઘરખર્ચ સંબંધે બીલકુલ બેદરકાર હશો, આવ્યું એટલું ઉડાવ્યું એ પ્રકારનો તમારો મુદ્રાલેખ હશે તો તમે કયે માર્ગે દોડી રહ્યા છો તે જ તમને પોતાને નહીં સમજાય. પછી તો અંધારી રાતે મુસાફરી કરતો માણસ પોતાની આગળ મ્હોટી ભયંકર ખીણ આવેલી જોઇને ગભરાય તેમ સંકડામણ વખતે તમને ગભરામણ થયા વિના નહીં રહે. એટલા માટે, ભવિષ્યની ચિંતા, કષ્ટ, અગવડ, લાચારીને બની શકે એટલી દૂર રાખવા અત્યારથી જ સાવચેત રહેજો.

આજથી જ ઘરના ખરચનો હિસાબ રાખો. ખોટા ખરચ ઉપર અંકુશ મૂકો. કરકસર કરતાં શિખો. બીજાનું જોઇને અંધારા કુવામાં કુદી પડવાથી કંઈ જ લાભ નથી. બીજાં અમુક જાતનો ઠાઠમાઠ રાખે છે, માટે તમારે પણ એવો ઠાઠમાઠ રાખવો જોઇએ એમ ન માનશો. સૌ પોતાની ગજા-સંપત પ્રમાણે વર્તો. તમારે દેખાદેખીથી દોરાવાનું નથી.

સ્થિતિ સારી હોય, આરોગ્ય પણ સારૂં હોય ત્યારે બહુ થોડા માણસોને કરકસર કરવાનું સૂઝે છે; પણ હંમેશા એક સરખી સ્થિતિ નથી રહેતી. તડકો હોય ત્યાં છાંયો આવે,

એ નિયમ કુદરતી છે. એ સ્વાભાવિક સ્થિતિ સમજીને આજથી જ ભવિષ્યને સારૂ સાવચેત રહેશો.

બહુ કુલિન–ખાનદાન ગણાતા કુટુંબો પણ ખોટાં ખરચને લીધે એવી કફોડી સ્થિતિમાં મૂકાય છે કે તમે જો એમની આંતરિક હકીકત સાંભળો તો તમને ખેદ થયા વિના ન રહે. કોઇની શ્રીમંતાઇ ત્રણે કાળને માટે નથી ટકી રહેતી. શ્રીમંતાઇના જોશમાં ખોટા ખરચ કરતાં લાંબો વિચાર નથી કરતા. તાવના ચડતા જુસ્સામાં માણસ જેમ બકવા માંડે છે તેમ જ્યારે પૈસાનો મદ ચડે છે ત્યારે માણસો આગળ–પાછળની બહુ ચિંતા નથી રાખતા. પછી એવું બને છે કે સંપત્તિ ચાલી જાય, છતાં ખોટા ખરચ રહી જાય. સુજ્ઞ ગૃહિણી એ વખતે પોતાની સ્થિતિ સમજી કરકસર કરવા માંડે છે, પરંતુ બેદરકાર સ્ત્રી, રૂઢી–રિવાજ–ચાલી આવતી રહેણીમાં કંઇ ફેરફાર કરવાને અશક્ત હોવાથી વધુ ને વધુ પાયમાલી વ્હોરી લે છે. પૈસા સંબંધી સ્થિતિ સારી હોય અને થોડા ખોટા ખરચ નભાવવા પડે એ તો સમજી શકાય, પણ લાચાર સ્થિતિમાં એવા ખોટા ખરચ પાછળ તણાઈ મરવું એ હાથે કરીને આપઘાત કરવા જેવું છે.

શિયાળો બેસે, સખત ટાઢ પડવા લાગે ત્યારે માણસ ઉનનાં ગરમ કપડાં ભલે પહેરે, પણ એક વાર ઉનના કપડાં પહેર્યાં એટલે ધોમધખતા તાપને વખતે પણ એ બધાં પહેરી રાખવાં જ જોઇએ એવો નિયમ નથી. તે જ પ્રમાણે એક વાર ખોટું ખરચ થઈ ગયું, માટે કાળના અંત સુધી એ ખરચો નભાવવા જ જોઇએ એ માન્યતા ખોટી છે. સમય

અને સ્થિતિ પ્રમાણે માણસે ફેરફાર કરવા જ જોઇએ. જે એમ ન કરે તે, સાચું પૂછો તો માણસ જ ન ગણાય. પશુ કરતાં માણસ વધુ બુદ્ધિશાળી છે તે આવે પ્રસંગે જ જણાય છે.

ખોટા ખરચ રાખવાથી આપણી આબરૂ વધે છે એમ ન માનશો. આપણને સારૂં લગાડવા કોઈ કદાચ ખોટા ખરચાના વખાણ કરવા બેસે તો પણ એનાથી છેતરાઇ જશો મા–ફુલાશો મા. દુનિયામાં બધા બેવકુફો નથી હોતા. ડાહ્યા માણસો તો ખોટા ખરચા તરફ અણગમાની નજરે જુએ છે. તમે કરકસર કરો અને ધારો કે એકાદ–બે બ્હેનપણીઓ ટીકા કે નિંદા કરે તેથી શું થઈ ગયું ? ખોટા ખરચને લીધે જો તમે તંગ સ્થિતિમાં આવી પડો તો કંઇ બીજા મદદ કરવા થોડા જ આવવાના હતા ? જેને માથે પડી એ જ ભોગવે. તમે ઉડાઉ હશો તો એનાં કડવાં ફળ તમારે પોતાને જ ચાખવા પડશે.

ખોટા ખરચ ન રાખવા એનો અર્થ એવો તો ન જ કરશો કે તમારે ખૂબ કંજુસ બનવાનું છે. કંજુસાઇ અને કરકસર એ બન્ને એક વસ્તુ નથી. કંજુસ પૈસાને પરમેશ્વર માને છે, કરકસર કરનાર માણસ જોઇએ તે ઠેકાણે પૈસા ખરચતાં સંકોચ નથી રાખતો. તમારૂં કુટુંબ સુખી રહે, સંતાનોને સારી કેળવણી મળે એ બધું તમારે જોવાનું રહે છે. આરોગ્ય, કેળવણી, અતિથિસત્કાર, યાત્રા વિગેરે અર્થે યોગ્ય ખરચ કરવા પડે તો ખુશીથી કરવા. બીજા ખોટા ખરચથી બચશો તો એવા આવશ્યક ખરચમાં તમને સંકોચાવાનો વખત નહીં આવે; માટે વિવેકથી ખરચ કરશો, લોકોની બે ઘડી પૂરતી વાહવાહથી લોભાઇ જશો મા.

# સાસુ-સસરાની સેવા

એક લોકગીતમાં કહ્યું છે તેમ સસરો, પરિવારનો ડોલતો ડુંગર છે, અને સાસુજી એક વ્હેતી નદી જેવાં છે. ડુંગરો પોતાને માથે સંસારની બધી આફતો ઝીલી લે છે, પોતાના આશ્રયે રહેનારને આરામ આપે છે. સસરો હાલતો–ચાલતો ડુંગર છે, કુટુંબના છત્ર જેવો છે. વ્હેતી નદીનું જળ જેમ શ્રમિત પથિકોનાં થાક–તરસ દૂર કરે તેમ સાસુજી કુટુંબનાં દુઃખે સંતાપ હરે છે. જે કુટુંબમાં આવી ભાવના હોય છે, તે કુટુંબના સુખની અવધિ જ ગણાય.

દરેક સ્થળે આવું સુખમય દૃશ્ય નથી જોવા મળતું. કેટલાક કુટુંબોમાં ગૃહિણી અને સાસુ–સસરા સાથે આડવેર જેવું હોય છે. ગૃહિણી સાસુ–સસરા તરફ ત્રાંસી નજરે જુએ છે. એવા પરિવારમાં પગલે પગલે દુઃખ–કંકાસ ઉભા થાય છે. કંકાસને લીધે ગોળાનાં પાણી પણ શોષાય છે.

સાસુ–વહુની વચ્ચે સદ્‌ભાવ હોય, સાસુ અને વહુ માતા અને પુત્રીની જેમ આત્મીયતા જાળવી રહ્યા હોય એવું દૃશ્ય કોઇ પરમ ભાગ્યશાળી પરિવારમાં જ આજે જોઇ શકાય છે. સાસુ–વહુ વચ્ચેના કલેશને લીધે કુસંપ થયો હોય, ભાગલા

પડ્યા હોય, જગતમાં પણ અપકીર્તિ થઈ હોય એવાં અનેક દાખલાઓ મળે છે.

સાસુ-વહુના ઝગડા આપણા આર્ય સંસારના કલંકરૂપ છે. સંસ્કારી કુટુંબોમાં પણ જ્યારે એવા પ્રસંગો બનતા સાંભળીએ છીએ ત્યારે આપણું આશ્ચર્ય વધી જાય છે. આપણે પૂછીએ છીએ કે એનું શું કારણ હશે ? કલેશ–કંકાસનાં મૂળ શોધવા એ સ્હેલી વાત નથી. સાસુ કે વહુ બન્ને પોતાને નિર્દોષ સાબીત કરવા મથતા હોય છે. સંસારનો એ એક વિષમ કોયડો છે એમ કહીએ તો પણ ચાલે.

આપણે કલેશનાં મૂળ શોધવાની કંઇ જ જરૂર નથી. કલેશ માત્ર જો દુઃખદાયી હોય તો તેનો પ્રથમ તકે જ નીકાલ આણવો જોઈએ. ગૃહિણી–કુળવધૂ એ વિષયમાં ધારે તો ઘણી સારી સુધારણા કરી શકે.

પહેલી વાત તો એ જ છે કે કદાચ તમારા સાસુ તમને કડવા વચન કહે તો તમારે શાંતિથી જીરવી લેવાં જોઇએ. સાસુ ગમે તેમ પણ વડીલ અને આદર તથા શ્રદ્ધાને યોગ્ય છે. તેમનો સ્વભાવ ચીડીયો હોય એમ બને. તમારો કંઇ જ વાંક ન હોય છતાં તમને એમના તરફથી વારંવાર સાંભળવું પડતું હોય એમ પણ બને, પણ એવે વખતે તમે જો થોડી શાંતિ રાખો, મુંગે મ્હોઢે સાંભળી લો તો એ વાત એટલેથી જ પતી જાય. વડીલ કે પૂજ્યજનોનાં કડવા વાકય કે મહેણાં સાંભળવા પડે તો એ તમારી ધીરજ–શાંતિ–સહનશીલતાની કસોટીનો સમય છે એમ માની શાંત બેસી રહેશો. એ પ્રસંગ પતી ગયા પછી યોગ્ય અવસરે તમે સાસુ પાસે બધી વાતના ખુલાસા કરી શકો છો.

જે બ્હેનો એમ કરવાને બદલે ક્રોધનો જવાબ ક્રોધથી વાળે છે તેઓ ક્લેશરૂપ અગ્નિમાં નવું ઘી હોમે છે અને દુઃખની માત્રા વધારી મૂકે છે.

બીજી વાત એ છે કે તમે એકદમ ઘરની કુલ મુખત્યારી લેવાનો લોભ ન કરશો. તમારા પતિ ભલે કમાણી કરતા હોય, એમના ઉપર જ ભલે આખા કુટુંબનો આધાર હોય, પરંતુ સાસુ–સસરા અનુભવી અને વયોવૃદ્ધ હોવાથી એમની દરેક આજ્ઞા તમારે સારૂ શિરોધાર્ય જ રહેવી જોઈએ. ગૃહિણી જ્યારે પોતાને ઘરની માલેક માનવા લાગે છે ત્યારે મોટે ભાગે સાસુ-વહુ વચ્ચે ક્લેશના બીજ વવાય છે. તમે એ લોભથી દૂર જ રહેજો. તમે અધિકારનો નહીં પણ કર્તવ્યનો વિચાર કરજો. કર્તવ્ય બજાવનારને અધિકાર આવી મળે છે. કર્તવ્યથી જ અધિકાર પ્રાપ્ત થાય છે. અધિકાર મેળવવા સારૂ માણસને કેટલી તપશ્ચર્યા કરવી પડે છે ?

તમે ગમે તેટલા હુશિયાર કે કેળવાયેલા હો, પણ તમારા સાસુ–સસરા કરતાં અનુભવમાં ન્હાના જ ગણાઓ. એમણે સંસારના જે કડવા–મીઠા અનુભવો કર્યા હોય અને એને લીધે એમણે જે ડહાપણ મેળવ્યું હોય તે તમારામાં ન જ હોય. એ અનુભવને અંગે પણ તમારે સાસુ–સસરાની આજ્ઞામાં રહેવું જોઇએ. એમની આજ્ઞા પાળશો તો પરિણામે તમારૂં પોતાનું જ હિત થશે.

એક બીજી રીતે વિચાર કરો. તમે જે પતિદેવને પૂજો છો એ પતિને પણ એમના માતાપિતા પૂજવા યોગ્ય છે. માતા-પિતાના પ્રતાપે જ તમારા પતિ સારી કેળવણી પામ્યા છે.

જે તમારા પતિના પૂજ્ય હોય તેમના પ્રતિ તમારે કેટલી ભક્તિ રાખવી જોઇએ ? કદાચ સાસુ–સસરા તરફથી કંઈ અન્યાય થવા પામ્યો હોય તો પણ એમના ઉપકાર યાદ કરી તમારે ધૈર્ય રાખવું જોઇએ.

શાંતિ, ધૈર્ય અને ક્ષમાથી તો વેરી પણ વશીભૂત બને છે. એના જેવું સાત્વિક વશીકરણ બીજું એક પણ નથી. તમે તમારા સાસુ–સસરાનો વિનય રાખશો તો તેઓ તમારી ઉપર એક પુત્રી જેટલો જ સદ્‌ભાવ રાખશે. સાસરામાં સારૂં સ્થાન મેળવવું એ તમારા પોતાના હાથમાં જ છે. સાસુ-સસરાને સંતોષ આપવાથી તમે તમારા પતિનો પણ વધુ ચાહ મેળવી શકશો. પતિ ઉપર પ્રેમ હોય, છતાં પતિના માતા–પિતા પ્રત્યે અભાવ હોય તો સમજજો કે તમારી પતિ–ભક્તિ હજી અધૂરી છે.

સાસુ–સસરાની હયાતીને કદિ પણ આફતરૂપ ન માનશો. જે કુટુંબમાં એવા વડીલ નથી હોતાં તે કુટુંબ એકદમ ઉઘાડા પડી જાય છે. દુ:ખ કે આફતના વખતે એમને જેવો જોઈએ તેવો આધાર નથી મળતો. જેમના સાસુ–સસરા હયાત છે, જે ગૃહિણી સાસુ–સસરાની પ્રેમપૂર્વક પોતાના હાથે સેવા કરી શકે છે, અનુભવી સાસુ–સસરાની સલાહ મેળવી શકે છે તે ખરેખર ભાગ્યશાળી છે. કેટલીકવાર જે વસ્તુ આપણી પાસે હોય તેની કીંમત આપણે બરાબર આંકી શકતા નથી. અભાવ વખતે જ એની સાચી કદર થાય છે; પણ પછી એ કદર શા કામની ?

સાસુ–સસરા ગમે તેવા આકરા હોય તો પણ એમની બની શકે તેટલી સેવા કરજો: એમના કડવાં વચન જીરવજો.

તેમના આશીર્વાદથી તમે સુખી થશો. તમારા સંતાનો પણ એમાંથી સારૂં શિક્ષણ મેળવશે અને તમે પોતે જ્યારે સાસુ બનશો ત્યારે તમારી પુત્રવધૂ તમારી સાસુ–સસરાની સેવાનો બદલો ચક્રવર્ધી વ્યાજની સાથે વાળી દેશે.

અમસ્થા પણ વૃદ્ધો પૂજનીય છે. તમારા સાસુ–સસરાએ તો વળી પોતાનાં સુખ–સગવડનો ભોગ આપી તમારા પતિને મોટા કર્યા છે, ભણાવ્યા છે અને આજની સ્થિતિએ પહોંચાડ્યા છે. તેમના ઉપકારનો બદલો તમે બીજી કઈ રીતે વાળી શકવાના હતા ? સાચો ભક્ત જેમ પોતાના દેવની પોતાના હાથે સેવા–પૂજા કરે છે તેમ જો તમે સાસુ–સસરાની સાથે સમભાવ રાખશો, એમની આજ્ઞા ઉઠાવશો અને એમના પ્રત્યેનો પૂજ્યભાવ જાળવી રાખશો તો તમે એક આદર્શ ગૃહિણી તરિકેની નામના મેળવી જશો. વડીલજનોના અંતરમાંથી આપોઆપ નીકળતા આશીર્વાદ તમારા ભવિષ્યના જીવનને પણ અજવાળશે.

પતિ તો બ્હારના કામકાજમાં રોકાયેલા હોય તેથી માતા-પિતાની જેવી ઘટે તેવી સારવાર ન કરી શકે. તમે તેમની નજીકમાં રહો છો. પતિએ જે સેવા–ચાકરી કરવી જોઇએ તે પણ તમારે ભાગે જ આવે છે. એ ફરજ તમે બજાવશો તો સાસુ–સસરા પણ તમારી ઉપર પોતાની એક પુત્રી જેટલું જ વ્હાલ દાખવશે. તમને પોતાને પણ લાગશે કે સાસરો ડુંગરની જેમ કુટુંબનો શિરછત્ર છે અને સાસુજી નદી જેવા સુખ આપનારા છે એ વાત માત્ર કલ્પના જ નથી, પણ અક્ષરશઃ સત્ય છે; પણ એ બધાનો આધાર તમારી પોતાની ઉપર જ છે, એ વાત કદિ ન ભૂલશો. અધિકારથી નહીં પણ કર્તવ્યથી બધી સુખ–સામગ્રી મેળવી શકશો.

# પતિભક્તિ

સ્ત્રીનું બળ, ગૌરવ, સંપત્તિ અને આશ્રય એ બધાં પતિમાં જ સમાઇ જાય છે. પતિભક્તિના સંબંધમાં અનેક ઉપદેશો અને ઉદાહરણો મળી આવે છે. સતી સીતા અને દ્રૌપદીનાં જીવનચરિત્રો, જે આજે આટલા રસથી સંભળાય છે તે પતિભક્તિના ઉજ્જવળ દૃષ્ટાંતરૂપ છે. નારીજીવનનું ગૌરવ પતિભક્તિ જ છે એમ સર્વ સતીઓનાં જીવનથી સિદ્ધ થઇ ચૂક્યું છે.

પતિ-પત્નીનો સંબંધ જો કે સાંસારિક છે, તો પણ એ ધર્મથી અંકિત છે. જ્યાં એ સંબંધમાં ધાર્મિકતા નથી ત્યાં તેની પવિત્રતા રહી શક્તી નથી. પતિ-પત્નીનું રક્ષણ કરે છે, અને પત્ની પતિને ઉન્માર્ગે જતો રોકે છે: મતલબ કે પરસ્પરને પોત પોતાની મર્યાદામાં રાખવાને અંગે આ ધર્મસંબંધ સહાયભૂત બને છે. એ જ એ દાંપત્ય સંબંધની મુખ્ય પ્રતિષ્ઠા છે.

પશુ-જીવનમાં લગ્ન સંબંધ નથી, કારણ કે ત્યાં યથેચ્છ વિહાર વર્તે છે. મનુષ્યજાતિમાં પણ જો પતિને પત્ની પ્રત્યે આદર ન હોય અને પત્નીને પતિ વિષે ભક્તિભાવ ન હોય તો ધર્મના પાયા ઉપર સ્થપાયેલો દાંપત્યસંબંધ ન સચવાય: ઉભયનું અધ:પતન થાય. સ્ત્રીઓને સારૂ જેમ પતિ-

ભક્તિ છે તેમ પુરૂષોને સારૂ એકપત્નીવ્રતનો મહિમા છે. શાસ્ત્રકારોએ પુરૂષનો કે સ્ત્રીનો પક્ષપાત નથી કર્યો. ઉભયને પોતાના ધર્મમાં સ્થિર રાખવાના ઉપાય યોજ્યા છે.

પતિ–પત્નીના નિર્મળ સંબંધમાં પણ કેટલીકવાર અણ-ધાર્યા અંતરાય આવે છે. એક–બીજાનાં મન વ્યગ્ર બને છે. શુદ્ધ દાંપત્યપ્રેમનો પ્રવાહ જાણે કે સૂકાતો હોય એમ લાગે છે. સ્ત્રીની પતિભક્તિમાં, અડગ નિષ્ઠા એ અંતરાયને પોતાની શક્તિથી ઓગાળી દે છે.

સતી સ્ત્રીની પતિભક્તિ કઠોરમાં કઠોર ગણાતા પુરૂષનું વજ્ર જેવું હૈયું ભીંજાવે છે. પત્થરથી યોજાયેલા પર્વતમાં જેમ ન્હાનું ઝરણુ વહે છે તેમ સ્ત્રીની પતિભક્તિ પુરૂષના પર્વત જેવા હૃદયમાં પણ સ્નેહ--મમતા જન્માવે છે. સતી સ્ત્રી-ઓએ એક માત્ર પતિભક્તિના પ્રતાપે દુષ્ટ ચરિત્રીને સચ્ચરિત્રી, વ્યસનીઓને સંયમી અને સ્વેચ્છાચારીઓને નિયમને વિષે સ્થિર કર્યા છે. પતિભક્તિ એક સાધના છેઃ આરાધના છે. એ સાધનાવડે પોતાનું અને પતિનું જીવન પણ ઉન્નત બને છે.

પતિનો આદર હોય તો જ પતિભકિત રહી શકે એમ ન માનશો. સુખ, દુઃખ, આપ્ત કે વૈભવના સમયમાં પણ તમારી પતિ વિષેની ભક્તિ અચળ, અડગ અને વિકારરહિત રહેવી જોઇએ. ખાસ કરીને જે વખતે મુંઝાવનારા નિમિત્તો ઉભા થાય તે વખતે અંતરના એક ખૂણામાં પ્રકાશતા આ પતિ-ભક્તિરૂપી દીપકને વધુ સચેત બનાવવો જોઇએ. પતિભક્તિના પ્રકાશથી તમારા માર્ગમાં અનેરો પ્રકાશ પડશે. જીવનમાર્ગ નિષ્કંટક બનશે.

પ્રેમ મળે તો જ બદલામાં તમે ભક્તિ આપી શકો એવો વિચાર નહીં કરતા. પતિભક્તિ એ કંઇ બદલાની કે બજારની વસ્તુ નથી. તમને તમારા સ્વામીનો સ્નેહ-સત્કાર મળે યા ન મળે, પરંતુ તમારા હૃદયમાં જે પતિભક્તિનો પ્રકાશ છે તેને કદિ પણ ઓલાવા દેશો મા. તમારી નિષ્ઠા અને ભક્તિમાં જે બળ છે તેની ભલે તમે કીમત ન સમજો, પણ એટલું શ્રદ્ધાથી માનજો કે તમારી પતિભક્તિ તમારા પતિને પાછા સુમાર્ગે વાળશે. શંકા-વ્હેમ-કલેશ વિગેરે અદૃશ્ય થશે અને રાત્રીના અંધકાર પછી જેમ દિવસનો સૂર્ય ઉગે તેમ તમારે ત્યાં પણ સુખનું સ્હવાર ઉગશે.

તમારૂં સર્વસ્વ હરાઇ જાય તો પણ તમારે ગભરાવાની જરૂર નથી. કર્મફળ તો સૌને સહેવા જ પડે છે, પરન્તુ જો તમારી પતિભક્તિ શુદ્ધ અને અખંડિત રહી હશે તો તેના પ્રતાપે તમે સ્વર્ગના દેવોને પણ અદેખાઇ આવે એવી સમૃદ્ધિ જમાવી શકશો.

પતિભક્તિ એ સ્ત્રી-જાતિનો પવિત્ર અગ્નિ છે. એ અગ્નિ આસપાસના બધા વ્હેમ, પાપ, વિઘ્નોને બાળીને ભસ્મ કરી દે છે.

ગૃહજીવનનો મૂળ પાયો પતિભક્તિ છે. બની શકે એટલી પતિની સેવા કરજો, એમનું શુભ ચિંતવજો, એમની આજ્ઞાનું યથાશક્તિ પાલન કરજો. એથી તમારો સંસાર પણ સુખમય અને મધુર બનશે. પતિભક્તિ એ એક જ એવી વસ્તુ છે કે જે બીજા સદ્ગુણોને પોતાની તરફ આકર્ષી લાવશે. તમારા જીવનને રસ અને ઉલ્લાસથી ભરી દેશે. સંસારના તોફાનો તમને કંઇ જ હાનિ નહીં કરી શકે.

# શાસ્ત્રીય કથાનક.

## ચાર પ્રકારની પુત્રવધૂઓ.

એક સમયે રાજગૃહમાં ધન્ય નામનો સાર્થવાહ રહેતો. તે ઘણો સમૃદ્ધિવાળો હતો. તેને ચાર પુત્રો હતા. એ ચારે પુત્રો પરણેલા હતા. તેમની સ્ત્રીઓનાં નામ અનુક્રમે ઉજ્જિકા, ભોગવતી, રક્ષિકા અને રોહિણી હતાં. ધન્ય સાર્થવાહની એ ચારે પુત્રવધૂઓનાં નામ એમના સ્વભાવને જ બરાબર અનુ-સરતા, એ વાત નીચેના કથાનકથી બરાબર સમજાશે.

સાર્થવાહ માત્ર શ્રીમંત જ ન હતા. રાજા-પ્રજાના સાચા સલાહકાર પણ હતા. રાજગૃહના મહારાજા, મંત્રી અને વેપારીઓ પણ એમને સન્માન આપતા.

એક દિવસે એમને વિચાર થયો કે કદાચ હું થોડા વખતને માટે બ્હારગામ ગયો હોઉં, અથવા તો છેક અશ-ક્ત બન્યો હોઉં, મારાથી કંઇ કામકાજ થઇ શકે એવું ન હોય તો તે વખતે આ કુટુંબની શી સ્થિતિ થાય ? આ આખાયે કુટુંબમાં એવું કોણ છે કે જેની ઉપર આધાર રાખી શકાય ? રાત્રી એ ચિંતામાં વીતી ગઇ. સવારમાં ઉઠતાં જ તેમણે પોતાની ચારે પુત્રવધૂઓને બોલાવી પાંચ-પાંચ શાલિના દાણા આપ્યા.

" હમણા આ પાંચ દાણા આપું છું તે લ્યો. ક્યારે પાછા માગીશ તે અત્યારે નથી કહેતો, પણ માગું ત્યારે મને પાછા સોંપજો." દરેક પુત્રવધૂને સાર્થવાહે એ પ્રમાણે કહીને વિદાય કરી.

પહેલી પુત્રવધૂ વિચાર કરવા લાગી: " ઘરમાં શાલિના ભંડાર ભર્યા છે. સસરાજીને આવી બુદ્ધિ શા સારૂ સૂઝી હશે? ઘરડા થયા એટલે બુદ્ધિ બ્હેર મારી ગઇ લાગે છે. જે ઘરમાં શાલિના ભંડાર ભર્યા હોય ત્યાં આ પાંચ દાણાની શી કીમત છે? ઘરમાં દાણાની ક્યાં ખોટ છે? જ્યારે માગશે ત્યારે બીજા એવા જ દાણા સસરાજીને દઇ દેશું." આવો વિચાર કરીને ઉજ્ઝિતા નામની પુત્રવધૂએ એ દાણા ફગાવી દીધા.

બીજી પુત્રવધૂ વિચારવા લાગી: " સસરાજીએ બીજું કંઇ નહી ને આ દાણા આપ્યા તેમાં કંઈક અર્થ હોવો જોઈએ. ખરેખર એ ખાવા સારૂ જ આપ્યા છે. પેટમાં નાખ્યા સિવાય એનો બીજો કયો સદુપયોગ હોઇ શકે? કદાચ ખાઇ જવાથી એનું સારૂં ફળ મળે. પાછા માગશે તો ગમે ત્યાંથી આવા પાંચ દાણા લાવી આપવા એ કંઇ બહુ મોટી વાત નથી." આવા વિચારથી ભોગવતીએ એ દાણા પેટમાં પધરાવી દીધા.

ત્રીજી પુત્રવધૂને વિચાર થયો: " સસરાજી પિતા તુલ્ય છે. તેઓ પોતે જ્યારે અમને રૂબરૂમાં બોલાવી આ પ્રકારના દાણા આપે ત્યારે તેમાં કંઇક પણ ઉંડો અર્થ હોવો જોઇએ. સસરાજી પરમ બુદ્ધિમાન પુરૂષ તરિકે પંકાય છે. એમના બુદ્ધિ અને અનુભવ પાસે આપણી બુદ્ધિ કંઇ વિસાતમાં

નથી, માટે આ દાણા સારામાં સારી રીતે સાચવી રાખવા અને માગે એટલે પાછા સોંપવા એ મારી મુખ્ય ફરજ છે." આવો વિચાર કરી રક્ષિકા નામની પુત્રવધૂએ શાલિના દાણા વસ્ત્રના છેડામાં બાંધી એક ડાબલીમાં મૂકી જાળવી રાખ્યા.

ચોથી પુત્રવધૂએ પોતાના પિયરીયાઓને બોલાવી કહ્યું કે: "મારા સસરાજીએ આપેલી આ એક સંપત્તિ જ છે એમ માનજો. એનો એકે-એક કણ, વર્ષાઋતુમાં આપણા ખેડાયેલા ખેતરમાં જુદા ક્યારામાં વાવજો. એમાંથી જે કંઇ પેદા થાય તે પાછું પૂરી પૂરીને વાવજો અને જેટલી બની શકે એટલી એની વૃદ્ધિ કરજો." રોહિણીના પિયરીયા એ પ્રમાણે રોહિણીનો સંદેશ-ઉપદેશ સાંભળી દાણા લઇને ત્યાંથી વિદાય થયા.

એ વાતને ચાર ચોમાસા વીતી ગયા.

પાંચમે વર્ષે સાર્થવાહે પોતાની સૌથી મોટી પુત્રવધૂ ઉજ્ઝિકાને બોલાવી પૂછયું: "આજથી પાંચમા વર્ષ ઉપર મેં તમને પાંચ શાલિના દાણા આપ્યા હતા તે યાદ છે?"

ઉજ્ઝિકાએ હા પાડી.

"એ દાણા મને પાછા આપી શકશો?" સાર્થવાહે બીજો પ્રશ્ન પૂછયો. ઉજ્ઝિકા મુંઝાણી પણ કંઇક વિચાર આવતાં તે કોઠાર તરફ ઉતાવળે પગલે ગઇ અને ત્યાંથી એવા જ પાંચ દાણા લઈ આવી.

"મેં આપ્યા હતા તે જ આ દાણા છે?" સસરાજીએ ખાત્રી કરવા પૂછયું.

"નહીં જી, એ તો મેં તરતજ ફેંકી દીધા હતા. નકામા

શા સારૂ સંઘરી રાખવા ? આપણા ભંડારમાં દાણાનો ક્યાં ટુટો છે ? ” ઉજ્જિકાએ પોતાની બુદ્ધિ પ્રમાણે ખુલાસો કર્યો. સાર્થવાહે મનમાં જ એ પુત્રવધૂની કીંમત આંકી લીધી.

એ પછી સાર્થવાહે ભોગવતી નામની પુત્રવધૂને બોલાવી, પેલા દાણાનું શું થયું ? તે વિષે પ્રશ્ન પૂછ્યો. ભોગવતીને મન એ દાણાની કશી જ કીમત ન હતી, તેથી તો તેણી તત્કાળ એ શાલિ ઉપરના ફોતરા ઉખેડી ખાઇ ગઇ હતી. સસરાજીએ એ હકીકત પણ જાણી લીધી.

ત્રીજી પુત્રવધૂએ, પહેલાના જ દાણા હાજર કર્યા. પોતે કેવી રીતે જાળવ્યા હતા, કેટલી કાળજીથી રાખ્યા હતા તે ટૂંકામાં કહી સંભળાવ્યું. જે વસ્ત્રથી બાંધ્યા હતા તે વસ્ત્ર અને જે ડાબલીમાં મૂકી છાંડ્યા હતા તે સુંદર ડાબલી પણ બતાવી.

ત્રીજી પુત્રવધૂ–રક્ષિકાના જતનથી સાર્થવાહ સંતુષ્ટ થયો. પછી તેણે ચોથી પુત્રવધૂ રોહિણીને પૂછ્યું. “ બેટા ! તમારા દાણા ક્યાં છે ?”

“ કહો તો હાજર કરૂં, પણ એ દાણા એમ નહીં આવી શકે. ” વિનીત ભાવે રોહિણીએ જવાબ આપ્યો.

સાર્થવાહ આશ્ચર્યમાં ડૂબ્યો. બધી પુત્રવધૂઓએ જે કંઇ ખુલાસો કર્યો હતો તેથી તદ્દન જુદા જ પ્રકારનો–વિચિત્ર ખુલાસો સાંભળી તે બોલ્યોઃ “ તમને મેં જે પાંચ દાણા, પાંચ વરસ ઉપર આપ્યા હતા........”

“ પૂજ્ય સસરાજી ! ” સાર્થવાહને વધુ બોલવાનો શ્રમ નહીં આપવાની ઇચ્છાથી રોહિણી બોલીઃ “ હું આપનો આશય

બરાબર સમજી છું, પણ એ દાણાનો પરિવાર એટલો બધો છે કે એમ ને એમ દાણાને અહીં રજુ નહીં કરી શકાય."

સાર્થવાહ વધુ આશ્ચર્યમાં ડૂબ્યો. દાણાનો પરિવાર ? એ કંઇ સમજી શક્યો નહીં.

રોહિણીએ સ્પષ્ટીકરણ કર્યું: "એ પાંચ દાણા વર્ષે વર્ષે વૃદ્ધિ પામતા આજે એવી સ્થિતિએ પહોંચ્યા છે કે આપ પૂરતાં ગાડી–ગાડાં આપો તો જ મારા પિયરમાંથી ધાન્યના ભંડાર અહીં લાવીને આપની આગળ હાજર કરી શકું." પોતે એ દાણા પોતાના પિતા–ભાઈ વિગેરેને શું કહીને સોંપ્યા હતા અને ખેતરમાં સંભાળપૂર્વક વાવવાથી એ દાણા કેટલા વૃદ્ધિ પામ્યા હતા તે પણ પ્રસંગોપાત રોહિણીએ કહી સંભળાવ્યું.

સ્વાભાવિક રીતે જ સાર્થવાહને એ વૃત્તાંત સાંભળી બહુ આનંદ થયો. ચાર પુત્રવધૂઓમાં સૌથી વધુ સુજ્ઞ, દીર્ઘદર્શી અને કુટુંબના સુખ–કલ્યાણમાં વૃદ્ધિ કરી શકે એવી આ રોહિણી જ છે એમ તેને પૂરતી ખાત્રી થઈ.

સાર્થવાહે ઉજ્ઝિતાને ઘર, આંગણા સાફ કરવાનું, વાસીદું વાળવાનું; ભોગવતીને દળવા–ખાંડવાનું–રાંધવાનું; રક્ષિકાને કોઠાર તથા આભૂષણો વિગેરેનું રક્ષણ કરવાનું કામ સોંપ્યું. રોહિણી ગૃહતંત્રની મુખ્ય અધિષ્ઠાત્રી બની. એની બુદ્ધિમત્તા તથા કાર્યદક્ષતા ઉપર સૌ મુગ્ધ થયા. ન્હાની હોવા છતાં પોતાની આવડત અને યોગ્યતાને લીધે તે ઘરની વડેરીરૂપે ઓળખાવા લાગી.

આજે પણ ઉજ્ઝિતા અને ભોગવતી ઘેર ઘેર મળી શકે છે. રક્ષિકા મળવી મુશ્કેલ છે અને રોહિણી તો કોઇ પરમ ભાગ્યવાન કુટુંબમાં જ હોય છે.

ઉજ્ઝિતા એટલે બીલકુલ બેદરકાર, ભોગવતી એટલે પૂરી સ્વાર્થી, પેટનો જ વિચાર કરનાર, રક્ષિકા એટલે રખેવાળ અને રોહિણી એટલે જે કંઇ હોય તેમાં સારો વધારો કરનાર.

જે કુટુંબમાં રક્ષિકા અને રોહિણી હોય તે સુખી હોય એ નિઃશંક વાત છે. તે જ પ્રમાણે જે કુટુંબમાં વસ્તુમાત્રને વેડફી નાખનારી ઉજ્ઝિતા અને ખાવા–પીવામાં, પહેરવા–ઓઢવામાં જ મોજ માનનારી ભોગવતી હોય તે કુટુંબ, પૂર્વના ભાગ્યથી સારી સ્થિતિમાં હોય તો પણ તે સ્થિતિ વધુ વખત નીભાવી શકે નહીં.

પણ આ ઉપરથી ઉજ્ઝિતા કે ભોગવતીની કંઈ જરૂર જ નથી એમ માનવાનું નથી. ચાર પુત્રવધૂઓ, વસ્તુતઃ એક જ શરીરમાં સ્વભાવરૂપે રહી શકે છે. કુટુંબમાં એવી પણ વસ્તુઓ હોય કે જે સંભાળપૂર્વક નાખી દેવામાં ન આવે તો પગલે પગલે અડચણરૂપ થાય. એ વખતે ઉજ્ઝિતાના સ્વભાવની જરૂર પડે છે. વિવેકપૂર્વક નાખી દેતાં આવડે તો ઉજ્ઝિતાની પ્રકૃતિ ઉપયોગી થઈ પડે. ઘરનો પુંજો–કચરો આપણે ફેંકી દઇએ છીએ, કોઈ જ એવી નકામી વસ્તુ સંઘરી રાખતું નથી. ગૃહિણીના સ્વભાવમાં ઉજ્ઝિતાનો અંશ ન હોય તો ઘર કેટલું ગંદુ રહે ?

ભોગવતીની પણ કંઇ ઓછી જરૂર નથી. જે સારૂં ખાઈ શકે છે, સારી રીતે પહેરી–ઓઢી શકે છે તે બીજાને સારી રીતે ખવરાવી પણ શકે, પહેરાવી–ઓઢાડી પણ શકે. માત્ર ગમે તેમ કરીને ખાવું–પ્રમાદવશ બની પડી રહેવું એ હેતુ ન હોવો જોઇએ. કુટુંબમાં સારી ભોગવતી હોય અને

ભોજનાદિ સામગ્રીથી કુટુંબીઓને સંતોષ આપતી હોય તો તે સ્વભાવ પણ એક અપેક્ષાએ ઈચ્છવા યોગ્ય જ ગણાય.

ગૃહિણી રક્ષિકા બને તો ઘણો ખોટો ખરચ બચી જાય. કરકસરનો સ્વભાવ એ વસ્તુતઃ રક્ષિકાના સ્વભાવનો જ પડઘો છે. પ્રાપ્ત સ્થિતિ સંભાળી રાખવામાં પણ કાળજી અને સાવચેતી રાખવાં પડે છે.

રોહિણી અને રક્ષિકા વચ્ચે સખીભાવ હોય, રોહિણી નવી વૃદ્ધિ કરતી હોય અને રક્ષિકા રખેવાળી કરતી હોય તો દૈવને પણ બે ઘડી આઘે ઉભા રહેવું પડે.

સૌ રોહિણી ભલે ન બની શકે. ઉજ્ઝિતા, ભોગવતી અને રક્ષિકાના સ્વભાવનો જીવનમાં મેળ સધાય તો પણ ગૃહિણી કુળની લક્ષ્મીરૂપે ઘરની ભાગ્યવિધાતા તરીકે પંકાઈ જાય.

રોહિણી કે રક્ષિકા કોઈની પાસે અધિકાર માગવા ન્હોતાં ગયાં, એમની આવડતથી જ એ અધિકાર એમને મળ્યો હતો. તમે પણ તમારી સેવા, ભક્તિ અને બુદ્ધિમત્તાથી એ પ્રકારનો અધિકાર મેળવશો. પરાણે મેળવેલા અધિકાર વધુ વાર ટકી શકતા નથી.

કજીયા–કંકાસ કરવાથી કોઈ પ્રકારનો અધિકાર મળી જશે એ વાત મનમાંથી કાઢી નાખજો. સારાં વસ્ત્રો કે આભૂષણો પહેરવા માત્રથી તમારી કીર્ત્તિ વધશે એ ભ્રમણા પણ કાઢી નાખજો. કુટુંબનું સુખ, શાંતિ જાળવી શકશો તો આદર અને કીતિ પોતે જ તમારી આગળ બે હાથ જોડી ઉભાં રહેશે.

# ઐતિહાસિક કથા

જોધપુર-નરેશ યશવંતસિંહ એક વાર શહેનશાહ શાહ-જહાંના હૂકમથી ઔરંગઝેબની સામે લડવા મેદાને પડ્યા. ઔરંગઝેબ જેટલું સૈન્યબળ યશવંતસિંહ પાસે ન હતું. જે થોડા સૈનિકો હતા તે પણ કપાઈ મુઆ. યશવંતસિંહના મનમાં જીવન કે મૃત્યુનો પ્રશ્ન ઉભો થયો. જીવવું હોય તો યુદ્ધના મેદાનમાંથી નાસી છૂટવા સિવાય બીજો કોઇ માર્ગ રહ્યો ન્હોતો.

એક માત્ર જીવવાની ઇચ્છાથી યશવંતસિંહે પાછા પગલા ભર્યા. તે દિવસે રાજપુતોની ક્ષત્રીયવટ ઉપર કલંકની છાયા પડી.

યશવંતસિંહજીની રાણી, શિશોદીય કુળની રાજકુમારી હતી. તેણીએ જ્યારે સાંભળ્યું કે પોતાનો પતિ યુદ્ધના મેદાનમાંથી જીવતો પાછો આવે છે અને માત્ર પોતાના પ્રાણ બચાવવા માગે છે ત્યારે તેના નારીદેહમાં વહેતું શાંત રક્ત પણ ઉછળી આવ્યું. પતિની કાયરતા તેણીને અસહ્ય થઇ પડી. એ વખતે તેણીએ પોતાના સૌભાગ્યનો, સુખનો કે વૈભવનો વિચાર ન કર્યો. પતિની પ્રતિષ્ઠા જાય તો સંસા-રમાં જીવવા જેવું શું રહે? આવો વિચાર કરી તેણીએ રાજમહેલના દરવાજા બંધ કરાવી દીધા.

પોતાના પતિને ખુલ્લે ખુલ્લા શબ્દોમાં સંદેશો સંભળાવી દીધો કેઃ "તમારા જેવા કાયર, યુદ્ધના મેદાનમાંથી પાછે પગલે નાસી આવેલા પતિનું મ્હોં જોવા હું ખુશી નથી. તમારે માટે આ રાજમહેલના દરવાજા બંધ છે."

ક્ષણિક નબળાઇને વશ બની ગયેલા આવા અનેક પતિ-ઓને સતી સ્ત્રીઓએ પ્રેરણા અને સ્ફૂર્તિના અમૃત પાયા છે. તેમની નબળાઇને પોતાના મધુર શબ્દોથી ધોઈ નાખી છે.

શિશોદીયા રાજકુમારીએ વધુમાં એમ પણ કહેલું કે "તમને અમારી ચિંતા હોય તો તે કાઢી નાખજો. 'અમારી પાછળ અંતઃપુરમાં વસનારી ઓરતોની શી દશા થશે?' એવી ફીકર ન કરતા. જો તમે લડતાં લડતાં વીરગતિને પામશો તો અમે પણ તમારી પાછળ પાછળ જ ચાલી નીકળશું અને વિજય મેળવીને પાછા આવશો તો અમે તમારી આરતી ઉતારવા તૈયાર રહેશું."

સ્ત્રી કેવળ વિલાસ કે ભોગોપભોગની જ વસ્તુ નથી. આર્ય રમણીઓએ કસોટીના સમયે પોતાના પતિ, પુત્ર, પિતા વિગેરેને આશ્વાસનો આપ્યાં છેઃ એમને પોતાના હાથે બખ્તરો પહેરાવી સંગ્રામમાં મોકલ્યા છે. સ્ત્રી ગૃહસ્થધર્મની સહચારી છે, એમ તેમણે પોતાની શક્તિથી બતાવી આપ્યું છે. કોઈ પણ સ્ત્રીએ પોતાની કીંમત ઓછી આંકવાની જરૂર નથી.

# કોટાની રાજકુમારી

અંબરના વિખ્યાત મહારાજા જયસિંહના લગ્ન, કોટાની રાજકુમારી સાથે થયા હતા. કોટાની આ રાજબાળાં ઘણી સાદી, સરળ તથા નિરાડંબર હતી. એ મૂલ્યવાન વસ્ત્રો અને ઘરેણાં–ગાંઠાના ઠઠારાને સાવ નકામાં માનતી. ગૃહિણીની સાચી સુંદરતા એની સાદાઈમાં જ છે એવી તેણીને પાકી શ્રદ્ધા હતી. વેશ્યાઓ ભલે અલંકાર સજે, ભલે ટાપટીપ રાખે; કુળવધૂને એ બધું ન શોભે.

પણ અંબરના અંતઃપુરમાં આવ્યા પછી એ સાદી રાજબાળાને રંગબેરંગી-ભપકાદાર–ઝીણા–મુલાયમ વસ્ત્રોનાં સાજ સજવાની આજ્ઞા થઈ. એને કહેવામાં આવ્યું કે આ અંબરનું અંતઃપુર છેઃ તમારા બાપનું ઘર નથી. સાદાઈ અહીં નહીં ચાલે. અહીં તો જે પ્રમાણે બીજી રાણીઓ ભાતભાતના સોળ શૃંગાર સજે છે તેમ તમારે પણ સજવા પડશે.

કોટાની રાજકુમારી માત્ર સાંભળીને બેસી રહી. પોતાના નિશ્ચયથી એક તસુ પણ ન ડગી.

એક દિવસે મહારાજ જયસિંહ અને કોટાની રાજકુમારી એકાંતમાં બેઠા હતા. મહારાજાએ કોટાવાળી રાજબાળાને સમજાવવાની શરૂઆત કરી:

" આ સાદાઇ અમારા અંબરના રાજમહેલ સાથે મેળ ખાતી નથી. તમે જુઓ છો કે અહીંની એક ન્હાનામાં ન્હાની અને ગરીબમાં યે ગરીબ દાસી સારાં વસ્ત્રાભૂષણ પહેરે છે. એ બધાની વચમાં તમે છેક સાદાં વસ્ત્ર પહેરીને બેસો એ કંઇ ઠીક ગણાય ? "

કોટાની રાજબાળા એ વખતે પણ કંઇ જવાબ આપવાને બદલે મૌન જ રહી. વિલાસ–શૃંગારમાં શ્રદ્ધા ધરાવનારા પતિના ઉપદેશવાકયો એવાં જ હોય એમ માની અંબરરાજના મ્હોં સામે નીરખી રહી. પતિનો એ સ્વાભાવિક અધિકાર હતો.

અંબરરાજ ઉપદેશથી પણ પાંચ–પંદર ડગલાં આગળ ગયા. તેમણે પાસે પડેલો એક કાચનો કટકો હાથમાં લીધો અને કોટાવાળી રાજબાળાએ જે જાડું–સ્વચ્છ વસ્ત્ર પહેર્યું હતું તેમાં કાપા મૂકવા માંડ્યા. ' આવાં જાડાં વસ્ત્રની અહીં આવી જ દુર્દશા થવાની ' એમ તેઓ સીધી રીતે સૂચવવા માગતા હતા.

કોટાની રાજબાળા એ વાત તરત જ સમજી ગઇ. તેની આંખમાં વાઘણનું તેજ ચમકયું. તે બોલી: " ખબરદાર, મહારાજા ! આ જાડા–સાદા વસ્ત્રનું અપમાન એ વસ્તુત: મારા પિતૃવંશનું અપમાન છે. હું એ નહીં ખમી શકું.

તમે રાજકુમાર છો, તો હું પણ એક રાજકુમારી છું. સ્ત્રી એટલે માત્ર ચરણદાસી એમ ન સમજશો. સ્ત્રી પતિનું અને પતિ પત્નીનું સન્માન સાચવવાને બંધાયેલ છે. જ્યાં પરસ્પરમાં એવું સન્માન નથી ત્યાં દંપતી–સંબંધ રહી શકતો નથી........" થોડી વાર રહીને તે પુનઃ બોલવા લાગી:

" અને તમને શૃંગાર જોઇએ છીએ ? એ શૃંગાર, એ બનાવટી–નાટકી હાવભાવ તમને તમારી વિવાહિત ગૃહિણી પાસેથી નહીં મળે: એ મળશે તમને બજારૂ વેશ્યાઓ પાસેથી. હું ક્ષત્રિયબાળા છું. આ હાથ પોતાના પતિ કે પુત્રને યુદ્ધના સાજ કેવી રીતે સજાવવા તે જાણે છે. આ હાથ તમને બખતર પહેરાવી શકશે: અને જોઇએ તો આ જ હાથ તલવાર પણ ચલાવી શકશે. શૃંગાર, વિલાસ કે બનાવટની મારી પાસેથી આશા ન રાખતા. "

મહારાજાના હાથમાંનો કાચનો ટુકડો નીચે પડી ગયો. વીર ક્ષત્રિયાણીનાં શબ્દતેજે એને આંજી નાંખ્યો. તે પછી જ મહારાજા સમજી શકયા કે સાદાઇ એટલે અનાવડત નહિં પણ કળા–કૌશલ્ય અને તેજસ્વિતાનો સૌમ્ય પ્રકાશ. એને જ લોકો સાદાઈ કહે છે.

# વિલાસનું પરિણામ

મહમ્મદશાહ, એ વખતે દિલ્હીનો શહેનશાહ હતો. એ ઘણો વિલાસી, રંગીલો, મોજીલો હતો.

રાજાની વિલાસિતા ધીમે ધીમે પ્રજામાં ઉતરે છે. દિલ્હીનો વૈભવ અપાર હતો. વૈભવ વિલાસને ખેંચી લાવે છે.

દિલ્હી વિલાસના પ્રવાહમાં ગળા સુધી ડૂબ્યું હતું. મહમ્મદશાહના દરબારમાં મદિરાની છોળો ઉડતી. નાચ–ગાનના મુજરા જામતા. ક્યાંય અફીણ ઘુટાતાં હોય, ક્યાંય હુક્કા ગડગડતા હોય. મહમ્મદશાહનું રાજ્ય એટલે આમોદ–પ્રમોદનું સામ્રાજ્ય, એવી સ્થિતિ હતી.

દરબારમાં જ વિલાસ ભર્યો હતો એમ ન્હોતું. કળા–કારીગરીમાં, કાવ્યોમાં, સંગીતમાં, પહેરવેશમાં બધે વિલાસનું ઝેર વ્યાપી ગયું હતું.

દરબારીઓની આંખો મદથી ચકચૂર રહેતી. અમલદારો પણ વિલાસના ઘેનમાં જ હરતા-ફરતા. સામી દીવાલની પાછળ શું ચાલી રહ્યું છે તે જાણવાની-સમજવાની કોઇને જરા ય પરવા ન હતી.

એટલામાં લાહોરથી સમાચાર આવ્યા: " ઉત્તરમાંથી નાદિરશાહની સવારી આવે છે: દિલ્હી લૂંટવા એ અધીરો બન્યો છે. "

મહમ્મદશાહના દરબારમાં એ સમાચાર પહોંચ્યા, પણ કોઇને એ સમાચાર સાંભળવા ન ગમ્યા. કોઇએ સમાચાર લઈ આવનારની મશ્કરી કરવા માંડી તો કોઇએ દિલ્હીના ઊંચા કીલ્લાની સ્તુતિ કરવા માંડી; પણ નાદિરશાહ જેવા દુશ્મન સામે દિલ્હીનું રક્ષણ શી રીતે કરવું એ વિષયમાં વિચાર કરવા જેટલી પણ કોઇને પુરસદ ન્હોતી.

શેતરંજ અને ચોપાટના દાવ ખેલાતા હોય, તેતર અને મુરઘાની લડાઇઓ ચાલતી હોય, હાથમાં મદિરાના પ્યાલા ઉભરાતા હોય, વારાંગનાઓના મુજરા ચાલતા હોય ત્યાં યુદ્ધની વાત કોને ગમે ?

એ વિલાસનું જે પરિણામ આવવું જોઈતું હતું તે જ આવીને ઉભું રહ્યું. મહમ્મદશાહ, નાદિરશાહના હાથમાં કેદી બન્યો. મોગલોના માનીતા લાલ કીલ્લા ઉપર નાદિરશાહે પોતાના પહેરેગીરો મૂકી દીધા.

બીજી જ પળે નાદિરશાહે હૂકમ કર્યો: " રંગમહેલની

તમામ ઓરતોને મારી સામે હાજર કરો. એમને કહો કે એમનાં સારામાં સારાં વસ્ત્રો પહેરી મારી આગળ આવી નાચ કરે. ”

પુરૂષો વિલાસમાં ડૂબ્યા હોય ત્યાં અબળાઓની લાચાર દશાનું તો પૂછવું જ શું ? રંગમહેલની બેગમોને સારૂ નાદિરશાહનો હુકમ માનવા સિવાય બીજો કોઇ માર્ગ જ કયાં હતો?

જનાનખાનાની એક પણ અબળાએ, નાદિરશાહના એ અન્યાયી આદેશનો વિરોધ ન કર્યો. કોઇએ એમ પણ ન કહ્યું કે: “ અમે પણ પુત્રી, બ્હેન અને માતાની જાતના છીએ. અમારી બેઇજ્જતી સમસ્ત માતાઓની બેઇજ્જતી છેઃ પરપુરૂષની સામે અમે ઉઘાડે માથે કઇ રીતે ઉભી રહી શકીએ ? ” જીંદગીભર જેમણે શૃંગાર અને વિલાસ ખેલ્યાં હોય તેઓ એમ કહેવાની હિમ્મત કરી જ શકે નહીં એ સ્વાભાવિક છે. ખુલ્લા પગે ચાલતા જેમને શરદી થઈ જાય, મખમલથી બીછાવેલી શેતરંજ ઉપર ચાલતાં પણ જેમને શ્વાસ ચડી આવે, સૂર્યનો તડકો તો દૂર રહો, ચંદ્રની શીતળ ચાંદની પણ રખેને પોતાના ચ્હેરા જોઇ જાય એવી દહેશત રહેતી હોય ત્યાં એક જુલ્મીના જુલ્મ સામે વિરોધનો શબ્દ સરખો પણ બોલવાની કોની છાતી પણ ચાલે ?

અને આ તો નાદિરશાહનું ફરમાન ! આંખના એક પલકારામાં સારા યે શહેરને ઉજ્જડ–મેદાન બનાવી દે.

હૂકમ પ્રમાણે અંતઃપુરની બેગમો હાજર થઈ ગઇ. નાદિરશાહની આંખ એ વખતે સ્હેજ મીંચાયેલી હતી.

થોડી વારે તે જાગ્યો. દિલ્હીના શહેનશાહનું જનાનખાનું સામે ઉભું હતું. માત્ર એક ઇસારાની જરૂર હતી. બધી બાઇઓ નાચવા તૈયાર હતી.

નાદિરશાહને ભાગ્યયોગે સદ્‌બુદ્ધિ સૂઝી. એને વિચાર આવ્યો. “ આ સ્ત્રીઓ, જેમને પોતાની આબરૂનો પણ ખ્યાલ નથી તેમનું અપમાન કરવાથી મને શું લાભ થવાનો હતો ? ”

“ જાઓ, અહીંથી એકદમ નીકળી જાઓ. તમારો પડછાયો પણ મારી ઉપર ન પડવો જોઇએ. જે ઓરતો પરપુરૂષની સામે આવતા શરમાતી નથી તે ઓરતોના સંતાનો આવી મ્હોટી શહેનશાહત શી રીતે ચલાવી શકવાના હતા ? ”

નાદિરશાહે અંતઃપુરની અબળાઓને રજા આપી. ઇતિહાસ કહે છે કે મોગલોના વિલાસ–વૈભવે જ, મોગલાઇ શહેનશાહતનો અંત આણ્યો. પુરૂષજાતિના વિલાસને, સ્ત્રીજાતિ જ્યારે વધાવી લે છે ત્યારે સબળ સામ્રાજ્યના પાયા પણ ડોલી ઉઠે છે. ગૃહસ્થોના વૈભવ એની પાસે કઇ બીસાતમાં છે ? વિલાસરૂપી ઝેરના પ્યાલા પીનારા ગૃહસ્થોના તો બીજી ઘડીએ જ બાર વાગી જાય એમાં શી નવાઈ ?



# જગતશેઠના ઘરની લક્ષ્મી

બંગાળ, બિહાર અને ઓરીસામાં એક દિવસે—નવાબી અમલમાં, જગતશેઠના નામની આણ વર્ત્તતી. નવાબ અને સુબા તો રોજ—રોજ બદલાતા; પણ જગતશેઠનો શાસનદંડ હંમેશા એકધારો, અચળ અને સ્થિર રહેતો. જગતશેઠનો ધનભંડાર કુબેરના ભંડારની હરિફાઈ કરતો. લક્ષ્મી, બુદ્ધિ અને શક્તિના પ્રતાપે બંગાળ, બિહાર ને ઓરીસામાં જગતશેઠ એકલા એ પ્રાંતના ભાગ્યવિધાતા ગણાતા.

પણ જગતશેઠ—કુટુંબના જે મૂળપુરૂષ બંગાળમાં સૌ પહેલાં આવ્યા તે પોતે બહુ ગરીબ અને નિરાધાર હતા. એમ કહેવાય છે કે તેઓ પોતાની સાથે માત્ર દોરી—લોટો લઈને જ આવેલા. ધીમે ધીમે એમનો વેપાર વધ્યો. પહેલાં જેમને કોઇ જાણતું પણ નહીં તેમનું નામ ઘેર ઘેર ગવાવા લાગ્યું. એક સામાન્ય વેપારી જગતશેઠની ઉપાધિને યોગ્ય ગણાયા.

હીરાલાલ અને મોતીલાલ એમ બે ભાઈઓ અને બન્ને ભાઇની પત્નીઓ, એટલો જ એ જગતશેઠનો મૂળ પરિવાર

હતો. હીરલાલની સ્ત્રીનું નામ તારાબાઈ અને મોતીલાલની સ્ત્રીનું નામ લલિતાબાઇ હતું. બન્ને ભાઇ વચ્ચે ઘણો સારો સ્નેહ હતો. તારાબાઈ ઘરનો બધો કારભાર ચલાવતી. મોતીલાલ અને લલિતા ઉપર તારાબાઇનો માતૃસ્નેહ વર્ષતો.

તારાબાઇએ એક પ્રતિજ્ઞા કરાવી હતીઃ “ ઘરની બહારથી બે ભાઇ ગમે ત્યારે પાછા ઘેર આવે ત્યારે કોઇએ ખાલી હાથે ન આવવું. ” બીજું કંઇ ન હોય તો એકાદું સૂકું તરણું હાથમાં રાખીને ઘરમાં દાખલ થવું, પણ ખાલી હાથે તો ન જ આવવું એ, એ પ્રતિજ્ઞાનો અર્થ હતો. બન્ને ભાઇઓએ તારાબાઇની એ આજ્ઞા માથે ચડાવી હતી. મનમાં તો બન્ને સમજતા હતા કે એ પ્રતિજ્ઞા માલવગરની છે, પણ તારાબાઈનું મન મનાવવા એમણે એ હસવા જેવી પ્રતિજ્ઞા પણ માન્ય રાખી હતી.

મોતીલાલ કોઇ કોઈવાર બહારથી આવતો ત્યારે ખાલી હાથે ઘરમાં દાખલ થતો, પણ એ પછી તરતજ એને પોતાની ભૂલ સમજાતી. તારાબાઇ પણ સખત શબ્દોમાં ઠપકો આપવાને બદલે સ્નેહથી, હવે પછી પ્રતિજ્ઞાનું પાલન કરવા સમજાવતી. “ હું તમને એમ કયાં કહું છું કે તમારે રૂપાનાણું–સોનાનાણું લઇને જ ઘરમાં આવવું. હું તો કહું છું કે એક ચપટી ચોખા લઇને–આખરે ઘાસનું એક તરણું લઇને પણ ઘરમાં પ્રવેશવું–ખાલી હાથે ન આવવું. આટલી સાદી પ્રતિજ્ઞા પણ તમે મારા માનની ખાતર ન પાળો તો મને કેવું માઠું લાગે ? ” તારાબાઇ મીઠી વાણીમાં પ્રેરણા પાતી. મોતીલાલ મનમાં ગાંઠ વાળતો અને હવે પછી એવી ભૂલ ન કરવા નિશ્ચય કરતો.

એક દિવસે મોતીલાલ ઘર ભણી જતો હતો. અડધે રસ્તે ગયા પછી એને યાદ આવ્યું કે " ઘેર જઉં છું, પણ હાથ તો ખાલી છે." હવે, શું લઇ જવું એ મુંઝવણ જાગી. મુંઝવણમાંથી માર્ગ કાઢતો એ થોડા પગલા આગળ ગયો હશે એટલામાં એ એક ઠેકાણે થંભીને ઉભો થઈ ગયો ! એની કુતુહલવૃત્તિ સચેત બની.

" આજ તો ભાભીને બરાબર બનાવું ! " મોતીલાલથી અજાણપણે બોલાઇ જવાયું. એના મુખ ઉપર હાસ્યની લાલાશ તરવરી.

માર્ગની એક બાજુએ, વાડ પાસે એક મરેલો સાપ પડ્યો હતો. મોતીલાલે એક મજબૂત લાકડી ઉપર એ કલેવર ઉપાડયું. ભાભીને એ મૃતદેહ અર્પણ કરવાનો નિશ્ચય કરી મોતીલાલ આગળ વધ્યો.

તારાબાઈએ મોતીલાલને દૂરથી આવતો જોયો. સાપનું ખોળીયું ઉપાડીને આ તરફ જ ચાલ્યો આવે છે એ જોઇને તારાબાઈ હેબતાઇ ગઇ. એ બોલી ઉઠી: " આવી તે મશ્કરી થતી હશે ? અને આવા મરેલા સાપને તે કોઇ ઘરમાં લાવતું હશે ? " મોતીલાલ એ બધું સમજતો હતો, પણ એને તો પ્રતિજ્ઞા પાળવાનું અને ભાભીને ચીડવવાનું આ એક બ્હાનું મળ્યું હતું.

" ભાભી માટે ખાસ ભેટ લાવ્યો છું. ખાલી હાથે ઘરમાં ન આવવું એમ તો તમે પોતે જ આજ્ઞા કરી છે. ખરા તડકામાં કેટલે દૂરથી આ ભેટ લાવ્યો હોઇશ એની

કલ્પના તો એક વાર કરો.” મોતીલાલે સાપનું કલેવર ઘરના બારણા પાસે મૂક્યું.

લલિતા તો એ દેખાવ જોઇ જ ન શકી. એ ઘરમાં જઈને સંતાઇ ગઇ. મરેલા સાપનું કલેવર તડકાના તેજમાં ચમકી ઉઠયું. એ નિર્જીવ હતો, છતાં એના કલેવરની આસપાસ ભયંકરતા જમાવટ કરીને પડી હતી.

લલિતાની ગભરામણ તારાબાઇએ જોઇ. પોતાની પુત્રી જેવી લલિતાને ગભરાએલી જોઇ, એનું લોહી પણ તપી આવ્યું: “ હજી તમારામાંથી છોકરમત ન ગઈ. જાઓ, ક્યાંય વાડમાં ફેંકી દો અને હાથ–પગ ધોઇને ઘરમાં આવો. ”

મોતીલાલે, ભાભીનાં વચનોમાં રહેલો ક્રોધ પારખી લીધો. બરાબર ગમ્મત ન થઇ એ વિચારથી એ નિરાશ પણ થયો. આખરે એણે ભાભીનું મન મનાવવા પાછું કલેવર ઉપાડયું. વાડમાં નાખવા એ આગળ ચાલ્યો.

થોડે દૂર નહીં ગયો હોય એટલામાં જ અવાજ આવ્યો: “ પાછો લઈ આવો. મારી ભૂલ થઇ. ” એ કંઠસ્વર તારાબાઈનો હતો. વળી મોતીલાલ એમ ને એમ પાછો વળ્યો.

આ વખતે તારાબાઈના મુખ ઉપરનો રોષ અદૃશ્ય થયો હતો. એણે કહેવા માંડયું: “ તમને જે કંઈ સૂઝ્યું છે તેમાં વિધાતાનો જરૂર કંઈક સંકેત હોવો જોઇએ. ખુશીથી, સાપ લઇને ઘરમાં આવો અને આપણી અગાશીમાં એક કોરે મૂકી દો.”

મોતીલાલને નવાઈ લાગી. એ તો ઘડીભર મજા કરવા

માટે જ આ કલેવર લઈ આવ્યો હતો. એણે જવાબ આપ્યો: “ આ કંઇ ઘરમાં સંઘરવા જેવી વસ્તુ નથી. એક દિવસમાં તો એ એવો ગંધાઇ ઉઠશે કે શેરીમાં રહેવાનું અશકય બનશે. તમે કહેતા હો તો એને અહિં ને અહિં અગ્નિદાહ દઇ દઉં.”

“ તમે લાવ્યા છો તો તમારી પ્રતિજ્ઞાની ખાતર પણ એકાદ બે કલાક એ ઘરમાં જ રહેવો જોઇએ. પછી ફાવે તે કરજો. ” તારાબાઇએ પોતાનો નિર્ણય આપ્યો.

તારાબાઈ માનતી હતી કે કોઈ ચીજ નકામી નથી. આપણે જેને સાવ નમાલી વસ્તુઓ ગણીએ છીએ–નમાલા પ્રસંગો ગણીએ છીએ એમાંથી જ ક્રમે ક્રમે ઇતિહાસમાં અમર રહી જાય એવા પ્રકરણો ઉદ્ભવે છે. તારાબાઇની એ એક સ્ત્રીયોચિત માન્યતા હતી. શ્રદ્ધાળુ અંતરનું એ એક માત્ર અવલંબન હતું. સુખ–દુઃખ, સારૂં–નરસું જે કઈ સહેજે પ્રાપ્ત થાય તેને આદર આપવો, ગણગણાટ કર્યા વિના એ સર્વ સ્વીકારી લેવું એ તારાબાઈની સરળ પ્રકૃતિનું મુખ્ય સૂત્ર હતું.

મોતીલાલે એનો વિરોધ ન કર્યો. એ ભાભીની આજ્ઞાનુસાર સાપનું કલેવર અગાસીમાં મૂકી નીચે ઉતરી ગયો.

( ૨ )

બીજે દિવસે કરીમોન્નેસા નામની બેગમનો એક બહુ જ મૂલ્યવાન હાર ગુમ થયેલો હોવાની વાત આખા શહેરમાં ફેલાઈ ગઈ.

કરીમોન્નેસા બેગમ, નવાબ મુરશીદ–કુલી–ખાંની માનીતી–ભૂળ–પ્રીતિપાત્ર બેગમ હતી. એ બેગમને ખુશ કરવા માટે,

મુરશીદ–કુલી–ખાંએ મહેલની ઉપર–અગાસીમાં જ ભાતભાતનાં ફુલછોડ ગોઠવી એક સરસ વિમાનના આકારનો બગીચો બનાવ્યો હતો. સ્વાભાવિક સૌંદર્યને ખીલવવામાં અને એનો ઉપભોગ કરવામાં આ મોગલ શહેનશાહો અને એમના સુબાઓ પણ ઈતિહાસપ્રસિદ્ધ છે.

મહેલ, ભાગીરથીના કિનારા ઉપર જ હતો. ભાગીરથીનાં જળમાં જાણે એ મહેલ પોતાનું મ્હોં જોઈને અહોનિશ હરખાતો હોય–પોતે પોતાના સૌંદર્ય વિષે મુગ્ધ બનતો ઉભો હોય એમ લાગતું.

જે દિવસે હાર ગુમ થયો તે દિવસે ઉતરતા પહોરે બેગમ કરીમોન્નેસા, વિમાન–ઉદ્યાનમાં બેસી વસ્ત્રાલંકાર પહેરતી હતી. માત્ર બે દાસીઓ એની સેવામાં હાજર હતી. ઘડી પછી, હાર ગળામાં નાખીશ એમ ધારી બેગમ સાહેબે એ હાર થોડા વખતને માટે અલગ મૂકયો હતો.

વિમાન જેવું ઉદ્યાન અને કરીમોન્નેસા જેવી રૂપવતી બેગમ: એ બન્નેના ગૌરવને દીપાવવા સંગીત તો જોઈએ જ! એક બાંદીએ પૂરવી રાગ ગાવાનું શરૂ કર્યું. પૂરવી રાગની એવી જમાવટ થઇ કે સંગીત પૂરૂં થવા છતાં, સાજસજ્જા સમાપ્ત થવા છતાં અને નીચે ઉતરવાનો વખત થવા છતાં પેલો હાર કોઈને યાદ ન આવ્યો. બેગમને તેમજ તેમની દાસીઓને પણ હારની વાત યાદ ન રહી. પછી, જ્યારે રાત્રી પડી, અચાનક બેગમ સાહેબે પોતાનાં કંઠનાં અલંકાર તરફ નજર નાખી ત્યારે એ હાર ન દેખાયો. તરતજ શોધખોળ શરૂ થઈ–આખો મહેલ તપાસી વળ્યા પણ હારનો પત્તો ન લાગ્યો.

નવાબ મુરશીદ–કુલી–ખાંએ આખરે જાહેર કર્યું : “ જે કોઈ, આ ખોવાયેલા હારની બાતમી મેળવી આપશે તેને એક સો અશરફી ઈનામ તરિકે આપવામાં આવશે. ”

શહેરના કોટવાળે, આવતા–જતા માણુસોની બધી સામગ્રી તપાસવા માંડી. મહોલ્લે મહોલ્લે સીપાઇઓ ઘેરો ઘાલીને બેઠા. કોઇ પણ રીતે બેગમ સાહેબના હારનો પત્તો મેળવવો જ જોઇએ.

નાગરિકોમાં ભાતભાતની અફવાઓ ચાલી. કોઇએ કહ્યું: “ આકાશની એકાદી પરી પોતે જ આવીને બેગમનો હાર લઈ ગઈ હશે ! ” કોઇએ કહ્યું: “ જે વસ્તુ આપણી પોતાની ન હોય તે આ રીતે આપોઆપ ઉડી જાય ! નવાબ ગમે તેટલું માથું કૂટે તો પણ ગયેલી વસ્તુ કોઇ દિવસ પાછી ન આવે ! ”

એ દિવસે સાંઝે કંઈક કામને માટે તારાબાઇ અગાસી ઉપર ગઇ. ત્યાં જતાં જ એ મંત્રમુગ્ધ જેવી બની ગઈ. થોડા સમય પહેલાં જ્યાં મરેલા સાપનું ખોળીયું પડ્યું હતું ત્યાં એક એવો જ સર્પના આકારવાળો સોનાનો હાર પડેલો દેખાયો ! લોકોમાં બેગમના ખોવાયેલા હાર વિષે જે વિચિત્ર વાતો ચાલી રહી છે તે જ આ હાર હોવો જોઇએ, એવું અનુમાન બાંધતા તારાબાઇને વાર ન લાગી, પણ આ હાર અહીં કેવી રીતે આવ્યો ? એનું અંતર ભયને લીધે કંપી ઉઠ્યું.

નીચે–ઓરડામાં આવી તરત જ તેણીએ હીરાલાલ તથા મોતીલાલને બોલાવ્યા. કહેવરાવ્યું કે: “ બહુ જ જરૂરી કામ છે, જલદી આવી જાઓ. ”

થોડીવારે બન્ને ભાઈઓ ઘેર આવ્યા. તારાબાઈના હાથમાં એક સોનાનો હાર જોઈને તેઓ આશ્ચર્ય પામ્યા.

"કેમ બોલાવ્યા ? ભાભી !" મોતીલાલે પૂછ્યું.

હાર તરફ અંગુલીનિર્દેશ કરી તારાબાઈએ કહેવા માંડ્યું: "સાપના કલેવરને બદલે આજે અચાનક અગાસી ઉપરથી આ હાર મળ્યો છે. ગઈકાલે બેગમ સાહેબના બગીચામાંથી જે હાર ખોવાયો હતો તે જ આ હોવો જોઈએ."

હીરાલાલ પોતે કંઈ સમજી શકયો નહીં. મોતીલાલ મરેલો સાપ લાવ્યો હતો એ વાતની પણ એને મુદ્દલ માહિતી ન હતી.

મોતીલાલ એમ ગભરાઈ જાય એવો યુવાન ન હતો, છતાં એને પણ એમ તો થયું: "આ તો રાજદરબારની વાત છે. આગ સાથે ખેલ ખેલવા જેવું છે. ભાગ્ય હોય તો શિરપાવ મળે અને ભાગ્ય ન હોય તો પ્રાણદંડની સજા પણ સાંભળી લેવી પડે."

બન્ને ભાઈઓ જાણે કે ચિંતાના મહાસાગરમાં ગળકાં ખાતાં હોય એમ કયાંય સુધી બેસી રહ્યા. કોઈ રસ્તો હાથ ન આવ્યો.

આખરે તારાબાઈ બોલી: "આમ મુંઝાયાથી—કેવળ બેસી રહેવાથી કંઈ નહીં વળે. અને આમાં મુંઝાવા જેવું છે પણ શું ? આ તો ભાગ્યોદયનું ખુલ્લું ચિન્હ છે. તમારે બ્હીવાનું કે અચંબો પામવાનું પણ કંઈ જ નથી." તારાબાઈના આ શબ્દો મધ્યદરીયામાં ડૂબતા બે ભાઈઓને એક ત્રાપારૂપ લાગ્યા.

એ પછી તારાબાઇએ આખી વાત મૂળથી માંડીને છેલ્લી ઘડી સુધીની હીરાલાલને કહી સંભળાવી. બેગમ સાહેબને ત્યાં ગુમ થએલો હાર અહીં કઈ રીતે આવવા પામ્યો તે બધી હકીકત ફોડ પાડીને–કાર્ય–કારણ સાથે સમજાવી.

હીરાલાલે છૂટકારાનો એક દમ ખેંચ્યો, પણ મોતીલાલ, તારાબાઇની બુદ્ધિમત્તા જોઇ બોલી ઉઠ્યો: “ ભાભી ! આપ ખરેખર અમારી લક્ષ્મીસ્વરૂપ છો. હું તમને પૂરેપૂરો ઓળખી શકયો નહીં અને તેથી જ મેં કવચિત તોફાન–મસ્તી કરી તમને હેરાન કર્યાં હશે.” મોતીલાલ ભાભીના ચરણુમાં નમ્યો. એને પોતાની સ્વર્ગસ્થ માતાનું સ્મરણ થઇ આવ્યું.

( ૩ )

નવાબ–બહાદૂર મુરશીદ–કુલી–ખાં દરબાર ભરીને બેઠા છે. અમીર–ઉમરાવો, હિંદુ આગેવાનો અને મુસલમાન અધિકારીઓની ઠઠ્ઠ જામી છે. પહેરગીરો મુખ્યદ્વાર પાસે ઉભા રહી પહેરો ભરી રહ્યા છે.

અચાનક નવાબની નજર, દરબારના એક ખૂણામાં ઉભેલા બે મારવાડી લાગતા ગૃહસ્થો પર પડી. કોઇ દિવસ નહીં ને આજે જ આ વેપારીઓ અહીં શા માટે આવ્યા હશે ? એવો એના દિલમાં પ્રશ્ન ઉદ્ભવ્યો.

તેણે ઇશારા માત્રથી એ બન્ને વેપારીઓને પોતાની સામે બોલાવ્યા. નિઝામી વિનય પ્રમાણે એ બન્ને ભાઇઓ નવાબને સલામ કરી ઉભા રહ્યા.

“જહાંપનાહ !” હીરાલાલે પોતાનો પરિચય આપતાં કહેવા

માંડ્યું: “ આ મારી સાથે આવેલો મોતીલાલ મારો ન્હાનો ભાઈ છે. બેપાર કરીને અમે અમારૂં ગુજરાન ચલાવીએ છીએ.” હીરાલાલે, પેલો ગુમ થયેલો હાર બતાવી ઉમેર્યું: “ આ હાર અમારી પાસે કઇ રીતે આવવા પામ્યો એ હકીકત જાણીને આપને જરૂર આશ્ચર્ય થશે. કદાચ ન માનવા જેવી પણ લાગશે, પરંતુ એક વાર અમારી કેફીયત સાંભળી લેવાની મહેરબાની કરશો. ”

સારી યે સભા, આ હાર જોઇને આશ્ચર્ય તથા આનંદથી ખળભળી ઉઠી. અંદર અંદર અનેક પ્રકારની વાતો ચાલી; પણ હીરાલાલ પોતે શું કહે છે, તે સાંભળવા સૌએ એ તરફ કાન માંડ્યા.

ઘરમાં ખાલી હાથે ન આવવું એ પ્રતિજ્ઞાના પ્રારંભથી માંડી, મોતીલાલ ખાલી હાથે ન આવતાં મરેલો સર્પ લઇને ઘરમાં આવ્યો, એ રીતે હીરાલાલે પોતાની વાતની પ્રસ્તાવના કરી. વધુમાં કહ્યું કે:—

“ હવે હું જે હકીકત કહેવા માગું છું તે મારી નજરે જોયેલી નહીં, પણ માત્ર અનુમાન ઉપરથી ઉપજાવી કાઢેલી છે. મારી કેફીયત સાંભળ્યા પછી આપ આપનો નિશ્ચય જાહેર કરી શકશો:

“ સવારે અમે અગાશીમાં મૃત સર્પદેહ મૂકયો અને બપોર પછી આપના બગીચામાંથી બેગમ સાહેબનો હાર ગુમ થયો. ઘણું કરીને સર્પાકાર હાર બાજ નામના પક્ષીએ જ ઉપાડ્યો હશે. હવે એ પક્ષીએ ખાદ્ય વસ્તુનું ભક્ષણ કરવા એક સ્થળે

બેસવું તો જોઇએ. એ બાજ, સંભવિત છે કે અમારી અગાસી ઉપર આવીને બેઠું હશે. ત્યાં તેણે પેલા મરેલા સાપનું કલેવર ભાળી, આ સર્પાકાર હાર પડતો મૂકયો હશે અને એને બદલે પોતાના આહારને યોગ્ય એવા સાપના મૃતદેહને લઇને જ એ પક્ષી ઉડી ગયું હશે. ”

“ સુભાન અલ્લા ! ” નવાબ બહાદૂર એક ઉંડા નિ:શ્વાસ સાથે બોલી ઉઠયા. દરબારીઓએ એની પુનરાવૃત્તિ કરી.

“ હું તમારી કેફીયત અક્ષરે અક્ષર સ્વીકારૂં છું અને તમને–તમારા આખા કુટુંબને ધન્યવાદ આપું છું. ખાસ કરીને તમારા ઘરમાં એક અસાધારણ બુદ્ધિશાળી ગૃહલક્ષ્મી છે તે જાણ્યા પછી, એ માતૃસ્વરૂપ નારીના ચરણમાં મારૂં મસ્તક નમાવવાની મને ઇચ્છા થઇ આવે છે. તમારા ગૃહદેવીને મારા નમન કહેજો અને ઈનામની સો અશરફી ઉપરાંત બીજી સો અશરફી, હું આપની ગૃહલક્ષ્મીના પગ પાસે ધરૂં છું તે સ્વીકારશો. ”

સભા સ્તબ્ધ બની, નવાબના ઉદ્ગાર સાંભળી રહી. અંતરના આવેગને જ જાણે માર્ગ કરી આપતા હોય તેમ પુન: તે નવાબ બોલવા લાગ્યા:

“ આજે જો કે હું મુસલમાન છું, પણ એક દિવસે હું પોતે હિંદુ હતો. હિંદુ માતા–પિતાનું લોહી હજી પણ મારી નાડીઓમાં વહે છે. મને મારી હિંદુ માતા યાદ આવે છે ત્યારે કોઈ પણ માતૃસ્વરૂપી હિંદુ નારીના ચરણમાં આ અભિમાન અધિકાર વિગેરે અર્પણ કરી દેવાની ભાવના જાગે છે.

મૂર્શીદાબાદની મસ્નદ પણ માતાના સ્નેહ પાસે મને તુચ્છ લાગે છે. તમારી ગૃહલક્ષ્મી, જાણે કે મારી માતાનો જ બીજો અવતાર હોય એવી મને કલ્પના થાય છે.”

એટલામાં ખજાનચીએ સો–સો અશરફીની બે થેલીઓ રજુ કરી.

“ અવિવેક થતો હોય તો તે બદલ માફી માગી, આ એક થેલી હું બંગાળના નવાબના પગ પાસે મૂકું છું. હારનો બદલો, ઈનામ દાખલ પણ મારાથી લઇ શકાય નહીં કારણ કે એની પાછળ અમે કોઇએ પરસેવો ઉતાર્યો નથી. પૈસો વસ્તુ જ એવી છે કે જો વગર પરિશ્રમે ઘરમાં આવે તો અમારા કુટુંબનાં સંપ, શાંતિ, સદ્ભાવ હરી લે. હા, કોઇ વખત અમે આફતમાં આવીએ તો આપની પાસે મદદ માટે આવી શકીએ એટલી પરવાનગી મળવી જોઇએ.”

હીરાલાલની નમ્રતા, નિઃસ્પૃહતા જોઈ નવાબ મસ્નદ ઉપરથી ઉઠી હીરાલાલ પાસે આવ્યો. એનો વાંસો થાબડી ધન્યવાદ આપતાં નવાબે કહ્યું: “ ગમે ત્યારે પણ તમારા માટે મારા દરવાજા ખુલ્લા જ રહેશે.”

બંગ, બિહાર અને ઓરીસાના નવાબના રાજદ્વાર એટલે કુબેર ભંડારીના ભંડાર–દ્વારઃ આ દ્વાર પોતાના માટે હંમેશને સારૂ ખુલ્લા રહેશે એ જાણી હીરાલાલનું હૈયું પુલાયું. તેણે નવાબને પૂરી એક વાર સલામ કરી અને વિદાય લીધી.

મુરશીદ–કુલી–ખાંએ પણ દરબાર બરખાસ્ત કર્યો. એક વેપારીની નમ્રતા અને નિઃસ્પૃહતાએ એના અંતરમાં કંઇ નવો

જ પ્રકાશ રેડ્યો હતો. દરબારીઓ પણ આ બનાવ જોઈ મંત્રમુગ્ધ બન્યા.

( ૪ )

દીવાળીને હજી એક–બે દિવસની વાર હતી. દીપોત્સવી ભગવાન મહાવીરના નિર્વાણની એક પુણ્યસ્મૃતિ છે. જૈનો અને હિંદુઓ પણ એક યા બીજી રીતે દીપોત્સવી ઉજવે છે. દીપોત્સવી, વર્ષભરનાં જુનાં દુઃખદર્દોને ભૂલાવે છે. દીપોત્સવી જાણે કે સૂકાયેલા જીવનમાં રસ, આમોદ અને ઉલ્લાસની છોળ ઉછાળે છે. અનેકવિધ પર્વોમાં દીપોત્સવી કંઈક અનોખી ભાત પાડે છે.

શરણાઈઓએ દીપોત્સવીનું સ્વાગત કરવા પોતાના સ્વર્ગીય સૂર છેડ્યા. સંસારના સંતાપથી બળી–ઝળી રહેલાં હૃદયોએ શરણાઈના સૂરમાં પોતાની બધી વ્યથા ઢાંકી દીધી.

ભાગ્યયોગે મુરશીદ–કુલી–ખાંએ એ સૂર સાંભળ્યા. ઘેર–ઘેર પ્રકટતી દીપમાળાએ એના અંતરમાં એક પ્રકારની મીઠી વ્યથા જગાવી. એણે પોતાના એક નોકરને પૂછ્યું:– " આ કયો ઉત્સવ છે ? "

" હિંદુઓનો દીવાળીનો ઉત્સવ છે, નામવર ! " અનુચરે જવાબ આપ્યો

નવાબ એ સાંભળીને મૌન રહ્યો. પોતાની બાલ્યાવસ્થાના આવાં અનેક ચિત્રો એની આંખ આગળ નાચી ઉઠયા. કેટલાક વખત સુધી એ વિચારમગ્ન બેસી રહ્યો.

એટલામાં નવાબના ખાસ સલાહકાર રાયરાયાન ત્યાં આવ્યા.

નવાબે એમનું સ્વાગત કર્યું. રાયરયાને પણ નવાબના મુખ ઉપર ગાઢ ચિંતાની રેખાઓ વાંચી.

"માણસ પોતાના ભૂતકાળને ભૂલી શકતો હોત" મુરશીદ-કુલી-ખાંએ કહેવા માંડયું: "તો હું આજે કેટલી મનોવ્યથાથી બચી ગયો હોત ? જ્યારે જ્યારે મને મારી બાળવયનાં, યુવાનીના આનંદો-ઉત્સવો યાદ આવે છે ત્યારે ત્યારે મારી ઉંઘ ઉડી જાય છે. આ નવાબીની સુંવાળી ગાદી પણ કંટકાચ્છાદિત હોય એમ લાગે છે." નવાબની આંખમાં આછા બાષ્પબિંદુ ભરાઈ આવ્યા.

"નામવર ! આપ શું કહેવા માગો છો ?" સમવેદના અનુભવતા રાયરયાન ગળગળા અવાજે બોલ્યા.

"કંઈ નહીં. મને જરા વધુ વિચાર કરવા દો."

નવાબ પોતાના અંતરમાં જાણે કે કોઈ એક ખોવાયેલું પાનું શોધતા હોય તેમ વિચાર કરવા લાગ્યા.

અહીં એટલી વાત કહી દેવી જોઈએ કે મુરશીદ-કુલી-ખાં મુસલમાન હોવા છતાં જન્મથી હિંદુ હતો. હિંદુ ધર્મ અને હિંદુ રીત-રિવાજ વિષે એના ચિત્તમાં બહુમાન હતું. હિંદુ આગેવાનો એના ખાસ સલાહકાર હતા. મુરશીદ-કુલી-ખાંની ઉદારતા અને વ્યવહારદક્ષતાથી પ્રસન્ન થઈ દિલ્હીના શહેનશાહે, એની બંગાળના નવાબ તરિકે નીમણુક કરી હતી. બંગાળ-બિહારમાં બાંધીઆઓનું એ વખતે બહુ બળ હતું. મુરશીદ-કુલી-ખાંએ એમને જેર કરી નાંખ્યા. પશ્ચિમ બંગાળના કેટલાક રાજકારસ્થાનીઓને પણ

એણે હંપૂાવીને હેઠે બેસાર્યાં. મુરશીદ–કુલી–ખાંના નામ ઉપરથી મુરશીદાબાદની પણ એણે સ્થાપના કરી. અહીં હિંદુ અને મુસલમાન જેવો કોઈ ભેદ ન હતો.

થોડી વાર રહીને મુરશીદ–કુલી–ખાંએ રાયરાયાનને ઉદ્દેશી કહ્યું:—"મારો હૂકમ છે કે આજે તેમજ કાલે–દીવાળીની રાત્રિએ પણ કોઈ ઘરમાં દીપક ન પ્રકટવો જોઇએ. સારા શહેરમાં દીવાળીને દિવસે જેટલા દીપક પ્રકટતા હોય તેથી બમણા–ચારગણા દિપક આપણા રાજમહેલમાં પ્રગટાવો. દીવાળીના દિવસે કે બેસતા વર્ષના પ્રભાતે પણ કોઈ ઘરે શરણાઈનો કે વાજીંત્રનો એક સૂર પણ ન નીકળવો જોઇએ ! શહેરભરના વાજીંત્રો એકલા આ રાજમહેલમાં જ વાગે એવો બંદોબસ્ત કરો. રાજમહેલને પુષ્પો તેમજ ધજા–પતાકાથી શણગારવાનો હું પોતે હૂકમ આપીશ."

ભાગીરથીના ઓવારાથી લઇ, ઇમામવાડાના વિસ્તીર્ણ મેદાન પર્યંત સુગંધી પાણી છંટાયાં. સારા ય શહેરનાં સ્ત્રી-પુરૂષો તથા બાળકો દીવાળી ઉજવવા આ જ મેદાનમાં એકઠાં થયાં. અહીં જ દીવાળીનો આમોદ–ઉત્સવ કરે એવા આદેશ અપાયા.

મુરશીદ–કુલી–ખાં એમ માનતો હતો કે દીવાળી એ કંઇ એકલા હિંદુઓનો જ ઉત્સવ ન રહેવો જોઈએ. હિંદુ–મુસલમાનો પરસ્પરને ભેટે–પોતાના ભેદ ભૂલી જઇને બંધુની જેમ હળે–મળે એ નિમિત્તે રાજ્યે પોતે આ ઉત્સવનો ઉપયોગ કરી લેવો જોઇએ

નવાબે, દરબારીઓને પોતાનો આશય સમજાવ્યો. દીવાળીના ઉત્સવનો સઘળો ખરચ નવાબ પોતે આપશે એમ પણ જાહેર કર્યું.

કહેવાય છે કે મુરશીદ–કુલી–ખાંએ આ ઉત્સવ અર્થે ઓછામાં ઓછા પાંચ લાખ રૂપીયા ખરચવાનો આદેશ આપ્યો હતો. નવાબના હેતુ તરફ દૃષ્ટિ રાખી કોઈ હિંદુ આગેવાને એનો વિરોધ ન કર્યો.

( ૫ )

તારાબાઇને એ હૂકમ ન ગમ્યો. દીવાળીના દિવસે ઘરમાં દીવો ન થાય એ વાત સાંભળી, જાણે હૈયામાં તીર ભોંકાયું હોય એવી વેદના થઈ. દીવાળી કંઇ રોજ રોજ થોડી આવે છે ? હિંદુઓ તો ઠીક પણ જૈન સમાજ જે રાત્રીને, ભગવાન મહાવીરના નિર્વાણની પરમ પાવનકારી રાત્રી માને છે–દીપમાળા પ્રકટાવી ભગવાન મહાવીરના નામના જાપ જપે છે તેમને આ આદેશથી કેટલું દુઃખ થતું હશે, એની કલ્પના નવાબ શી રીતે કરી શકે ?”

કોઇ દિવસ નહીં સમજાઇ હોય એટલી દેશની પરાધીનતાની વ્યથા તે દિવસે તારાબાઇને સમજાણી. હિંદુ કે જૈન પોતાના ઘરમાં ઉત્સવને દિવસે એક દીપક પણ ન પ્રકટાવી શકે એ કેટલી પરાધીનતા ? ગુલામો પણ એવી પરવશતા નહીં ભોગવતાં હોય ? મુરશીદ–કુલી–ખાં ભલે જન્મે હિંદુ હોય, પણ એ મુસલમાનોના સહવાસમાં સાચા હિંદુનું હૃદય ખોઈ બેઠો છે, નહિંતર હિંદુ–મુસલમીન ઐક્યના બ્હાને આવો

ગુલામી હુકમ ન કહાડે, અને આ હિંદુનાયકોને પણ શું કહેવું ? શા સારૂ એમણે એ હુકમનો વિરોધ ન કર્યો ? હિંદુઓ એટલા બધા ગુલામીના પાશમાં ફસાઈ ગયા છે કે એમને આ હૂકમ સાંભળી જરા પણ વ્યથા ન ઉપજી ?

હિંદુ-સમાજની ગુલામી મનોદશા અને નવાબી આદેશના વિષયમાં વિચાર કરતી તારાબાઇ કેટલાક વખત સુધી, ઘરના એક ખૂણામાં બેસી રહી.

જોગાનુજોગ એવો બન્યો કે લલિતાબાઇ એ વખતે બે-જીવી હતી અને એ દીવાળીના અવસરે જ એને પ્રસવની વેદના ઉપજી. તારાબાઈને પણ જાણે કે એક સબળ કારણ મળી આવ્યું. હીરાલાલને નવાબ પાસે જઇ એવી મતલબની અરજ કરવા કહ્યું કે:–" આજ રાત્રે એક જ દીપ પ્રકટાવ-વાની અમને મંજુરી મળવી જોઇએ." એટલું છતાં જો નવાબ કંઇ આનાકાની કરે તો આપણી અત્યારની સ્થિતિ સમજાવી કહેવું કે " પહેલાં જે સોનાનો સર્પાકાર હાર ગુમ થયો હતો તે વખતે આપે જે વચન આપ્યું હતું તે પાળવાનો આ અવસર આવી પહોંચ્યો છે." વિગેરે.

હીરાલાલ, નવાબ પાસે ગયો તો ખરો, પણ અરજ કરતી વેળા એનું હૃદય ધબકતું હતું: રખેને નવાબ અપમાન કરી પાછો વાળે તો ?

પરંતુ રાજમહેલમાંથી જ્યારે તે પાછો ફર્યો ત્યારે એના ચહેરા ઉપર પ્રસન્નતાની જ્યોતિ છવાઈ હતી. તારાબાઈની મન:કામના સફળ થાય એવી એને મંજુરી મળી ચૂકી હતી.

તારાબાઇએ ઘરમાં એક ઘીનો દીપક પ્રકટાવ્યો અને એ જ વખતે લલિતાએ એક પુત્રને જન્મ આપ્યો. તારાબાઈના આનંદની અવધિ ન રહી. પ્રસૂતિ-કાર્ય પૂરૂં કરી, હાથમાં એક ગાગર લઇ, સ્નાનાર્થે તે ભાગીરથીના વહેતા પ્રવાહ તરફ ચાલી નીકળી.

( ૬ )

જગતશેઠના ઘર પાસે જ ભાગીરથીનાં નિર્મલ જળ અહોનિશ વહેતાં હતાં. કિનારે પહોંચતા તારાબાઇને બહુ વાર ન લાગી.

એટલામાં એક ન્હાની નૌકા, બરાબર એ જ કિનારા પાસે આવી ઉભી રહી. નૌકાના આરોહીઓ એક પછી એક ઉતરી પોતપોતાના માર્ગે ચાલ્યા ગયા. સૌની પાછળ એક સુશોભિત વસ્ત્રમાં સજ્જ થએલી-રૂપરૂપના અંબાર સમી એક નારી-મૂર્ત્તિ હળવે રહીને ઉઠી અને કિનારે આવી ચોતરફ જોઈ રહી.

ઝવેરી જ રત્નનું પારખું કરી શકે. તારાબાઇ રત્નને ઓળખતી હતી. આમ સમી સાંજે-આછા અંધકારમાં, એકાકી સ્ત્રીને વિચારનિમગ્ન જોઇને તારાબાઈ એની પાસે ગઇ.

"બ્હેન ! આપ કોણ છો ? આમ એકલા કયાં જાઓ છો ?" ભવોભવના વિયોગ પછી જાણે કે પોતાની સગી બ્હેન મળી હોય એવા ભાવથી પૂછયું.

“બ્હેન ! આપણે બન્ને એક બીજાને બરાબર ઓળખીએ છીએ.” વિરલ હાસ્ય હસતાં નવીન આરોહી–સ્ત્રી બોલી: “સેંકડો પ્રવાસીઓમાંથી કોઈએ નહીં ને તમે જ મને ઓળખી કાઢી, એ જ એમ બતાવે છે કે આપણી વચ્ચે પૂર્વની કઈંક સગાઈ છે.” સૂર્યનાં શાંત કિરણની જેમ એની દંતપંક્તિ ઝળહળી.

“પણ મારા પ્રશ્નનો મને જવાબ ન મળ્યો: આમ ક્યાં જાઓ છો ?” તારાબાઈએ પૂછ્યું.

“અત્યારે તો હું નવાબના મહેલમાં જઈશ.” મશ્કરી કરતી હોય તેમ તે તરૂણીએ જવાબ આપ્યો.

“ બ્હેન ! રાતની વેળાએ એક મુસલમાનને ત્યાં જશો ?” તારાબાઈ વિનવવા લાગી.

“ તને પણ એ જ કોમીવાદનું ગાંડપણ વળગ્યું લાગે છે ! મારે મન તો એવો કોઈ ભેદ નથી. મને જે બોલાવે–આરાધે તેને ત્યાં જવું એ મારી ફરજ છે. મારે તો હિંદુ–મુસલમાન બન્ને પુત્રો છે. અને નવાબ પણ પહેલાં તો હિંદુ જ હતો ને ? આજે પણ દીપમાળાના દિવસે, એક હિંદુને શોભે એવો ઉત્સવ એ કરે છે. મને એને ત્યાં જવામાં શા સારૂ સંકોચ થાય ? ” લક્ષ્મીસ્વરૂપ તરૂણીએ પોતાના આગમનનું રહસ્ય સૂચવ્યું.

તારાબાઈ માર્ગ રોકીને ઉભી રહી. તારાબાઈની આંખમાં સ્નેહ–ભક્તિના અશ્રુ ઉજ્વળ હિરાનાં કણ સરખાં તરી આવ્યાં. એને ખાત્રી થઈ કે આ સાક્ષાત્ લક્ષ્મી દેવી જ છે. તે તરત જ એ દેવીના ચરણ પાસે બેસી પ્રાર્થના કરવા લાગી:

" બ્હેન ! એક વાર મારે ત્યાં પગલા ન કરો ? વર્ષો થયાં હું તમારી જ રાહ જોતી બેસી રહી છું. એકાદ દિવસને માટે આપ અમારા આંગણે ન આવો ?"

સ્થાન, સમય અને સુયોગ્યતાનો અહીં સુવર્ણ-સુગંધ જેવો સંજોગ જોઇ, સૂર્ય પણ પોતાના આછા લાલ-સિંદુરીયા રંગવતી એમનો અભિષેક કરી રહ્યો.

લક્ષ્મીદેવીએ સ્નેહપૂર્વક તારાબાઇને પોતાની સોડમાં લીધી અને કહ્યું કે: " બ્હેન ! નવાબના મહેલમાં જતાં પહેલાં હું તારે ઘેર થોડી વાર જરૂર આવીશ, પણ તું જુએ છે કે આજ પર્વને દિવસે પણ આખા શહેરમાં અંધકાર વ્યાપ્યો છે. સમી સાંજે જાણે કે મધ્ય રાત્રિ થઇ હોય એવો ભયંકર આભાસ મળે છે. મારૂં સ્વાગત કરવા કોઇ તૈયાર નથી. "

" આખું યે શહેર મુસલમાની નવાબની સત્તા નીચે છે: શહેરમાં કયાંય દીવાળી ન ઉજવાય-માત્ર રાજમહેલમાં જ ઉજવાય એવો નવાબનો આદેશ છે; છતાં સામે એક ન્હાના ઘરમાં એક ક્ષીણદીપક જળે છે ! " તારાબાઈએ પોતાના છાપરા તરફ લક્ષ્મીદેવીનું ધ્યાન ખેંચ્યું.

" જે હિંદુ-સમાજ, નવાબના આવા નમાલા હુકમનો પણ વિરોધ કરી શકતો નથી તે સમાજ મારૂં સ્વાગત શી રીતે કરે ? " લક્ષ્મીદેવીના શબ્દોમાં પુણ્યપ્રકોપ પ્રજળી રહ્યો.

" પણ, બ્હેન ! મેં એક કોડીયામાં આછો સરખો દીપક પ્રકટાવ્યો છે. મનમાં ભગવાન મહાવીરના અને ગૌતમસ્વામીનાં

જ ગુણગાન ચાલે છે, માટે ત્યાં આપનાં પાવન પગલાં કાં ન થાય ? ” તારાબાઇએ આડકતરી રીતે પોતાની સ્વાગત સંબંધી તૈયારીઓનો નિર્દેશ કર્યો.

“ ભલે, અહીંથી પહેલાં તારે ત્યાં જઇશ. વધુ નહીં રોકાઉં. તું સ્નાનાદિથી પરવારીને ઝટપટ આવી પહોંચજે.” ગૃહલક્ષ્મી જેવી તારાબાઈની વિનવણી સાક્ષાત્ લક્ષ્મીદેવીએ સ્વીકારી.

તારાબાઇએ આતૂર-નયને લક્ષ્મીદેવીના ફરી એક વાર દર્શન કર્યાં. પોતે માર્ગમાંથી ખસી આઘે ઉભી રહી.

“ પધારો, બ્હેન ! પેલા ઝુંપડામાં-જ્યાં આપના સત્કાર અર્થે બધી તૈયારીઓ કરી રાખી છે ત્યાં આપના પગલાં માંડો. હું થોડી વારમાં આવી પહોંચીશ. ” લક્ષ્મીદેવીને વિદાય આપતાં તારાબાઈ બોલી. લક્ષ્મીદેવીએ જગતશેઠના ઘર તરફ ગતિ કરી.

પાંચ-સાત ડગલાં ભર્યાં હશે એટલામાં કંઇક યાદ આવવાથી તારાબાઈ લક્ષ્મીદેવી પાસે ઉતાવળે ઉતાવળે આવી કહેવા લાગી: “ બ્હેન ! ઉતાવળ કરશો મા. હું પાછી ન આવું ત્યાં સુધી ત્યાં જ રહેજો-બીજે કયાંય ન જશો. ”

લક્ષ્મીદેવીએ આછું મૃદુ હાસ્ય કર્યું. હાસ્યમાં પ્રકટ સમ્મતિનાં ચિન્હો હતાં.

આ તરફ તારાબાઇ ભાગીરથીના પાણીમાં સ્નાન કરવા ઉતરી. પાણીમાં રહી એ વિચારવા લાગી: “ મારા પતિના ગૃહમાં લક્ષ્મીદેવી આસન જમાવીને રહેતાં હોય તો પછી મારે ઉતાવળ કરીને ઘેર પહોંચવાની શી જરૂર છે ? હું ન

આવું ત્યાંસુધી લક્ષ્મીએ, પતિના ઘરમાં જ રહેવાનું વચન આપ્યું છે. હું પાછી જ ન ફરૂં તો ? શું કરૂં ? પાણીમાં ડૂબી જળસમાધિ લઉં ? લક્ષ્મીને ઘેરથી પાછી વાળું ? મારા એકના ભોગે જો આખું કુટુંબ સુખી થતું હોય; વંશ-પરંપરા લક્ષ્મીનો વૈભવ સ્થિર રહેતો હોય તો એની સરખામણીમાં મારા જીવનની શી કીંમત છે ? ગૃહ અને કુટુંબના સુખ–સૌભાગ્ય માટે આત્મબલિદાન આપવાના આવા પ્રસંગ ભાગ્યે જ કોઇ ભાગ્યશાળીને જ મળે છે ! આવો અવસર મારે વ્યર્થ શા માટે જવા દેવો ? ”

તારાબાઇના મ્હોં ઉપર નિશ્ચયબળનો પ્રભાવ વિસ્તર્યો. ગોઠણભર પાણી મૂકી, આગળ કેડભર પાણીમાં જઇ ઉભી રહી. એક વાર પોતાના પતિ અને દીયરના નિવાસસ્થાન તરફ નજર નાંખી લક્ષ્મીની કૃપાથી એ કુટુંબ કેટલું સુખી થશે ? કીર્તિ અને વૈભવની કેવી છોળો ઉડશે ? એ કલ્પનાથી એનો અંતરાત્મા પુલકિત બન્યો.

સાહસભર તે આગળ ચાલી. ભાગીરથીના અગાધ જળમાં હવે તારાબાઈનું માત્ર માથું જ દેખાતું હતું. એક ડગલું આગળ ભરે એટલે ભાગીરથી એને પોતાના ખોળામાં સમાવવા તૈયાર જ હતી.

પતિનું, દીયરનું, કુટુંબનું હિત ચિંતવતી એકક્ષણવાર તે જીવન અને મૃત્યુ વચ્ચે આવી ઉભી રહી. કુટુંબની સુખ-સમૃદ્ધિ આગળ એને પોતાનું જીવન તુચ્છ લાગ્યું. કુટુંબના સુખની વેદી ઉપર તેણીએ પોતાનું જીવન–કુસુમ અર્પી દેવાનો છેલ્લો નિશ્ચય કર્યો. બીજી જ પળે તારાબાઇનો દેહ અદૃશ્ય થયો.

બંગાળ–માતાના દૂધ જેવા નીરમાં તારાબાઈનો દેહ મળી ગયો.

નવાબના રાજમહેલમાં અસંખ્ય દીપકોનો ઉદ્યોત ઝળહળતો હતો : કોઈએ પણ તારાબાઈના આત્મભોગનો અખંડ દીપક ન ભાળ્યો. શરણાઈઓએ દીપોત્સવીનાં ગીત ગાયાં: કોઈએ તારાબાઈની યશગાથા ન ઉચ્ચારી.

વચનથી બંધાયેલી લક્ષ્મી શેઠ હીરાલાલ અને મોતીલાલને ત્યાં રાહ જોતી, શેઠની બંદિવાન બની. ચંચળ ગણાતી લક્ષ્મીને પણ તારાબાઇ જેવી ગૃહલક્ષ્મીના બલિદાનને લીધે અચળ બની શેઠ–કુટુંબમાં રહેવું પડ્યું. થોડા જ સમયમાં શેઠનાં ઘરબાર, અસાધારણ ધન–ધાન્ય–સુવર્ણ–મોતીવડે ઉભરાઇ નીકળ્યા. નવાબે પોતે " જગત્‌શેઠ " ની પદવી આપી, પોતાની પડખે બેસાર્યા. સારા ય દેશમાં જગત્‌શેઠનો યશઃધ્વજ પૂરપૂરી રહ્યો.

પ્લાસીના યુદ્ધ પછી જગત્‌શેઠની બંદીવાન બનેલી લક્ષ્મીએ છેવટે થાકીને વિદાય લીધી. તારાબાઇની વિસ્મૃતિ થતી ગઈ તેમ લક્ષ્મીદેવીના વચનબંધ પણ શિથિલ થતાં ચાલ્યાં.

તારાબાઈએ ભાગીરથીના જળમાં નિજ દેહ મેળવ્યો તેમ જગતશેઠનો મહેલ પણ, જતે દિવસે એ જળપ્રવાહમાં મળી ગયો. જગતશેઠની સત્તા, વૈભવ એ સર્વ સ્વપ્નવત્ બની ગયું !

રહી ગઇ એક સ્મૃતિઃ તારાબાઇ જેવી એક ગૃહલક્ષ્મીના આત્મભોગે એક નિર્ધન, નિઃસહાય કુટુંબને સર્વશ્રેષ્ઠ સ્થાને સ્થાપ્યું. જગતશેઠનો ઇતિહાસ પણ સંસાર કદાચ ભૂલી જશે પણ તારાબાઇની સ્મૃતિ તો યુગ–યુગના અંધકાર વચ્ચે પણ, પેલા દીવાળીના ક્ષીણ દીપકની જેમ ચમકશે.

# કૃપણતા નહીં, પણ ઉદારતા

ધનલક્ષ્મી બ્હેન પોતે શ્રીમંતાઈમાં વસતા. એમનો હાથ ઉદાર હતો. કોઈ પણ ગરીબ કે ગરજુ માણસ એમની પાસેથી નિરાશ બનીને પાછો ન વળે.

ધનલક્ષ્મી બ્હેન એક રીતે જેમ બહુ ઉદાર હતા તેમ બીજી રીતે કેટલાકોને તેઓ કૃપણ જેવા પણ લાગતા, કારણ કે તેઓ પોતાના ઘરનાં વ્યવહારોમાં બહુ જ કરકસરથી રહેતા. એક રાતી પાઈનો તો શું, પણ અનાજના એક કણનો પણ દુરૂપયોગ તેઓ જોઈ શકતા નહીં.

એક દિવસે એક બ્હેનપણીએ એમની એ કંજુસાઈ નજરોનજર નીહાળી, ટીકા કરી કે: “ બ્હેન ! આટલી બધી કૃપણતા, આટલી બધી ચીકાશ શા કામની ! ”

હકીકત એવી હતી કે રસોડામાં બન્ને બ્હેનપણીઓ સાથે ભોજન કરવા બેઠી હતી. ધનલક્ષ્મી બ્હેને જોઇએ તે કરતાં જરા ય વધારે પોતાની થાળીમાં ન લીધું અને જેટલું લીધું

તેટલું–અનાજના એક પણ કણને બગડવા દીધા સિવાય શાંતિથી જમ્યા અને એ પછી પોતાની થાળી ધોઈને પી ગયા.

આ બધું જોઇને, પેલી નવી બ્હેનપણીને આશ્ચર્ય લાગ્યું. આ આહારવિધિમાં એમને, ધનીબ્હેનની કંજુસાઈ દેખાઇ.

ધનીબ્હેને જવાબ આપ્યો: “ બ્હેન! ખરૂં કહો તો આ એક ધાર્મિક આહારવિધિ છે, પણ એમાં મને ઘણો ઊંડો અર્થ રહેલો હોય એમ લાગે છે. કેટલીક પુરાણી વિધિઓમાંથી આજે યુગધર્મને અનુકૂળ નવો અર્થ નીકળી શકે છે. ”

ધનલક્ષ્મી બ્હેન, બહુ ઓછું બોલતા પણ જ્યારે તેઓ બોલતા ત્યારે વિરોધી પણ એમની દલીલ અને શ્રદ્ધાની સચોટતા જોઇ દિગ્મૂઢ બની જતાં.

ધનીબ્હેને કહેવા માંડયું: “ ધાર્મિકતા જવા દો. હું દેશહિતની દૃષ્ટિએ જ એ વાત ચર્ચું છું. આટલી એક વાત આપણે સૌએ યાદ રાખવી જોઇએ કે જે ધાન્ય, ધન અથવા વસ્ત્ર વિગેરે આપણી પાસે છે–આપણી પોતાની માલેકીમાં છે તે બધું આપણું જ છે અને આપણે તેનો દુરૂપયોગ કરવાનો હક્ક ધરાવીએ છીએ એ ભૂત આપણાં ભેજાંમાંથી આપણે હાંકી કાઢવું જોઇએ. અનાજના એક કણ ઉપર, વસ્ત્રના એક તાંતણા ઉપર ખરેખરી રીતે તો આખી દુનીયાની માનવજાતનો હક્ક છે. આપણી પાસે બે પૈસા વધારે થયા એટલે આપણે વસ્તુને વેચાતી લેવાની વધારે શકિત ધરાવતા થયા. હવે, એ રીતે જો પૈસાદારો આખી દુનિયાનું અનાજ ખરીદી લે અને એના બગાડ તરફ લક્ષ ન આપે તો તેઓ પોતાના દેશનું અહિત કરે છે,

અથવા તો પોતાના દેશબંધુઓના મ્હોંમાંથી તેઓ અનાજ ઝુંટવી લે છે એમ ન કહેવાય ? આપણને જેટલું નિર્વાહ માટે જોઇએ તે કરતાં વધુ સંઘરવાનો અને નકામું બગાડવાનો શું હક્ક છે ? ”

ધનલક્ષ્મીની બ્હેનપણી આ વિચારો સાંભળી આશ્ચર્યચકિત બની એમની સામે જોઇ રહી. આ દૃષ્ટિએ એમણે કોઇ દિવસ આ પ્રશ્ન આજસુધી વિચાર્યોજ ન હતો.

ધની બ્હેને આગળ ચલાવ્યું: “ જેને તમે કૃપણતા કહો છો તે જ સાચી રીતે તો ઉદારતા છે. ઘણી બ્હેનો અનાજનો ખૂબ બગાડ કરે છે. એક માણસને જેટલું જોઇએ તે કરતાં ચારગણું રાંધે છે અને રસોડામાં અનાજ બગડે તેને પોતાની શ્રીમંતાઈનું લક્ષણ સમજે છે. ભલે, તમે ભૂખ્યા ન રહો, પણ હું તમને એટલું જ કહેવા માગું છું કે હજારો અને લાખો ભૂખ્યા રહેતા ભાઇઓના મ્હોંમાંથી જે અનાજ તમે પૈસાનાં બળથી પડાવી લો છો તેમાંનો એક કણ પણ બગડવો તો ન જ જોઇએ. ”

જમતી વખતે ધની બ્હેન પોતાના ગરીબ દેશબંધુઓને નથી ભૂલતા એ જોઇ એમની બ્હેનપણીને ધનીબ્હેન માટે બહુમાન ઉપજ્યું.

એ પછી પ્રસંગોપાત બ્હેન ધનલક્ષ્મીએ, આપણા સ્વામીવાત્સલ્યો, નોકારશી અને ન્યાતના વરા જેવાં જમણવારોમાં જે ગંદવાડ થાય છે તેમજ અન્ન વિગેરેનો જે બગાડ થાય છે તે તરફ એ બ્હેનપણીનું લક્ષ ખેંચ્યું.

“ જે ઠેકાણે એક ટંક આવા જમણવારો અપાય છે તે ઠેકાણે જો તમે બીજે દિવસે જઈને ઉભા રહો તો તમને સૂગ ચડ્યા વિના ન રહે.” ધનલક્ષ્મીએ કહ્યું: “ એ પ્રકારના ગંદવાડથી એટલી દુર્ગંધ અને જીવોત્પત્તિ થવા પામે છે કે પોતાના પાડોશીનું હિત ચિંતવનાર અને સર્વ પ્રાણીઓ પ્રત્યે મૈત્રીભાવ ધરાવનાર જૈનને માટે ખરેખર એ અસહ્ય ગણાવું જોઈએ. કદાચ તમે કહેશો કે આપણી અવ્યવસ્થા, આપણી ધમાલ એને માટે જવાબદાર છે, તો હું કહું છું કે એ બધી અવ્યવસ્થામાં આપણો હીસ્સો કંઇ જેવો તેવો નથી. આપણી બ્હેનો જો સ્હેજ ઉદાર દૃષ્ટિથી વિચાર કરતી થાય, નવા યુગના પ્રશ્નો એટલે કે આજની બેકારી, આજીવિકા સંબંધી સંકડામણ વિગેરેનો સ્હેજ તોલ કરવા લાગે તો હું માનું છું કે આપણે આજની ઘણીખરી સમસ્યાઓનો ઉકેલ આણવામાં યથાશકિત સહાયભૂત બની શકીએ.

ધનલક્ષ્મીની બ્હેનપણીના દિલમાં એ વિચારોએ ઊંડી અસર કરી. જેને તે કૃપણતા સમજતી હતી તે ખરી રીતે ધનલક્ષ્મીની ઉદારતા જ હતી એમ તેને લાગ્યું. પોતાને માટે થોડામાં થોડું વાપરવું અને બીજાને માટે બની શકે એટલું બધું રહેવા દેવું એ ઉદારતા છે, એ સૂત્ર એ બ્હેનપણીને પહેલી જ વાર સમજાયું. ઉડાઉગીરી, બગાડ એ કેવળ એક વ્યકિતનો દોષ હોવા છતાં એનાં કડવાં ફળ આખા યે દેશને ચાખવાં પડે છે એ વાત તે દિવસે તેને સમજાઇ.

જે દેશમાં ધનલક્ષ્મી જેવી બ્હેનો મોટી સંખ્યામાં હોય, જે દેશની માતાઓ, બ્હેનો અને પુત્રીઓ પોતાના સુખની

સાથે બીજા કરોડો ભાઇઓનાં સુખ–દુઃખની કાળજી ધરાવતી હોય અને પોતાના કુટુંબ :તથા જ્ઞાતિના દારિદ્ર સાથે દેશના દુઃખ–દારિદ્રયને ટાળવા પ્રયત્ન કરતી હોય, અહોનિશ કાળજી ધરાવતી હોય તે દેશ ખરેખર ધન્ય છે! તે દેશની પુત્રીઓ પણ ખરેખર પ્રશંસાને પાત્ર છે. એવી દેશપુત્રીઓ જેમ ઘરની લક્ષ્મી સ્વરૂપ છે તેમ દેશની વિભૂતિ સ્વરૂપ છે.



## લક્ષ્મીને ઠબકો

ધિક્ રે રત્નાકરની દીકરી
  સ્થિરતાપણુ ડા'પણુ દૂર કરી, ફરતી જ ફરી;
વળી પંડિતને કરી શત્રુ અખંડિત
  મૂર્ખ અપંડિતને જ વરી, તે ઠામ ઠરી.

## લક્ષ્મીનો ઉત્તર

નહીં હું ફરતી, નહીં પંડિત પણુ રિપુ,
  મૂર્ખ અપંડિતને ન વરી, ખાંતે જ ખરી;
પણુ પંડિત તો પોસાય, પછી શું ખાય?
  અપંડિત પેટ ભરી, તે દેખી ડરી-

કવિ દલપતરામ

**રહસ્ય—**

આ પદ્યમાં તેના કર્ત્તાએ લક્ષ્મી પ્રાયે મૂર્ખોને ત્યાં વિશેષ હોય છે અને પંડિતો પાસે અલ્પ હોય છે તેનું કારણુ લક્ષ્મીની પાસેજ, બોલાવ્યું છે, તે ખરેખર ધ્યાન આપવા યોગ્ય છે.

